**इन्द्रियाणि हयानाहुर्विषया स्तेषु गोचरान् ।**
**आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥ ४ ॥**

मनीषिणः=જ્ઞાનીજન (આ રૂપકમાં), इन्द्रियाणि=ઇંદ્રિયોને, हयान्=ઘોડાઓ, आहुः=કહે છે, (અને) विषयान्=(શબ્દ, રૂપ, સ્પર્શ વગેરે) વિષયોને, तेषु गोचरान्=તે ઘોડાઓને ચાલવાનો માર્ગ (હોવાનું કહે છે), आत्मेन्द्रियमनोयुक्तम्=(તેમ જ) શરીર, ઇંદ્રિય અને મન આ સર્વની સાથે રહેનારો જીવાત્મા જ, भोक्ता=ભોક્તા છે, इति आहुः=એમ કહે છે. ૪

**વિવેકી પુરુષ ઇંદ્રિયોને ઘોડારૂપે જણાવે છે ને તેમની ઘોડારૂપે કલ્પના કરવામાં આવતાં વિષયોને તેમના માર્ગ હોવાનું કહે છે ને શરીર, ઇંદ્રિય તેમ જ મનથી યુક્ત આત્માને ભોક્તા કહે છે. ૪**

**भाष्य :** રથની કલ્પના કરવામાં કુશળ પુરુષોએ ચક્ષુ વગેરે ઇંદ્રિયોને ઘોડાઓ કહ્યા છે; કેમ કે (ઇંદ્રિય અને ઘોડાઓની અનુક્રમે) શરીર અને રથને ખેંચવામાં સમાનતા છે. આ પ્રમાણે તે ઇંદ્રિયોને ઘોડારૂપે કલ્પવામાં આવતાં રૂપ વગેરે વિષયોને તેમના માર્ગ જાણો. શરીર, ઇંદ્રિય અને મન સહિત અર્થાત્ તેમનાથી યુક્ત આત્માને વિવેકી પુરુષો 'આ ભોક્તા-સંસારી છે' એમ કહે છે. કેવલ (શુદ્ધ) આત્મા તો ભોક્તા નથી; તેનું ભોક્તૃત્વ તો બુદ્ધિ વગેરે ઉપાધિને લીધે જ છે, એવી જ રીતે 'જાણે ધ્યાન કરતો હોય તેમ, ચેષ્ટા કરતો હોય તેમ' વગેરે એક બીજી શ્રુતિ પણ કેવળ આત્માનું અભોક્તૃત્વ જ દેખાડે છે. એમ હોય તો જ રથના રૂપકથી તે વૈષ્ણવ પદની હવે પછી કહેવામાં આવનારી આત્મભાવથી પ્રાપ્તિ થવાનું સંભવી શકે છે, બીજી કોઈ રીતે સંભવતું નથી; કારણ કે સ્વભાવ ક્યારેય બદલાતો નથી.

## અવિવેકીની વિવશતા

**यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा ।**
**तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥५॥**

यः सदाः=જે હમેશાં, अविज्ञानवान्=વિવેકહીન બુદ્ધિવાળો, तु=અને अयुक्तेन मनसा=વશમાં નહીં એવા ચંચળ મનથી ( યુક્ત ), भवति=રહે છે, तस्य=તેની, इन्द्रियाणि=ઇંદ્રિયો, सारथिः=અસાવધાન સારથિના, दुष्टाश्वाः इव=દુષ્ટ ઘોડાઓની પેઠે, अवश्यानि=વશમાં ન રહેનારી, ( भवन्ति )=થઈ જાય છે. ૫

**પરંતુ જે ( બુદ્ધિરૂપી સારથિ ) હમેશાં અવિવેકી અને અવશ ચિત્તવાળો અર્થાત્ ચંચળ મનવાળો રહે છે તેને અધીન ઇંદ્રિયો રહેતી નથી. દુષ્ટ ઘોડાઓ જેમ અસાવધાન સારથિને અધીન રહેતા નથી તેમ ઇંદ્રિયરૂપી ઘોડાઓ પણ અસંયત ચિત્તવાળાના કબજામાં રહેતા નથી. ૫**

**ભાષ્ય :** પરંતુ એમ થતાં જે બુદ્ધિરૂપ સારથિ અવિજ્ઞાનવાન–અકુશલ અર્થાત્ રથ ચલાવવામાં નિપુણ ન હોય તેવા અન્ય સારથિની પેઠે ( ઇંદ્રિયરૂપી ઘોડાઓની ) પ્રવૃત્તિ–નિવૃત્તિના વિવેકથી રહિત હોય, જે લગામરૂપી અમિત ચિત્તથી યુક્ત હોય તેવા અકુશલ બુદ્ધિરૂપ સારથિના ઇંદ્રિયરૂપી ઘોડાઓ ( રથાદિ હાંકનારા ) બીજા સારથિના દુષ્ટ એટલે બેકાબૂ ઘોડાઓની સમાન કબજામાં ન રાખી શકાય તેવા થઈ જાય છે. ૫

## વિવેકીની સ્વાધીનતા

**यस्तु विज्ञानवान्भवति युक्तेन मनसा सदा ।**
**तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥६॥**

तु यः सदाः=પરંતુ જે સદા, विज्ञानवान्=વિવેકયુક્ત બુદ્ધિવાળો

( અને ) युक्तेन=વશમાં કરાયેલા, मनसा=મનથી સંપન્ન, भवति=રહે છે, तस्य=તેની, इन्द्रियाणि=ઇંદ્રિયો, सारथेः=સાવધાન સારથિના, सदश्वाः इव=સારા ઘોડાઓની પેઠે, वश्यानि=વશમાં ( भवन्ति ) રહે છે. ૬

પરંતુ જે ( બુદ્ધિરૂપી સારથિ ) કુશળ અને વિવેકયુક્ત બુદ્ધિવાળો અને સ્વાધીન મનવાળો રહે છે, તેની ઇંદ્રિયો સાવધાન સારથિના સારા ઘોડાઓની પેઠે વશમાં રહે છે. ૬

**ભાષ્ય :** પરંતુ જે ( બુદ્ધિરૂપી સારથિ ) ઉપર કહેલા સારથિથી વિપરીત રીતે વિજ્ઞાનવાન ( કુશળ )–મનને કબજામાં રાખનારો અર્થાત્ સંયતચિત્ત હોય છે. તેની અશ્વરૂપી ઇંદ્રિયો પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં સારથિને માટે સારા ઘોડાઓની જેમ સમર્થ હોય છે. ૬

## અવિવેકીને સંસારપ્રાપ્તિ

**यस्त्वविज्ञानवान्भवत्यमनस्कः सदाऽशुचिः ।**
**न स तत्पदमाप्नोति स ंसारं चाधिगच्छति ॥ ७ ॥**

यः तु सदा=જે કોઈ હમેશાં, अविज्ञानवान्=વિવેકહીન બુદ્ધિવાળો, अमनस्कः=અસંયતચિત્ત, ( અને ) अशुचिः=અપવિત્ર, भवति=રહે છે, सः तत्पदम्=તે તે પરમ પદને, न आप्नोति=પામી શકતો નથી, च=પણ, संसारम् अधिगच्छति વારંવાર જન્મમૃત્યુરૂપ સંસારચક્રમાં જ ભટક્યા કરે છે. ૭

પરંતુ જે મનુષ્ય વિવેકહીન બુદ્ધિવાળો અને અવશ મનવાળો થઈ હમેશાં અપવિત્ર રહે છે, તે મનુષ્ય તે પરમ પદને મેળવી શકતો નથી. પણ વારંવાર જન્મમૃત્યુરૂપ સંસારચક્રમાં જ ભટક્યા કરે છે. ૭

**ભાષ્ય :** ઉપર કહેલા અવિજ્ઞાનવાન બુદ્ધિરૂપી સારથિવાળા રથીને માટે શ્રુતિ આ ફળ બતાવે છે : પણ જે અવિજ્ઞાનવાન, અમનસ્ક અર્થાત્ અવશ મનવાળો હોય છે ને એટલા માટે જ હમેશાં

અપવિત્ર રહે છે તે એવા સારથિથી તે (જીવરૂપ) રથી ઉપર કહેલા તે અક્ષર પરમ પદને પ્રાપ્ત કરી શકતો નથી. વળી તે કૈવલ્યને પામતો નથી એટલું જ નહીં પણ જન્મમરણરૂપ જ સંસારને વારંવાર પામ્યા કરે છે. ૭

## વિવેકીને પરમ પદની પ્રાપ્તિ

**यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।**
**स तु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते ॥८॥**

तु यः सदा=પરંતુ જે હમેશાં, विज्ञानवान्=વિવેકશીલ બુદ્ધિથી યુક્ત, समनस्कः=સંયતચિત્ત (અને), शुचिः=પવિત્ર, भवति=રહે છે; सः तु=તે તો, तत्पदम्=તે પરમ પદને, आप्नोति=પ્રાપ્ત કરી લે છે, यस्मात् भूयः=જ્યાંથી ફરી, न जायते=જન્મ પામતો નથી. ૮

**પરંતુ જે વિવેકશીલ બુદ્ધિવાળો, સંયત ચિત્તવાળો અને હમેશાં પવિત્ર રહેનારો છે તે તો તે પરમ પદને પ્રાપ્ત કરી લે છે કે જ્યાંથી તે ફરી જન્મ પામતો નથી. ૮**

**ભાષ્ય :** પરંતુ જે બીજો રથી અર્થાત્ વિદ્વાન વિવેકશીલ-કુશળ સારથિથી યુક્ત, સમનસ્ક—યુક્તચિત્તવાળો અને હમેશાં પવિત્ર રહેનારો હોય છે તે તો તેજ પરમ પદને પ્રાપ્ત કરી લે છે કે જે પ્રાપ્ત થયેલા પદથી તે ચ્યુત થતો નથી ને ફરીથી સંસારમાં આવતો નથી. ૮

**विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।**
**सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥९॥**

यः नरः=જે (કોઈ) માણસ, विज्ञानसारथिः तु=વિવેકશીલ બુદ્ધિરૂપ સારથિથી સંપન્ન (અને), मनः प्रग्रहवान्=મનરૂપ લગામને વશમાં રાખનારો છે, सः=તે, अध्वनः=સંસારમાર્ગની, पारम्=પાર પહોંચીને,

विष्णोः=પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનના. तत् परमं पदम्=તે પરમ પદને, आप्नोति=પામે છે. ૯

જે કોઈ માણસ વિવેકશીલ બુદ્ધિરૂપ સારથિથી યુક્ત તથા મનને વશમાં રાખનારો હોય છે, તે સંસારમાર્ગને પાર કરીને તે વિષ્ણુ( વ્યાપક પરમાત્મા )ના પરમ પદને પ્રાપ્ત કરે છે. ૯

भाष्य : તે પદ શું છે? તે પદ કહે છે: ઉપર કહેલો વિદ્વાન પુરુષ વિવેકયુક્ત બુદ્ધિરૂપ સારથિથી યુક્ત હોઈ મનના નિગ્રહવાળો હોય છે તે પવિત્ર છે; તે સંસારથી પર એટલે કે અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય પરમાત્માને પ્રાપ્ત કરે છે; અર્થાત્ સંપૂર્ણ સંસારબંધનોથી મુક્ત થઈ જાય છે. તે વિષ્ણુ અર્થાત્ વાસુદેવ નામના સર્વવ્યાપક પરબ્રહ્મ પરમાત્માનું જે પરમ–પદ–ઉત્કૃષ્ટ–સ્થાન એટલે કે સ્વરૂપ છે તેને તે વિદ્વાન પ્રાપ્ત કરી લે છે. ૯

## ઇંદ્રિયો કરતાં વિષય વગેરેની શ્રેષ્ઠતા

**इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।**
**मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥ १० ॥**

हि इन्द्रियेभ्यः=કેમ કે ઇંદ્રિયો કરતાં, अर्थाः=શબ્દ વગેરે વિષયો, पराः=બળવાન છે, च=અને, अर्थेभ्यः=શબ્દાદિ વિષયોથી, मनः=મન, परम्=પર (પ્રબળ) છે, तु मनसः=તે મન કરતાં પણ, बुद्धिः=બુદ્ધિ, परा=પર (બળવતી) છે; बुद्धेः (તથા) બુદ્ધિથી, महान् आत्मा=મહાન આત્મા (તે સર્વનો સ્વામી હોવાને લીધે), परः=અત્યંત શ્રેષ્ઠ અને બળવાન છે. ૧૦

કેમ કે ઇંદ્રિયોની અપેક્ષાએ શબ્દ વગેરે વિષયો બળવાન છે અને શબ્દાદિ વિષયોથી મન બળવત્તર છે ને મન કરતાં પણ બુદ્ધિ બળવતી છે તથા બુદ્ધિથી મહાન

આત્મા ( મહત્તત્ત્વ ) અત્યંત શ્રેષ્ઠ અને બલવત્તમ છે. ૧૦

**ભાષ્ય :** હવે જે પરમ પદને મેળવવાનું છે તેનું, સ્થૂળ ઇંદ્રિયોથી શરૂઆત કરીને સૂક્ષ્મત્વના તારતમ્યક્રમથી પ્રત્યગાત્મસ્વરૂપથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ માટે આગળના કથનનો આરંભ કરવામાં આવે છે; ઇંદ્રિયો તો સ્થૂળ છે, તે જે શબ્દસ્પર્શાદિ વિષયો દ્વારા પોતાને પ્રકાશિત કરવા માટે બનાવવામાં આવી છે, તે વિષયો પોતાના કાર્યભૂત ઇંદ્રિયવર્ગથી પર–સૂક્ષ્મ, મહાન તેમ જ પ્રત્યગાત્મસ્વરૂપ છે. તે વિષયોથી પણ પર–સૂક્ષ્મ, મહાન તથા નિત્યસ્વરૂપભૂત મન છે કે જે 'મન' શબ્દનો વાચ્ય અને મનનો આરંભક ભૂતસૂક્ષ્મ છે, કારણ કે સંકલ્પ–વિકલ્પાદિનો આરંભ કરનાર તે જ છે. મનથી પણ પર–સૂક્ષ્મતર, મહત્તર તેમ જ પ્રત્યગાત્મભૂત 'બુદ્ધિ' શબ્દવાચ્ય, અધ્યવસાય (આ આમ જ છે એવા પ્રકારનો નિશ્ચય) વગેરેનો આરંભ કરનાર ભૂતસૂક્ષ્મ છે. તે બુદ્ધિ કરતાં પણ સર્વ પ્રાણીઓથી બુદ્ધિનો પ્રત્યગાત્મભૂત હોવાથી આત્મા મહાન છે; કારણ કે તે સર્વથી મોટો છે; અર્થાત્ અવ્યક્તથી જે સર્વ કરતાં પ્રથમ ઉત્પન્ન થયેલ હિરણ્યગર્ભ તત્ત્વ છે, જે મહાન આત્મા (જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિથી સંપન્ન હોવાને લીધે) બોધાત્મક ને અબોધાત્મક છે તે બુદ્ધિથી પણ પર છે અર્થાત્ મહાન છે, એમ કહેવામાં આવે છે. ૧૦

**महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।**
**पुरुषान्न परं किञ्चित्सा काष्ठा सा परा गतिः ॥ ११ ॥**

महतः=તે જીવાત્માથી, अव्यक्तम्=ભગવાનની માયા, परम्=બલવતી છે, अव्यक्तात्=અવ્યક્ત માયાથી પણ, पुरुषः=પરમ પુરુષ (પરમેશ્વર પોતે), परः=શ્રેષ્ઠ છે, पुरुषात्=પરમ પુરુષ ભગવાનથી, परम्=શ્રેષ્ઠ અને બળવાન, किञ्चित्=કંઈ પણ, न=નથી, सा काष्ठा=તે જ સર્વની પરમ અવધિ (અને) सा परा गतिः=તે જ પરમ ગતિ છે. ૧૧

મહત્તત્ત્વથી અવ્યક્ત (મૂળ પ્રકૃતિ) પર છે અને અવ્યક્તથી પણ પુરુષ પર છે. પુરુષથી પર બીજું કાંઈ જ નથી. તે જ (સૂક્ષ્મત્વની) પરાકાષ્ઠા (મર્યાદા છે, તે જ પરા (ઉત્કૃષ્ટ) ગતિ છે. ૧૧

**ભાષ્ય :** મહત્‌થી પણ પર–સૂક્ષ્મતર, પ્રત્યગાત્મસ્વરૂપ અને સર્વથી મહાન અવ્યક્ત છે. જે અવ્યક્ત સંપૂર્ણ જગતના બીજભૂત, અવ્યક્ત નામરૂપોની સત્તાસ્વરૂપ, સંપૂર્ણ કાર્યકારણ શક્તિનો સમાહાર અર્થાત્ જેનો અવયવ પ્રકટ ન હોય તેવો સમૂહ, અવ્યક્ત, અવ્યાકૃત ને આકાશ વગેરે નામોથી ઓળખાતું તેમ જ વડના ટેટામાંના કણમાં રહેલી વટવૃક્ષની શક્તિની જેમ પરમાત્મામાં ઓતપ્રોત ભાવથી આશ્રિત છે. તે અવ્યક્તની અપેક્ષાએ સર્વ કારણોનું કારણ તથા પ્રત્યગાત્માસ્વરૂપ હોવાથી પુરુષ પર–સૂક્ષ્મતર તેમ જ મહાન છે. આથી જ તે સર્વમાં પૂર્ણરૂપ હોવાને લીધે, 'પુરુષ' કહેવાય છે. તેનાથી બીજું કોઈ વધારે ઉત્કૃષ્ટ છે તે પ્રસંગનું નિવારણ કરતાં કહે છે કે, પુરુષથી પર બીજું કંઈ નથી; કારણ કે ચિદ્ઘનમાત્ર પુરુષથી ભિન્ન બીજી કોઈ વસ્તુ નથી, માટે તે જ સૂક્ષ્મત્વ, મહત્ત્વ અને પ્રત્યગાત્મત્વની પરાકાષ્ઠા–સ્થિતિ અર્થાત્ પર્યવસાન છે. ઇંદ્રિયોથી લઈને આ આત્મામાં જ સૂક્ષ્મત્વ વગેરેની પરિસમાપ્તિ થાય છે; એટલા માટે ગમન કરનારા અર્થાત્ સંપૂર્ણ ગતિઓવાળા સંસારીઓની આ જ પર–ઉત્કૃષ્ટ ગતિ છે. એ 'જેને પામ્યા પછી પાછા ફરતા નથી' આ સ્મૃતિથી સિદ્ધ થાય છે. ૧૧

અહીં શંકા થાય છે કે, જો (પુરુષ પ્રતિ) ગતિ છે તો (ત્યાંથી) આગતિ અર્થાત્ પાછા ફરવું એ પણ હોવું જોઈએ; તો પછી 'જેને મેળવીને ફરીથી જન્મતો નથી' એમ કહેવાય છે તેનું શું ? એનો ઉત્તર એ છે કે, આ દોષ નથી. કારણ કે સર્વનું પ્રત્યગાત્મા હોવાથી આત્માના અવગમન જ લક્ષણવાળી ગતિ કહેવામાં

આવેલ છે, તેમ જ ઇંદ્રિય, મન અને બુદ્ધિથી આત્મા પર છે એમ દર્શાવીને તેનું પ્રત્યગાત્મત્વ નિરૂપ્યું છે; કારણ કે જે ગમનશીલ છે તે તો પોતાના પૃથક્ અનાત્મભૂત તેમ જ અપ્રાપ્ત સ્થાન ભણી જ જતો હોય છે; પરંતુ એનાથી વિપરીત પોતાના તરફ જ આવતો-જતો નથી. આ સંબંધમાં 'સંસારમાર્ગથી પાર થવાની ઇચ્છાવાળા પુરુષો માર્ગરહિત હોય છે' વગેરે શ્રુતિ પણ પ્રમાણ છે. વળી આગળની શ્રુતિ પણ પુરુષ જ સર્વનો પ્રત્યાગાત્મા છે, એમ દર્શાવે છે.

## આત્મા સૂક્ષ્મબુદ્ધિગ્રાહ્ય છે

**एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते ।**
**दृश्यते त्वग्र्यया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥ १२॥**

एषः आत्मा=આ સર્વનો આત્મરૂપ પરમપુરુષ, सर्वेषु भूतेषु=સર્વ પ્રાણીઓમાં રહેતો હોવા છતાંય; गूढः=માયાના પડદામાં છુપાયેલો હોવાને લીધે, न प्रकाशते=પ્રત્યક્ષ થતો નથી, तु सूक्ष्मदर्शिभिः=કેવળ સૂક્ષ્મતત્ત્વોને સમજનારા પુરુષો વડે જ, सूक्ष्मया अग्र्यया बुद्धया=અતિસૂક્ષ્મ તીક્ષ્ણ બુદ્ધિથી, दृश्यते=જોવામાં આવે છે. ૧૨

**સર્વ ભૂતોમાં રહેતો હોવા છતાંય છુપાયેલો આ આત્મા પ્રત્યક્ષ થતો નથી. આ તો કેવળ સૂક્ષ્મ તત્ત્વોને જોનારા પુરુષોથી જ પોતાની તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી જ જોઈ શકાય છે. ૧૨**

**ભાષ્ય :** આ પુરુષ બ્રહ્માથી લઈને સ્તંબ પર્યંત સર્વ ભૂતોમાં છુપાયેલો, દર્શન-શ્રવણ વગેરે કર્મ કરનારો તથા અવિદ્યા અર્થાત્ માયાથી ઢંકાયેલો છે, એથી સર્વના અંતરાત્મસ્વરૂપ હોઈને આત્મા કોઈ પ્રતિ પ્રકાશિત થતો નથી. અહો! આ માયા ઘણી જ ગંભીર, દુર્ગમ અને વિચિત્ર છે કે, જેથી સંસારના આ સર્વ જીવો વસ્તુતઃ પરમાર્થસ્વરૂપ હોવા છતાંય (શાસ્ત્ર અને આચાર્ય દ્વારા) તેવો બોધ કરાવવામાં આવતાં 'હું પરમાત્મા છું' આ તત્ત્વને ગ્રહણ કરતા નથી,

બલ્કે જે દેહ અને ઇન્દ્રિયાદિ સમૂહ ઘડા વગેરેની જેમ દશ્યમાન છે તેમને, કોઈએ ન કહ્યા છતાંય 'હું તેનો પુત્ર છું' આ પ્રમાણે આત્મભાવથી ગ્રહણ કરે છે. ખરેખર તે પરમાત્માની માયાથી આ સર્વ જગત અત્યંત ભ્રાંત થઈ રહ્યું છે. 'યોગમાયાથી વીંટળાએલો હું સર્વ પ્રતિ પ્રકાશિત થતો નથી' એવી જ આ સ્મૃતિ પણ છે.

અહીં એવી શંકા થાય છે કે, 'તેને જાણીને પુરુષ શોક કરતો નથી' ને '(તે ગૂઢ આત્મા) પ્રકાશિત અર્થાત્ જ્ઞાત થતો નથી.' આ તો એકબીજાનાથી વિપરીત જ કથન થયું. એનો ઉત્તર આપતાં કહે છે કે, એમ કહેવું બરાબર નથી-વાત એમ નથી. આત્મા અશુદ્ધબુદ્ધિ પુરુષથી જાણી શકાતો નથી. એથી જ કહ્યું છે કે 'તે પ્રકાશિત અર્થાત્ જ્ઞાત થતો નથી.' તે તો સંસ્કારયુક્ત અને તીક્ષ્ણ-ધારદાર અણીની જેમ સૂક્ષ્મ તેમ જ એવી એકાગ્રતાથી યુક્ત અને સૂક્ષ્મ વસ્તુના નિરીક્ષણમાં લાગેલ તીવ્ર બુદ્ધિથી જ જોવામાં આવે છે. કોને દેખાય છે? (એ વિષે કહે છે:) સૂક્ષ્મદર્શીઓને. 'ઇન્દ્રિયો કરતાં તેમના વિષયો સૂક્ષ્મ છે' વગેરે પ્રકારથી સૂક્ષ્મતાની પરંપરાનો વિચાર કરવાથી જેમનો પર-અર્થાત્ સૂક્ષ્મ વસ્તુને જોવાનો સ્વભાવ પડી ગયો છે તેઓ સૂક્ષ્મદર્શી છે. તે સૂક્ષ્મદર્શી પંડિતોને તે દેખાય છે. આ એનો ભાવાર્થ છે. ૧૨

હવે તેની પ્રાપ્તિનો ઉપાય કહે છે:

**यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ।**
**ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥१३॥**

**प्राज्ञः**=બુદ્ધિમાન સાધક; **वाक्**=(પ્રથમ) વાણી વગેરે (સર્વ ઇન્દ્રિયો)નો, **मनसी** (छान्दसं दैर्घ्यम् अन्यथा 'मनसि' છાન્દસ પ્રયોગ હોવાને લીધે मनसी એવો દીર્ઘ ઈકારાન્ત સપ્તમી એકવચનમાં પ્રયોગ થયેલ છે. અન્યથા લૌકિક વ્યાકરણમાં 'मनसि' એવો હ્રસ્વ ઇકારાન્ત જ સાધુ પ્રયોગ છે)=મનમાં, **यच्छेत्**=નિરોધ કરવો; **तत्**=તે મનને=**ज्ञाने**

आत्मनि=જ્ઞાનસ્વરૂપ બુદ્ધિમાં, 'यच्छेत' વિલીન કરવું; ज्ञानम् જ્ઞાન-સ્વરૂપ બુદ્ધિને, महति आत्मनि=મહાન આત્મામાં, नियच्छेत्=વિલીન કરવી; (અને) तत्=તેને, शान्ते आत्मनि=શાંતસ્વરૂપ પરમ પુરુષ પરમાત્મામાં, यच्छेत्=વિલીન કરવો. ૧૩

**બુદ્ધિમાન સાધકે વાણી વગેરે સર્વ ઇંદ્રિયોનો મનમાં નિરોધ કરવો; તે મનને જ્ઞાનસ્વરૂપ બુદ્ધિમાં વિલીન કરવું; બુદ્ધિનો મહત્તત્ત્વમાં લય કરવો અને મહત્તત્ત્વને શાંત સ્વરૂપ પરમાત્મામાં નિયુક્ત કરવું. ૧૩**

**ભાષ્ય :** વિવેકી પુરુષ 'यच्छेत' અર્થાત્ નિયુક્ત કરે–ઉપસંહાર કરે. કોનો ઉપસંહાર કરે? વાક્ અર્થાત્ વાણીનો. અહીં વાક્ સર્વ ઇંદ્રિયોના ઉપલક્ષણાર્થે છે. (અર્થાત્ વાણીથી સર્વ ઇંદ્રિયો ગ્રહણ કરવી) ક્યાં ઉપસંહાર કરવો? મનમાં. 'मनसी' પદમાં હ્રસ્વ ઇકારના સ્થાનમાં દીર્ઘ ઈકારનો પ્રયોગ છાંદસ છે. પછી તે મનને જ્ઞાન અર્થાત્ પ્રકાશ સ્વરૂપ બુદ્ધિમાં–આત્મામાં લીન કરવું. બુદ્ધિ જ મન વગેરે ઇંદ્રિયોમાં વ્યાપ્ત છે તેથી તે તેમનો આત્મા–પ્રત્યક્સ્વરૂપ છે, ને જ્ઞાનસ્વરૂપ બુદ્ધિને પ્રથમ વિકારરૂપ મહાન આત્મામાં લીન કરવી અર્થાત્ પ્રથમ ઉત્પન્ન થયેલા મહત્તત્ત્વની સમાન સ્વચ્છ સ્વભાવવાળા આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું; અને મહાન આત્માને કે જેનું સ્વરૂપ સર્વ વિશેષોથી રહિત છે ને જે અવિક્રિય, સર્વાન્તર તેમ જ બુદ્ધિના સંપૂર્ણ પ્રત્યયોના (જ્ઞાનના) સાક્ષી છે તેને મુખ્ય આત્મામાં લીન કરવો. ૧૩

મૃગજળ, રજ્જુ અને આકાશના સ્વરૂપનું જ્ઞાન થવાથી જેવી રીતે મૃગજળ, રજ્જુ–સર્પ અને આકાશના મલિનપણાની નિવૃત્તિ થઈ જાય છે તેવી જ રીતે મિથ્યા જ્ઞાનથી જણાતા સમસ્ત પ્રપંચ એટલે નામ, રૂપ અને કર્મ આ ત્રણેને,–જે ક્રિયા, કારક અને ફળ-રૂપ જ છે,–તેને સ્વાત્મતત્ત્વના યથાર્થ જ્ઞાન વડે પુરુષ અર્થાત્ આત્મામાં લીન કરીને મનુષ્ય સ્વસ્થ, પ્રશાંતચિત્ત તેમ જ કૃતકૃત્ય થઈ જાય

છે. આમ છે તેથી તેનો સાક્ષાત્કાર કરવા માટે :

## ઉદ્‌બોધન

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।**
**क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥**

उत्तिष्ठत=( હે મનુષ્યો ! ) ઊઠો. जाग्रत=જાગો ( સાવધાન થઈ જાઓ અને ), वरान् प्राप्य=શ્રેષ્ઠ મહાપુરુષોને પામીને તેમની પાસે જઈને (તેમના દ્વારા), निबोधत તે પરબ્રહ્મ પરમેશ્વરને જાણી લો; ( કેમ કે ) कवयः=ત્રિકાલને જાણનારાઓ, तत् पथः=તે તત્ત્વજ્ઞાનના માર્ગને, क्षुरस्य=છરાની, निशिता दुरत्यया=તીક્ષ્ણ કરેલી દુસ્તર, धारा ( इव )= ધાર જેવો, दुर्गम्=દુર્ગમ ( અત્યંત કઠણ ), वदन्ति=કહે છે. ૧૪

( અવિદ્યાથી ઘેરાયેલા હે મનુષ્યો ! ) ઊઠો, (અજ્ઞાન-નિદ્રામાંથી) જાગો અને શ્રેષ્ઠ મહાપુરુષોની સમીપ જઈ જ્ઞાન પ્રાપ્ત કરો, પરબ્રહ્મ પરમેશ્વરને જાણી લો; કેમ કે તત્ત્વજ્ઞાનીઓ તે માર્ગને છરાની તીક્ષ્ણ કરેલી દુસ્તર ધાર જેવો અત્યંત દુર્ગમ હોવાનું કહે છે. ૧૪

**ભાષ્ય :** અનાદિ અવિદ્યાથી સૂતેલા હે જીવો ! ઊઠો, આત્મ-જ્ઞાન પ્રત્યે વળો અને ઘોરરૂપ અજ્ઞાન-નિદ્રામાંથી જાગો. સઘળા અનર્થોના કારણરૂપ તે અજ્ઞાન-નિદ્રાનો ક્ષય કરો.

કઈ રીતે (ક્ષય કરીએ ?) શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ આત્મજ્ઞાની આચાર્યોની પાસે જઈને-તેમની સમીપ પહોંચીને તેમણે ઉપદેશેલા સર્વાન્તર્યામી આત્માને ‘ હું છું ’ એમ જાણો. તેની ઉપેક્ષા ન કરવી જોઈએ—એમ માતાની પેઠે શ્રુતિ અનુકંપાપૂર્વક કહી રહેલ છે; કેમ કે તે જ્ઞેય પદાર્થ અત્યંત સૂક્ષ્મ બુદ્ધિનો વિષય છે. સૂક્ષ્મ બુદ્ધિ કેવી હોય છે તે વિષે કહે છે : નિશિત અર્થાત્ તીક્ષ્ણ કરેલા છરાની ધાર જેવી

રીતિ દુરત્યયા એટલે મુશ્કેલીથી પાર કરી શકાય તેવી હોય છે. એ ધાર પર ખુલ્લા પગથી ચાલવું જેમ અત્યંત કઠણ છે, તેવી જ રીતે આ આત્મજ્ઞાનના માર્ગ ઘણો દુર્ગમ અર્થાત્ દુષ્પ્રાપ્ય છે–એમ કવિ અર્થાત્ મેધાવી પુરુષો કહે છે. કહેવાનો આશય એ છે કે, જ્ઞેય અત્યંત સૂક્ષ્મ હોવાને લીધે તેની સાથે સંકળાયેલા જ્ઞાનમાર્ગને મનીષીઓ દુષ્પ્રાપ્ય હોવાનું કહે છે. ૧૪

તો પછી એ જ્ઞેયની અત્યંત સૂક્ષ્મતા શાથી છે? એ પર કહે છે: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ( આ પાંચ વિષયો )થી વૃદ્ધિને પામેલી તેમ જ સર્વ ઇંદ્રિયોની વિષયભૂત આ પૃથ્વી સ્થૂળ છે તેવું જ શરીર પણ છે. તેઓમાં ગંધાદિ ગુણોમાંથી એક એકનો અપકર્ષ–ક્ષય થવાથી જલથી લઈ આકાશ સુધી ચાર ભૂતોમાં સૂક્ષ્મત્વ, મહત્ત્વ, વિશુદ્ધત્વ અને નિત્યત્વ વગેરેનું તારતમ્ય જોવામાં આવ્યું છે; પરંતુ સ્થૂળ હોવાને લીધે જ્યાં ગંધથી લઈ શબ્દ સુધીના આ બધા વિકારો નથી તેના સૂક્ષ્મત્વ વગેરેની નિરતિશયતા વિષે શું કહેવું? આ જ વાત આગળની શ્રુતિ દર્શાવે છે:

## નિર્વિશેષ આત્મજ્ઞાનથી અમૃતત્વની પ્રાપ્તિ

**अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत् ।**
**अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥**

यत्=જે, अशब्दम्=શબ્દરહિત, अस्पर्शम्=સ્પર્શથી રહિત, अरूपम्=રૂપરહિત, अरसम्=રસરહિત, च=અને अगन्धवत्=ગંધ વગરનો છે, तथा=તેમ જ (જે), अव्ययम्=અવિનાશી, नित्यम्=નિત્ય, अनादि=આદિરહિત, अनन्तम्=અંતરહિત (અસીમ), महतः परम्=મહાન આત્માથી શ્રેષ્ઠ (તેમ જ), ध्रुवम्=સર્વથા સત્ય તત્ત્વ છે, तत्=તે પરમાત્માને, निचाय्य=જાણીને (માણસ), मृत्युमुखात्=મૃત્યુના મુખથી, प्रमुच्यते=હમેશ માટે છૂટી જાય છે. ૧૫

**જે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રસરહિત અને ગંધ વગરનો છે, તેમ જ જે અવિનાશી, નિત્ય, આદિરહિત, અંતરહિત—અસીમ, મહાન, આત્માથી પણ પર અને સર્વથા સત્ય તત્ત્વ છે તે પરમાત્માને જાણીને માણસ મૃત્યુના મુખથી હંમેશને માટે છૂટી જાય છે. ૧૫**

**ભાષ્ય :** જે અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય તથા અરસ, નિત્ય અને ગંધરહિત હોવાનું વર્ણવાય છે તે બ્રહ્મ અવિનાશી છે; કેમ કે જે પદાર્થ શબ્દાદિથી યુક્ત હોય છે તેનો જ વ્યય થાય છે—ક્ષય થાય છે; પરંતુ આ બ્રહ્મ તો શબ્દાદિ વિષયોથી રહિત હોવાને લીધે અવ્યય છે, એનો વ્યય—ક્ષય થતો નથી તેથી આ નિત્ય પણ છે; કારણ કે જેનો વ્યય થાય છે તે અનિત્ય છે. એનો વ્યય થતો નથી તેથી આ નિત્ય છે. આ અનાદિ અર્થાત્ જેનું આદિ કારણ વિદ્યમાન નથી એવો હોવાથી પણ નિત્ય છે; કેમ કે જે પદાર્થ આદિમાન હોય છે તે કાર્યરૂપ હોવાથી અનિત્ય હોય છે ને પોતાના કારણમાં લીન થઈ જાય છે; જેમ કે પૃથ્વી વગેરે. પરંતુ આ આત્મા તો સર્વનું કારણ હોવાને લીધે અકાર્ય છે ને અકાર્ય હોવાથી નિત્ય છે, એવું કોઈ કારણ નથી કે જેમાં એ લીન થાય.

એવી જ રીતે આ આત્મા અનંત પણ છે. જેનો અંત અર્થાત્ કાર્ય અવિદ્યમાન હોય તેને અનંત કહેવામાં આવે છે. જેવી રીતે ફળ વગેરે કાર્ય ઉત્પન્ન કરવાથી પણ કેળાં વગેરે ઝાડોની અનિત્યતા જોવામાં આવે છે, તે પ્રમાણે બ્રહ્મનું અંતવત્ત્વ જોવામાં આવ્યું નથી. આથી પણ તે નિત્ય છે.

નિત્ય વિજ્ઞપ્તિસ્વરૂપ હોવાને લીધે બુદ્ધિસંજ્ઞક મહત્તત્ત્વથી પણ પર અર્થાત્ ભિન્ન છે; કારણ કે બ્રહ્મ સર્વ ભૂતોનો અંતરાત્મા હોવાથી સર્વનો સાક્ષી છે. આ વાત ઉપર કહેલ 'एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते' વગેરેથી કહેવાઈ જ છે. એ જ છે પ્રમાણે તે ધ્રુવ—કૂટસ્થ નિત્ય છે.

તેની નિત્યતા પૃથ્વી વગેરેની પેઠે આપેક્ષિક નથી. તે આ પ્રકારના બ્રહ્મ—આત્માને જાણીને પુરુષ મૃત્યુના મુખથી—અવિદ્યા, કામ અને કર્મરૂપ મૃત્યુના પંજાથી મુક્ત થઈ જાય છે—છૂટી જાય છે. ૧૫

હવે પ્રસ્તુત વિજ્ઞાનની સ્તુતિને માટે શ્રુતિ કહે છે:

## પ્રસ્તુત વિજ્ઞાનનો મહિમા

**नाचिकेतमुपाख्यानं मृत्युप्रोक्तꣳसनातनम् ।**
**उक्त्वा श्रुत्वा च मेधावी ब्रह्मलोके महीयते ॥१६॥**

મેધાવી=બુદ્ધિમાન મનુષ્ય, मृत्युप्रोक्तम्=યમરાજ વડે કહેવામાં આવેલા; नाचिकेतम्=નચિકેતાના, सनातनम्=(આ) સનાતન, उपाख्यानम्=ઉપાખ્યાનને. उक्त्वा=વર્ણન કરીને, च=અને, श्रुत्वा=શ્રવણ કરીને, ब्रह्मलोके=બ્રહ્મલોકમાં. महीयते=મહિમાન્વિત થાય છે. (પ્રતિષ્ઠિત થાય છે). ૧૬

યમરાજ વડે કહેવામાં આવેલા ને નચિકેતા વડે પ્રાપ્ત કરાયેલા આ સનાતન ઉપાખ્યાનને કહીને અર્થાત્ તેનું વર્ણન કરીને તથા તેનું શ્રવણ કરીને બુદ્ધિમાન પુરુષ બ્રહ્મલોકમાં મહિમાન્વિત થાય છે—પ્રતિષ્ઠિત થાય છે. ૧૬

**ભાષ્ય**: નચિકેતા દ્વારા પ્રાપ્ત કરાયેલા ને મૃત્યુએ કહેલા આ ત્રણ વલ્લીઓવાળા ઉપાખ્યાનને જે વૈદિક હોવાથી સનાતન—ચિરંતન છે, તેને બ્રાહ્મણોને કહીને તેમ જ આચાર્યો પાસેથી સાંભળી મેધાવી પુરુષ બ્રહ્મલોકમાં—બ્રહ્મ જ લોક છે તેમાં—મહિમાન્વિત થાય છે અર્થાત્ સર્વનું આત્મસ્વરૂપ થઈને ઉપાસનીય બને છે. ૧૬

**य इमं परमं गुह्यं श्रावयेद्ब्रह्मसंसदि ।**
**प्रयतः श्राद्धकाले वा तदानन्त्याय कल्पते ॥**
**तदानन्त्याय कल्पत इति ॥१७॥**

यः=જે માણસ, प्रयतः=સર્વથા શુદ્ધ થઈને, इमम् परमम् गुह्यम्=આ પરમ ગુહ્ય–રહસ્યમય પ્રસંગને, ब्रह्मसंसदि=બ્રાહ્મણોની સભામાં, श्रावयेत्=સંભળાવે છે; वा=અથવા, श्राद्धकाले=શ્રાદ્ધ વખતે, ( श्रावयेत )=(જમનારાઓને) સંભળાવે છે, तत्=(તેનું) તે સંભળાવારૂપ કર્મ, आनन्त्याय कल्पते=અનંત થવામાં (અવિનાશી ફળ આપવામાં) સમર્થ થાય છે; तत् आनन्त्याय कल्पते इति=તે અનંત થવામાં સમર્થ થાય છે. ૧૭

જે માણસ સર્વ રીતે શુદ્ધ થઈને આ પરમ ગુહ્ય પ્રસંગને બ્રાહ્મણોની સભામાં સંભળાવે છે અથવા શ્રાદ્ધ વખતે જમનારાઓને સંભળાવે છે તેનું તે સંભળાવારૂપ કર્મ અવિનાશી ફળ આપવામાં સમર્થ થાય છે, અનંત ફળવાળું થાય છે. ૧૭

**ભાષ્ય :** જે કોઈ પુરુષ આ પરમ–પ્રકૃષ્ટ અને ગુહ્ય–ગોપનીય ગ્રંથને પવિત્ર થઈને બ્રાહ્મણોની સભામાં અથવા શ્રાદ્ધકાળમાં જમનારાને બેઠેલા બ્રાહ્મણોને ગ્રંથ પાઠ કરીને અથવા તેનો અર્થ કરીને સંભળાવે છે તેનું તે શ્રાદ્ધ અનંત ફળવાળું થાય છે. અહીં અધ્યાયની સમાપ્તિ થતી હોવાથી तदानन्त्याय कल्पते આ વાક્ય બે વાર કહેવાયું છે. ૧૭

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલા
કઠોપનિષદ્‌ના પ્રથમ અધ્યાયમાં તૃતીય વલ્લીભાષ્ય સમાપ્ત
કઠોપનિષદ્‌માં પહેલો અધ્યાય સમાપ્ત

## બીજી વલ્લી

### અન્ય પ્રકારથી બ્રહ્મનું અનુસંધાન

**ભાષ્ય :** બ્રહ્મ અત્યંત દુર્વિજ્ઞેય છે, આથી બ્રહ્મતત્ત્વનો ફરીથી બીજી રીતે નિશ્ચય કરવાને માટે આ આગળના ગ્રંથનો આરંભ કરવામાં આવે છે :

**पुरमेकादशद्वारमजस्यावक्रचेतसः ।**
**अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते । एतद्वै तत् ॥**

अवक्रचेतसः=સરલ, વિશુદ્ધજ્ઞાનસ્વરૂપ, अजस्य=અજન્મા પરમેશ્વરનું, एकादशद्वारम्=અગિયાર દ્વારવાળું (મનુષ્યશરીરરૂપ), पुरम्=પુર (નગર), अस्ति=છે. (આ હોય તેવામાં જ) अनुष्ठाय=(પરમેશ્વરનું ધ્યાન વગેરે) સાધન કરીને, न शोचति=(મનુષ્ય) ક્યારેય શોક કરતો નથી, च=એટલું જ નહીં પણ, विमुक्तः=જીવન્મુક્ત થઈને, विमुच्यते=(મરણ પછી) વિદેહમુક્ત થઈ જાય છે, एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા, જેના વિષે તમે પૂછ્યું હતું).૧

તે નિત્યવિજ્ઞાન સ્વરૂપ અજન્મા(આત્મા)નું પુર-નગર અગિયાર દ્વારવાળું છે. તે(આત્મા)નું ધ્યાન કરવાથી મનુષ્ય શોક પામતો નથી, ને (આ શરીરની હયાતીમાં જ કર્મબંધનથી) મુક્ત થયેલો તે મરણ પછી વિદેહ મુક્ત થાય છે. નિશ્ચય આ જ તે (બ્રહ્મ) છે. ૧

**ભાષ્ય :** (આ શરીરરૂપ પુર) પુરની સમાન હોવાથી પુર કહેવાય છે. દ્વારપાલ અને અધિષ્ઠાતા (અધ્યક્ષ) વગેરે અનેક પુર-સંબંધી સામગ્રી દેખાતી હોવાને લીધે શરીર પુર છે; અને જેવી રીતે સર્વ સંબંધી સામગ્રી સહિત પ્રત્યેક પુર પોતાથી અસંહત (પૃથક્) સ્વતંત્ર સ્વામીના ઉપભોગને માટે જોવામાં આવે છે, તેવી જ રીતે પુરની સાથે સાદૃશ્ય હોવાને લીધે આ અનેક સામગ્રીઓથી યુક્ત

અંતરાત્માને જોતો નથી. જેણે અમરત્વની ઇચ્છા કરીને પોતાની ઇંદ્રિયોને બાહ્ય વિષયો તરફથી પાછી ફેરવી લીધી છે એવો કોઈ બુદ્ધિમાન મનુષ્ય જ પ્રત્યગાત્માને જોવા પામે છે. ૧

જે પરાક્ અર્થાત્ બહારની બાજુ અંચન કરે છે—ગમન કરે છે તેમને 'पराञ्चि' (બહાર જનારી) કહે છે. છિદ્રોને 'ખ' કહેવામાં આવે છે. તેમનાથી ઉપલક્ષિત શ્રોત્ર વગેરે ઇંદ્રિયો 'ખાનિ' (નપુંસકલિંગ 'ખ' શબ્દનું પહેલી વિભક્તિનું બહુવચન) કહેવામાં આવી છે, તેઓ બહિર્મુખ થઈને જ શબ્દાદિ વિષયોને પ્રકાશિત કરવા માટે પ્રવૃત્ત થયા કરે છે. તેઓ આવા પ્રકારની હોવાથી સ્વભાવથી જ તેમને હણી નાખવામાં આવી છે. તે (હણી નાખનારો) કોણ છે? સ્વયંભૂ—પરમેશ્વર અર્થાત જે પોતે જ હમેશાં સ્વતંત્ર રહે છે—પરતંત્ર રહેતો નથી. આથી તે ઉપલબ્ધા હમેશાં પરાક્ અર્થાત્ બહિઃસ્વરૂપ અનાત્મભૂત શબ્દાદિ વિષયોને જ જુએ છે. 'नान्तरात्मन्' અર્થાત્ અંતરાત્માને નહીં.

જોકે લોકનો એવો જ સ્વભાવ છે તોપણ કોઈ ધીર—બુદ્ધિમાન વિવેકી પુરુષ જ નદીને તેના પ્રવાહની વિરુદ્ધ દિશામાં ફેરવી નાખવાની પેઠે (ઇંદ્રિયોને વિષયો તરફથી ફેરવી નાખીને) તે પોતાના પ્રત્યગાત્માને (જુએ છે). જે પ્રત્યક્ (સંપૂર્ણ વિષયોને જાણનારો) હોય ને આત્મા પણ હોય તેને પ્રત્યગાત્મા કહેવામાં આવે છે. લોકમાં આત્મા શબ્દ 'પ્રત્યક્'ના અર્થમાં જ રૂઢ છે, બીજા કોઈ અર્થમાં નહીં. વ્યુત્પત્તિ પક્ષમાં પણ 'આત્મા' શબ્દની પ્રવૃત્તિ તે(પ્રત્યક્ અર્થ)માં જ છે, જેમ કે 'કારણ કે આ આ સર્વમાં વ્યાપ્ત છે, ગ્રહણ કરે છે ને આ લોકમાં વિષયોને ભોગવે છે, તેમ જ એનો સર્વદા સદ્ભાવ (અસ્તિત્વ) છે તેથી આ 'આત્મા' કહેવાય છે.' આ પ્રમાણે આત્મા શબ્દની વ્યુત્પત્તિના સંબંધમાં સ્મૃતિ છે.

તે પ્રત્યગાત્માને અર્થાત્ પોતાના સ્વરૂપને 'ऐक्षत' જોયું એટલે જુએ છે. વૈદિક પ્રયોગમાં કાળનો નિયમ ન હોવાથી અહીં વર્તમાન-કાળના અર્થમાં ભૂતકાળના ક્રિયાપદ(ऐक्षत)નો પ્રયોગ થયો છે. તે કઈ રીતે જુએ છે? એ વિષે કહે છે: आवृत्तचक्षुः અર્થાત્ જેણે પોતાનાં ચક્ષુ અને શ્રોત્રાદિ ઇંદ્રિયસમૂહને સર્વ વિષયોમાંથી વ્યાવૃત્ત કરી લીધેલ છે—પાછાં ફેરવી લીધેલ છે, તે આ પ્રમાણે સંસ્કારયુક્ત થયેલો પુરુષ જ તે પ્રત્યગાત્માને જોવા પામે છે. બાહ્ય વિષયોની આલોચનામાં તત્પર રહેવું તથા પ્રત્યગાત્માનો સાક્ષાત્કાર કરવો આ બંને વાતો એક જ પુરુષને માટે સંભવિત નથી. વારુ, તો આ રીતે મહાન પરિશ્રમથી (ઇંદ્રિયોની) સ્વાભાવિક પ્રવૃત્તિને અટકાવીને ધીર પુરુષ પ્રત્યગાત્માને શા માટે જુએ છે, એવી શંકા થતાં કહે છે. 'અમૃતત્વ અમરણધર્મત્વ અર્થાત્ આત્માના નિત્યસ્વભાવતાની ઇચ્છા કરતો (તેને જુએ છે).' ૧

સ્વભાવથી જ જે બાહ્ય અનાત્મદર્શન છે તે જ આત્મદર્શનના પ્રતિબંધની કારણરૂપ અવિદ્યા છે; કારણ કે તે તે(આત્મદર્શન)ની પ્રતિકૂળ છે. એ સિવાય અવિદ્યાને લીધે દેખાતા દૃષ્ટ અને અદૃષ્ટ બાહ્ય ભોગોમાં જે તૃષ્ણા છે તે અવિદ્યા અને તૃષ્ણા બંનેથી જેમનું આત્મદર્શન અટકી રહ્યું છે તેઓ—

## અવિવેકી અને વિવેકીનું અંતર

**पराचः कामाननुयन्ति बालास्ते मृत्योर्यन्ति विततस्य पाशम् ।**
**अथ धीरा अमृतत्वं विदित्वा ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥ २ ॥**

(ये) बालाः=(પરંતુ) જે મૂર્ખ, पराचः कामान्=બાહ્ય ભોગોનું, अनुयन्ति=અનુસરણ કરે છે (ભોગોમાં જ રચ્યાપચ્યા રહે છે), ते=તેઓ, विततस्य=સર્વત્ર ફેલાયેલા, मृत्योः=મૃત્યુના, पाशम्=બંધનમાં, यन्ति=પડે છે; अथ=પણ, धीराः=બુદ્ધિમાન માણસો, ध्रुवम्=નિત્ય,

अमृतत्वम्=અમરપદને, विदित्वा=વિવેક વડે જાણીને. इह=આ જગતમાં, अध्रुवेषु=અનિત્ય ભોગોમાંથી કોઈને ( પણ ), न प्रार्थयन्ते=ઇચ્છતા નથી અર્થાત્ તેમનામાં આસક્ત થતા નથી. ૨

મૂર્ખ માણસો બાહ્ય ભોગોમાં રચ્યાપચ્યા રહી તેમની પાછળ લાગ્યા રહે છે. તેઓ મૃત્યુના સર્વત્ર ફેલાયેલા પાશમાં બંધાય છે–તેમાં પડે છે; પરંતુ વિવેકી પુરુષો અમરત્વને ધ્રુવ (નિશ્ચળ) જાણીને સંસારના અનિત્ય પદાર્થોમાંનો કોઈ પણ પદાર્થ મેળવવાની ઇચ્છા કરતા નથી. ૨

**ભાષ્ય :** બાલ–મંદમતિ પુરુષો પરાક્–બાહ્ય કામનાઓ–કામ્ય વિષયોની પાછળ પડ્યા રહે છે. આથી જ તેઓ અવિદ્યા કામ અને કર્મના સમુદાયરૂપ મૃત્યુએ વિતત પાથરેલા પાશમાં પડે છે. જીવ જેનાથી બંધાય છે તે દેહેન્દ્રિયાદિના સંયોગ–વિયોગરૂપ પાશમાં પડે છે, અર્થાત્ નિરંતર જન્મ, જરા અને રોગ વગેરે અનેક પ્રકારના અનર્થના સમૂહને પ્રાપ્ત થાય છે. આમ છે તેથી ધીર–વિવેકી પુરુષ પ્રત્યગાત્મસ્વરૂપમાં સ્થિતિરૂપ અમૃતત્વને ધ્રુવ ( નિશ્ચળ ) જાણીને; દેવતાઓ વગેરેનું અમૃતત્વ તો અધ્રુવ છે; પરંતુ પ્રત્યગાત્મસ્વરૂપમાં સ્થિતિરૂપ આ અમૃતત્વ 'કર્મથી આ વધતું નથી તેમ ઘટતું પણ નથી' આ ઉક્તિ પ્રમાણે ધ્રુવ છે, આ પ્રકારના અમૃતત્વને કૂટસ્થ અને વિચલિત ન કરી શકાય એવું જાણીને તે બ્રાહ્મણો–બ્રહ્મવેત્તાઓ અનર્થપ્રાય સંસારના સંપૂર્ણ અધ્રુવ–અનિત્ય પદાર્થોમાંથી કોઈની ઇચ્છા કરતા નથી; કારણ કે તે બધા તો પ્રત્યગાત્માનાં દર્શનના વિરોધી જ છે અર્થાત્ તેઓ પુત્ર, વિત્ત અને લોકૈષણાથી દૂર જ રહે છે. ૨

બ્રાહ્મણો–જ્ઞાનીઓ, જેનું જ્ઞાન થઈ જવાથી અન્ય કોઈ વસ્તુની ઇચ્છા નથી કરતા તે બ્રહ્મનો બોધ કઈ રીતે થાય છે, એ વિષે કહે છે :

## આત્મજ્ઞની સર્વજ્ઞતા

**येन रूपं रसं गन्धं शब्दान्स्पर्शांश्च मैथुनान् ।**
**एतेनैव विजानाति किमत्र परिशिष्यते । एतद्वै तत् ।।३।।**

येन=જેના અનુગ્રહથી માણસ, शब्दान्=શબ્દોને, स्पर्शान्=સ્પર્શોને, रूपम्=રૂપસમુદાયને, रसम्=રસસમુદાયને, गन्धम्=ગંધસમુદાયને, च= અને, मैथुनान्=સ્ત્રીપ્રસંગ વગેરે સુખોને, विजानाति=અનુભવે છે (અને) एतेन एव=એના જ અનુગ્રહથી આ પણ જાણે છે કે अत्र किम् =અહીં શું, परिशिष्यते=શેષ રહી જાય છે, एतत् वै=એ જ છે, तत् =તે પરમાત્મા (જેના વિષે તમે પૂછ્યું હતું). ૩

**જે આત્મા દ્વારા મનુષ્ય રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ અને મૈથુનથી ઉત્પન્ન થતા સુખને નિશ્ચયપૂર્વક જાણે છે (તે આત્માથી) અવિજ્ઞેય આ લોકમાં બીજું શું શેષ રહી જાય છે? (તેં નચિકેતાએ પૂછેલું) તે તત્ત્વ નિશ્ચયપણે આ જ છે. ૩**

**भाष्य :** જે વિજ્ઞાનસ્વરૂપ આત્મા દ્વારા રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ અને મૈથુન–મૈથુનજન્ય સુખોને સર્વ લોક સ્પષ્ટ રીતે જાણે છે (તે જ બ્રહ્મ છે). પરંતુ લોકમાં એવી કોઈ વાત જાણીતી નથી અર્થાત એવી કોઈ પ્રસિદ્ધિ નથી કે, હું કોઈ દેહાદિથી ભિન્ન આત્મા દ્વારા જાણું છું. સર્વ લોકો એવું જ સમજે છે કે હું દેહાદિ-સંઘાતરૂપ જ સર્વ કંઈ જાણું છું. એવી શંકાનું સમાધાન કરતાં કહે છે કે, વાત એમ નથી; કારણ કે દેહાદિસંઘાત પણ સમાનરૂપથી શબ્દાદિરૂપ તેમ જ વિજ્ઞેયસ્વરૂપ છે આથી તેને જ્ઞાતા માનવાનું ઉચિત નથી. જો દેહાદિસંઘાતરૂપ રસાદિસ્વરૂપ થઈને પણ રૂપ વગેરેને જાણી લે તો બાહ્યરૂપાદિ પણ પરસ્પર એકબીજાને તેમ જ પોતપોતાના રૂપને જાણી લેશે, પરંતુ આમ નથી એટલા માટે લોકો

દેહાદિસ્વરૂપ રૂપ વગેરેને આ દેહાદિથી ભિન્ન વિજ્ઞાનસ્વભાવ આત્મા વડે જ જાણે છે. જેમ કે લોઢું, જેના વડે એને બાળવામાં આવે છે તેને અગ્નિ કહેવામાં આવે છે તેવી જ રીતે (જેનાથી લોકો દેહાદિ વિષયોને જાણે છે તેને આત્મા કહેવામાં આવે છે). તે આત્માથી જેનું જ્ઞાન ન થાય એવો કોઈ પદાર્થ ભલા, આ લોકમાં રહી જાય છે ખરો ? અર્થાત્ એવો કોઈ પદાર્થ રહી જતો નથી કે જેનું જ્ઞાન આત્માથી ન થાય. સર્વ કંઈ આત્માથી જ જાણી શકાય છે. (આ પ્રમાણે) જે આત્માથી કોઈ પણ વસ્તુ અવિજ્ઞેય રહેતી નથી તે આત્મા સર્વજ્ઞ છે ને આ જ તે છે. તે કોણ છે? જેના વિષયમાં તેં નચિકેતાએ પ્રશ્ન કર્યો છે, જે દેવાદિને પણ સંદેહાસ્પદ છે તેમ જ જે ધર્માદિથી અન્ય વિષ્ણુનું પરમ પદ છે ને જેનાથી શ્રેષ્ઠ બીજું કંઈ પણ નથી તે જે આ (બ્રહ્મપદ) હવે જાણવામાં આવ્યું એવો એનો ભાવાર્થ છે. ૩

તે બ્રહ્મ અતિ સૂક્ષ્મ હોવાને લીધે દુર્વિજ્ઞેય છે એમ માનીને તે જ વાતને ફરીફરીને કહે છે :

## આત્મજ્ઞનું શોકરહિતપણું

**स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति ।**
**महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥ ४ ॥**

स्वप्नान्तम् च=સ્વપ્નનાં દશ્ય અને जागरितान्तम्=જાગ્રત અવસ્થાનાં દશ્યોને, उभौ=આ બંને અવસ્થાઓનાં દશ્યોને (માણસ), येन=જેનાથી, अनुपश्यति=વારંવાર જુએ છે, (तम्)=તે, महान्तम्=સર્વશ્રેષ્ઠ, विभूम्=સર્વવ્યાપી, आत्मानम्=સર્વના આત્માને, मत्वा=જાણીને, धीरः=બુદ્ધિમાન માણસ, न शोचति=શોક કરતો નથી. ૪

**જેના વડે મનુષ્ય સ્વપ્નમાં પ્રતીત થનારાં તેમ જ જાગ્રતમાં દેખાતા બન્ને પ્રકારના પદાર્થોને જુએ છે, તે**

મહાન અને વિભુ આત્માને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી. ૪

**ભાષ્ય :** સ્વપ્નાન્ત—સ્વપ્નનું મધ્ય અર્થાત્ સ્વપ્નાવસ્થામાં જાણવા યોગ્ય તેમ જ જાગરિતાન્ત જાગ્રત-અવસ્થાનું મધ્ય એટલે જાગ્રત અવસ્થામાં જાણવા યોગ્ય આ બંને સ્વપ્ન અને જાગ્રતના અંતર્ગત પદાર્થોને લોકો જે આત્મા દ્વારા જુએ છે (તે જ બ્રહ્મ છે, આ પ્રમાણે) આ વાક્યની બાકીની બધી વ્યાખ્યા પાછલા મંત્રની પેઠે કરવી જોઈએ. તે મહાન અને વિભુ એવા આત્માને જાણીને અર્થાત્ 'તે પરમાત્મા હું જ છું,' એવો આત્મભાવથી સાક્ષાત્ અનુભવ કરીને ધીર-બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી. ૪

વળી—

## આત્મજ્ઞની નિર્ભયતા

**य इमं मध्वदं वेद आत्मानं जीवमन्तिकात् ।**
**ईशानं भूतभव्यस्य न ततो विजुगुप्सते । एतद्वै तत् ॥५॥**

यः=જે માણસ मध्वदम्=કર્મફળ આપનારા, जीवम्=સર્વને જીવન આપનારા, (તેમ જ) भूतभव्यस्य=ભૂત(વર્તમાન) અને ભવિષ્યનું, ईशानम्=શાસન કરનારા, इमम्=આ, आत्मानम्=પરમાત્માને, अन्तिकात् वेद=(પોતાની) સમીપ જાણે છે, ततः (सः)=ત્યાર પછી તે, न विजुगुप्सते=(ક્યારેય) કોઈની નિંદા કરતો નથી, एतत् वै=આ જ (છે), तत्—તે (પરમાત્મા, જેના વિષે તેં પૂછ્યું હતું). ૫

જે પુરુષ આ કર્મફલભોક્તા અને પ્રાણાદિને ધારણ કરનારા આત્માને તેની સમીપમાં રહીને ભૂત, ભવિષ્યત્-(અને વર્તમાન)ના શાસકરૂપે જાણે છે, તે ત્યાર પછી તે (આત્મા)ની રક્ષા કરવાની ઇચ્છા કરતો નથી. ખરેખર આ જ તે (આત્મતત્ત્વ) છે. ૫

ભાષ્ય : જે કોઈ આ મધ્વદ–કર્મફળભોક્તા અને જીવ અર્થાત્ પ્રાણાદિ સમૂહને ધારણ કરનારા આત્માને સમીપથી ભૂત–ભવિષ્યત્ વગેરે ત્રણે કાળોના શાસકરૂપે જાણે છે તે આવું જ્ઞાન થઈ ગયા પછી તે આત્માનું ગોપન–રક્ષણ કરવા ઇચ્છતો નથી; કારણ કે તે અભયને પ્રાપ્ત થઈ જાય છે. ભયની મધ્યમાં રહેલો તે જ્યાં સુધી આત્માને અનિત્ય સમજતો હોય છે, ત્યાં સુધી જ તેની રક્ષા પણ કરવા ઇચ્છતો હોય છે; પરંતુ આત્માને જ્યારે નિત્ય અને અદ્વૈત હોવાનું જાણી લે છે ત્યારે કોણ, કોને, ક્યાંથી સુરક્ષિત રાખવા ઇચ્છે? ખરે જ આ જ તે આત્મતત્ત્વ છે–આ પ્રમાણે પૂર્વવત્ સમજવું જોઈએ. ૫

જે પ્રત્યગાત્માનો અહીં ઈશ્વરભાવથી નિર્દેશ કરવામાં આવ્યો છે, તે સર્વનો અંતરાત્મા છે–આ વાત આ મંત્રથી દેખાડવામાં આવે છે;

## બ્રહ્મજ્ઞને સર્વમાં આત્મદર્શન

**यः पूर्वं तपसो जातमद्भ्यः पूर्वमजायत।**
**गुहां प्रविश्य तिष्ठन्तं यो भूतेभिर्व्यपश्यत। एतद्वै तत्॥**

यः=જે, अद्भ्यः=જળથી, पूर्वम्=પહેલાં, अजायत=હિરણ્યગર્ભ-રૂપથી પ્રકટ થયો હતો, (तम्)=તે, पूर्वम्=સર્વથી પ્રથમ, तपसः जातम्=તપથી ઉત્પન્ન, गुहाम् प्रविश्य=હૃદયગુફામાં પ્રવેશ કરીને, भूतेभिः (सह)=જીવાત્માઓની સાથે, तिष्ठन्तम्=સ્થિત રહેનારા પરમેશ્વરને, यः=જે પુરુષ, व्यपश्यत=જુએ છે (તે જ યોગ્ય રીતે જુએ છે), एतत् वै=આ જ છે, तत् તે (પરમાત્મા, જેના વિષે તમે પૂછ્યું હતું). ૬

જે મુમુક્ષુ પહેલાં તપથી ઉત્પન્ન થયેલા (હિરણ્યગર્ભ)-ને કે જે જળ વગેરે ભૂતોથી પહેલાં ઉત્પન્ન થયેલો છે, ભૂતો સહિત બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત થયેલો જુએ છે. તે જ તે બ્રહ્મને જુએ છે. નિશ્ચય આ જ તે બ્રહ્મ છે. ૬

**ભાષ્ય :** જે કોઈ મુમુક્ષુએ પહેલાં તપથી–જ્ઞાનાદિ લક્ષણ બ્રહ્મથી ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભને, કોના કરતાં પહેલાં ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભને ? એવો પ્રશ્ન ઉદ્ભવતાં કહે છે–જે જળથી પહેલાં અર્થાત્ જળ સહિત પાંચે તત્ત્વો કરતાં પહેલાં. નહિ કે કેવળ જળ કરતાં જ પહેલાં ઉત્પન્ન થયો છે તે પ્રથમ જ (હરિણ્યગર્ભ)ને દેવાદિ શરીરોને ઉત્પન્ન કરીને સંપૂર્ણ પ્રાણીઓની ગુહા–હૃદયાકાશમાં પ્રવિષ્ટ થઈ કાર્ય–કરણરૂપ ભૂતોના સહિત શબ્દાદિ વિષયોનો અનુભવ કરતો જેણે જોયો છે; અર્થાત્ જે આ પ્રમાણે જુએ છે (તે જ વાસ્તવમાં જુએ છે). જે આમ અનુભવે છે તે જ તેને જુએ છે કે આ પ્રકૃત બ્રહ્મ છે. ૬

વળી—

**या प्राणेन संभवत्यदितिर्देवतामयी ।**
**गुहां प्रविश्य तिष्ठन्तीं भूतेभिर्व्यजायत एतद्वै तत् ॥**

या=જે, देवतामयी=દેવતામયી, अदितिः=અદિતિ, प्राणेन=પ્રાણ સહિત, सम्भवति=ઉત્પન્ન થાય છે, या=જે, भूतेभिः=પ્રાણીઓ સહિત, व्यजायत=ઉત્પન્ન થઈ છે, (તેમ જ જે) गुहाम्=હૃદયરૂપી ગુફામાં, प्रविश्य=પ્રવેશ કરીને, तिष्ठन्तीम्=ત્યાં જ રહેનારી છે તેને, (જે પુરુષ જુએ છે તે જ યથાર્થ જુએ છે,) एतत् वै=આ જ છે, तत्=તે, (પરમાત્મા, જેને વિષે તમે પૂછ્યું હતું). ૭

જે દેવતામયી અદિતિ પ્રાણરૂપથી પ્રકટ થાય છે ને જે બુદ્ધિરૂપ ગુહામાં પ્રવિષ્ટ થઈને રહેનારી અને ભૂતોની સાથે જ ઉત્પન્ન થયેલી છે (તેને જુઓ); નિશ્ચય આ જ તે તત્ત્વ છે. ૭

**ભાષ્ય :** જે સર્વદેવતામયી–સર્વદેવસ્વરૂપ અદિતિ પ્રાણ અર્થાત્ હિરણ્યગર્ભરૂપથી પરબ્રહ્મથી ઉત્પન્ન થાય છે. શબ્દાદિ વિષયોનું અદન (ભક્ષણ) કરતી હોવાથી તેને અદિતિ કહેવામાં આવે છે–બુદ્ધિરૂપ

ગુહામાં પૂર્વવત્ પ્રવિષ્ટ થઈને સ્થિત થયેલી તે અદિતિને (જુઓ). તે અદિતિની જ વિશેષતા બતાવે છે—જે ભૂતો સહિત અર્થાત્ ભૂતોથી સમન્વિત જ ઉત્પન્ન થયેલી છે. (તે જ તારું પૂછેલું તત્ત્વ છે). ૭

## અરણિમાં રહેલા અગ્નિમાં બ્રહ્મદૃષ્ટિ

વળી—

**अरण्योर्निहितो जातवेदा गर्भ इव सुभृतो गर्भिणीभिः।**
**दिवे दिव ईड्यो जागृवद्भिर्हविष्मद्‌भिर्मनुष्येभिरग्निः। एतद्वै तत्॥**

(यः)=જે, जातवेदाः=સર્વજ્ઞ, अग्निः—અગ્નિદેવતા, गर्भिणीभिः=ગર્ભિણી સ્ત્રીઓથી, सुभृतः=યોગ્ય ખાનપાન વગેરેથી સારી રીતે પોષાયેલા, गर्भः=ગર્ભની, इव=પેઠે, अरण्योः=બે અરણીઓમાં, निहितः=રક્ષાયેલો છે—છુપાયેલો છે. (તેમ જ જે) जागृवद्भिः=સાવધાન (અને) हविष्मद्भिः=હવન કરવા યોગ્ય સામગ્રીઓથી (યુક્ત), मनुष्येभिः=મનુષ્યો વડે, दिवे दिवे=પ્રતિદિન, ईड्यः=સ્તુતિ કરવા યોગ્ય (છે), एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા જેના વિષે તમે પૂછ્યું હતું.) ૮

ગર્ભિણી સ્ત્રીઓથી સારી પેઠે પોષાયેલા ગર્ભની પેઠે જે જાતવેદા (અગ્નિ) બન્ને અરણિઓના વચમાં સ્થિત છે તેમજ જે પ્રમાદશૂન્ય ને હોમ-સામગ્રી યુક્ત પુરુષો વડે પ્રતિદિન સ્તુતિ કરવા યોગ્ય છે, આ જ તે બ્રહ્મ છે. ૮

**ભાષ્ય :** જે અધિયજ્ઞ રૂપથી ઉપર અને નીચેની અરણિઓમાં નિહિત અર્થાત્ રહેલો તેમ જ હોમ કરાયેલા સંપૂર્ણ પદાર્થોનો ભોક્તા અધ્યાત્મરૂપ જાતવેદા અગ્નિ છે, જેવી રીતે ગર્ભિણી સ્ત્રીઓ શુદ્ધ અન્નપાનાદિ વડે પોતાના ગર્ભની સારી પેઠે રક્ષા કરે છે, તેની જ રીતે યજ્ઞ કરનારા તેમ જ યોગીજન જેને ધારણ કરે છે ને ઘૃત વગેરે હોમ સામગ્રીયુક્ત, કર્મપરાયણ અને જાગરણશીલ—પ્રમાદરહિત યાજકો તથા ધ્યાન—ભાવનાયુક્ત યોગીઓ વડે જે (ક્રમશઃ)

યજ્ઞ અને હૃદયદેશમાં સ્તુતિ કરવા યોગ્ય એવો જે અગ્નિ છે તેજ નિશ્ચય આ પ્રકૃત બ્રહ્મ છે. ૮

## પ્રાણમાં બ્રહ્મદૃષ્ટિ

વળી—

**यतश्चोदेति सूर्योऽस्तं यत्र च गच्छति।**
**तं देवाः सर्वे अर्पितास्तदु नात्येति कश्चन। एतद्वै तत् ॥९॥**

यत्=જ્યાંથી, सूर्यः=સૂર્ય, उदेति=ઉદય પામે છે, च=અને, यत्र=જ્યાં, अस्तम् च=અસ્તભાવને પણ, गच्छति=પામે છે, सर्वे=બધા, देवाः=દેવતાઓ, तम्=તેનામાં જ, अर्पिताः=પ્રવિષ્ટ છે (રહેલા છે), तत् उ=તે પરમેશ્વરને, कश्चन=કોઈ (ક્યારેય પણ), न अत्येति=ઓળંગી શકતો નથી, एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા, જેના વિષે તમે પૂછ્યું હતું). ૯

**જ્યાંથી સૂર્ય ઉદય પામે છે ને જ્યાં અસ્તભાવને પણ પામે છે તે પ્રાણાત્મામાં (અગ્નિ આદિ અને વાણી વગેરે) સર્વ દેવતાઓ રહેલા છે; તેને કોઈ ક્યારેય ઓળંગી શકતું નથી, આ જ તે બ્રહ્મ છે. ૯**

**भाष्य :** જ્યાંથી—જે પ્રાણથી હંમેશાં સૂર્ય ઉદય પામે છે અને જે પ્રાણમાં જ તે નિત્ય પ્રતિ અસ્તભાવને પ્રાપ્ત થાય છે તે પ્રાણાત્મામાં અગ્નિ આદિ અધિદૈવ અને વાગાદિ અધ્યાત્મ બધા જ દેવતાઓ રથની નાભિમાં આરાઓ રહેલા હોય છે તેમ પ્રવેશ પામેલા છે. તે પ્રાણ પણ બ્રહ્મ જ છે, તે જ આ સર્વાત્મક બ્રહ્મ છે. તેનું અતિક્રમણ કોઈ પણ કરતું નથી; અર્થાત્ તે બ્રહ્મના તાદાત્મ્યભાવને પાર કરીને કોઈ પણ તેનાથી અન્યત્વને પ્રાપ્ત થતું નથી. આ જ તે (બ્રહ્મ) છે. ૯

જે બ્રહ્માથી માંડી સ્થાવર પર્યંત સર્વ ભૂતોમાં રહેલો છે ને

ભિન્ન–ભિન્ન ઉપાધિઓને લીધે અબ્રહ્મની પેઠે જણાય છે. તે સંસારી જીવ પરબ્રહ્મથી ભિન્ન છે–આવી શંકા કોઈને ન થાય તેથી યમરાજ આ પ્રમાણે કહે છે :

## ભેદદૃષ્ટિની નિંદા

**यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ।**
**मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥१०॥**

यत् इह=જે પરબ્રહ્મ અહીં (છે), तत् एव अमुत्र=તે જ ત્યાં (પરલોકમાં પણ છે), यत् अमुत्र=જે ત્યાં (છે), तत् अनु इह=તે જ અહીં (આ લોકમાં) પણ છે; सः मृत्योः=તે મનુષ્ય મૃત્યુથી, मृत्युम्=મૃત્યુને (અર્થાત્ વારંવાર જન્મમરણને), आप्नोति=પામે છે, यः=જે, इह=આ જગતમાં, नाना इव=(તે પરમાત્માને) અનેકની પેઠે, पश्यति=જુએ છે. ૧૦

**જે તત્ત્વ આ (દેહેંદ્રિય સંઘાત)માં ભાસે છે તે જ અન્યત્ર (દેહાદિથી પર) પણ છે ને જે અન્યત્ર છે તે જ આમાં છે. જે મનુષ્ય આ તત્ત્વમાં નાનાત્વ જુએ છે તે મૃત્યુથી મૃત્યુને (અર્થાત્ જન્મ–મરણને) પ્રાપ્ત થાય છે. ૧૦**

**भाष्य :** જે આ લોકમાં કાર્ય–કરણ(દેહેંદ્રિય)રૂપ ઉપાધિથી યુક્ત ભાસે છે, સ્વસ્વરૂપમાં સ્થિત તે જ બ્રહ્મ અન્યત્ર (આ દેહાદિથી પર) નિત્ય વિજ્ઞાનઘનસ્વરૂપ અને સઘળા સંસારધર્મોથી રહિત છે. વળી જે અમુત્ર–તે આત્મામાં અર્થાત્ પરમાત્મભાવમાં સ્થિત છે તે જ આ લોકમાં નામ–રૂપ તેમ જ કાર્ય–કારણરૂપ ઉપાધિને અનુરૂપ ભાસનારું આત્મતત્ત્વ છે. બીજું કોઈ નથી. આમ હોવા છતાંય જે પુરુષ ઉપાધિના સ્વભાવ અને ભેદદૃષ્ટિરૂપ અવિદ્યાથી મોહિત થઈને આ અભિન્નમૂલ–એકરૂપ બ્રહ્મમાં 'હું પરમાત્માથી ભિન્ન છું ને પરમાત્મા મારાથી ભિન્ન છે'–આ પ્રમાણે ભિન્નપણે જુએ છે તે

મૃત્યુથી મૃત્યુને અર્થાત્ વારંવાર જન્મ-મરણ-ભાવને પ્રાપ્ત થાય છે. આથી આવી દૃષ્ટિ રાખવી ન જોઈએ, ઊલટું 'હું અવિચ્છિન્નરૂપથી આકાશની સમાન પરિપૂર્ણ અને વિજ્ઞાનૈકરસસ્વરૂપ બ્રહ્મ જ છું' આ પ્રમાણેની દૃષ્ટિ રાખવી જોઈએ. આ જ વાક્યનો અર્થ છે. ૧૦

એકત્વ-જ્ઞાન થતાં પહેલાં આચાર્ય અને શાસ્ત્રથી સંસ્કાર-યુક્ત થયેલા—

**मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किञ्चन ।**
**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति ॥११॥**

मनसा एव=(શુદ્ધ) મનથી જ, इदम् आप्तव्यम्=આ પરમાત્મતત્ત્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે, इह=આ જગતમાં (કેવળ એક પરમાત્મા સિવાય), नाना=ભિન્ન ભિન્ન ભાવ, किंचन=કાંઈ પણ, न अस्ति=નથી, (એટલા માટે), यः इह=જે આ જગતમાં, नाना एव=અનેકની પેઠે, पश्यति=જુએ છે, सः=તે મનુષ્ય, मृत्योः=મૃત્યુથી, मृत्युम् गच्छति=મૃત્યુને પ્રાપ્ત થાય છે, એટલે કે વારંવાર જન્મતો-મરતો રહે છે. ૧૧

**મનથી જ આ તત્ત્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે. આ બ્રહ્મતત્ત્વમાં ભિન્નભિન્ન ભાવ કંઈ પણ નથી. જે આ જગતમાં નાનાત્વ અર્થાત્ ભિન્નભિન્ન ભાવ જુએ છે તે પુરુષ મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે, એટલે કે વારંવાર જન્મતો-મરતો રહે છે. ૧૧**

**भाष्य :** આ એકરસ બ્રહ્મ 'સર્વ કાંઈ આત્મા જ છે, બીજું કાંઈ નથી' આ પ્રમાણે મન વડે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. આ પ્રમાણે તેની પ્રાપ્તિ થઈ જતાં નાનાત્વને સ્થાપિત કરનારી અવિદ્યાની નિવૃત્તિ થઈ જવાથી આ બ્રહ્મત્વમાં અણુમાત્ર પણ નાનાત્વ રહેતું નથી; પરંતુ જે પુરુષ અવિદ્યારૂપ તિમિરરોગથી ઘેરાયેલી દૃષ્ટિને ત્યાગતો નથી ને નાનાત્વ જ જુએ છે તે આ પ્રમાણે સહેજ પણ ભેદ-ભિન્નતા-

નો આરોપ કરવાથી મૃત્યુથી મૃત્યુને (અર્થાત્-જન્મ-મરણને) પ્રાપ્ત થાય જ છે. ૧૧

ફરીથી પણ તે પ્રકૃત બ્રહ્મનું જ વર્ણન કરે છે :

## હૃદયપુંડરિકમાં રહેલ બ્રહ્મ

**अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति ।**
**ईशानो भूतभव्यस्य न ततो विजुगुप्सते । एतद्वै तत् ॥ १२ ॥**

अङ्गुष्ठमात्रः=અંગૂઠા જેવડો (પરિમાણવાળો), पुरुषः=પરમપુરુષ (પરમાત્મા), आत्मनि मध्ये=શરીરના મધ્યભાગ–હૃદયાકાશમાં, तिष्ठति=સ્થિત છે, भूतभव्यस्य જે ભૂત (વર્તમાન) અને ભવિષ્યનું, ईशानः=શાસન કરનારા (છે), ततः=તેને જાણી લીધા પછી (તે), न विजुगुप्सते=કોઈની પણ નિંદા કરતો નથી, एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા, જેના વિષે તમે પૂછ્યું હતું). ૧૨

અંગૂઠા જેવડા પરિમાણવાળો પુરુષ (પરમાત્મા) શરીરના મધ્યભાગ–હૃદયાકાશમાં રહેલો છે. ભૂત (વર્તમાન) અને ભવિષ્યનું તે શાસન કરનારો છે. એમ જાણ્યા પછી તે કોઈની નિંદા કરતો નથી, તેમ કોઈની ઘૃણા પણ કરતો નથી. આત્મજ્ઞાન થઈ ગયા પછી તે પોતાના શરીરની રક્ષા કરવાનું પણ ઇચ્છતો નથી; નિશ્ચય આ જ તે બ્રહ્મતત્ત્વ છે. ૧૨

**ભાષ્ય :** અંગુષ્ઠમાત્ર એટલે અંગુષ્ઠપરિમાણ; હૃદયકમલ અંગૂઠાના જેવડા પરિમાણવાળું છે; તેના છિદ્રમાં રહેનારો જે અંતઃકરણોપાધિક અંગુષ્ઠમાત્ર–અંગૂઠા જેવડા પરિમાણવાળો–વાંસના વેઢામાં રહેલા આકાશની સમાન અંગુષ્ઠમાત્ર પરિમાણવાળો પુરુષ શરીરના મધ્યમાં સ્થિત છે. તેનાથી આખું શરીર પૂર્ણ છે, આથી તે પુરુષ છે. તે ભૂત–ભવિષ્ય કાળના શાસક આત્માને જાણ્યા પછી (જ્ઞાની પુરુષ પોતાને સુરક્ષિત રાખવાની ઇચ્છા કરતો નથી) વગેરે શેષપદની આ

પહેલાં કહેવાઈ ગયા પ્રમાણે વ્યાખ્યા કરવી જોઈએ. ૧૨

વળી—

**अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमकः ।**
**ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्वः एतद्वै तत् ॥१३॥**

अङ्गुष्ठमात्रः पुरुष=અંગૂઠા જેવડા પરિમાણવાળો પરમ પુરુષ પરમાત્મા; अधूमकः=ધૂમરહિત, ज्योतिः इव=જ્યોતિની પેઠે છે. भूतभव्यस्य=ભૂત (વર્તમાન) અને ભવિષ્ય પર, ईशानः=શાસન કરનારો, सः एव अद्य=તે પરમાત્મા જ આજે છે; उ=અને, सः (एव) श्वः=તે જ કાલે પણ છે (અર્થાત્ તે નિત્ય સનાતન છે). एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા જેના વિષે તમે પૂછ્યું હતું). ૧૩

તે અંગૂઠા જેવડા પરિમાણવાળો પુરુષ ધૂમરહિત જ્યોતિની સમાન છે. આ ભૂત (વર્તમાન) અને ભવિષ્યનો શાસક છે, તે પરમાત્મા જ આજે છે અને તે જ કાલે અર્થાત્ ભવિષ્યમાં પણ રહેશે; એટલે કે તે સનાતન છે; આ જ તે (બ્રહ્મતત્ત્વ) છે (જેના વિષે તમે પૂછ્યું હતું.) ૧૩

**ભાષ્ય** : તે અંગુષ્ઠમાત્ર અર્થાત્ અંગૂઠા જેવડા પરિમાણવાળો પુરુષ ધૂમરહિત જ્યોતિની સમાન છે. મૂળમંત્રમાં જે ‘अधूमकः’ પદ છે તે (નપુંસકલિંગ) ‘ज्योतिः’ શબ્દનું વિશેષણ હોવાથી ‘अधूमकम्’ એવું પદ હોવું જોઈએ. યોગીઓના હૃદયમાં જે આ પ્રમાણે લક્ષિત થાય છે તે ભૂત અને ભવિષ્યનો શાસ્તા નિત્ય કૂટસ્થ આજે આ સમયે પ્રાણીઓમાં વર્તમાન છે, તે જ કાલે પણ રહેશે; અર્થાત્ તેના જેવો બીજો કોઈ પુરુષ ઉત્પન્ન થશે નહીં; આથી કોઈ કહે છે કે–‘આ નથી’–એવો (૧–૧–૨૦ મંત્રમાં કહેલો) જે પક્ષ છે તે જોકે ન્યાયથી પ્રાપ્ત થતો નથી તોપણ તેનું અને બૌદ્ધોના ક્ષણભંગવાદનું ખંડન પણ શ્રુતિએ સ્વવચનથી કરી નાખ્યું છે. ૧૩

બ્રહ્મમાં જે ભેદદૃષ્ટિ કરવામાં આવે છે તેનો અપવાદ કરતાં શ્રુતિ ફરીથી પણ કહે છે :

## ભેદાપવાદ

**यथोदकं दुर्गे वृष्टं पर्वतेषु विधावति ।**
**एवं धर्मान्पृथक्पश्यंस्तानेवानुविधावति ॥ १४ ॥**

यथा=જેવી રીતે, दुर्गे=ઊંચા શિખર પર, वृष्टम्=વર્ષેલું, उदकम्=જળ, पर्वतेषु=પહાડનાં અનેક સ્થળોમાં, विधावति=ચારે બાજુ વહી જાય છે; एवं=તેવી જ રીતે; धर्मान्=ભિન્ન ભિન્ન ધર્મો( સ્વભાવો )થી યુક્ત દેવ, અસુર, મનુષ્ય વગેરેને, पृथक्=પરમાત્માથી ભિન્ન, पश्यन्=જોઈ ને (તેમનું સેવન કરનારો મનુષ્ય), तान् एव=તેમની જ, अनुविधावति=પાછળ દોડતો રહે છે. (તેમના જ ક્ષુદ્રમાં ક્ષુદ્ર લોકોમાં ને અનેક ઉચ્ચનીચ યોનિઓમાં ભટકતો રહે છે.) ૧૪

જેવી રીતે ઊંચા શિખર પર વર્ષેલું જળ પહાડનાં અનેક સ્થળોમાં ચારે બાજુ વહી જાય છે, તેવી જ રીતે ભિન્નભિન્ન આત્માઓને જોઈ ને તેમનું સેવન કરનારો મનુષ્ય જુદા જુદા સ્વભાવોથી યુક્ત દેવ, અસુર, મનુષ્ય વગેરેને પરમાત્માથી ભિન્ન માનીને તેમની જ પાછળ દોડતો રહીને તેમના જ શુભ–અશુભ લોકોમાં ને અનેક ઊંચ-નીચ યોનિઓમાં ભટકતો રહે છે; અર્થાત્ જીવ તે ભિન્ન આત્મત્વને જ પ્રાપ્ત થાય છે. ૧૪

**ભાષ્ય :** જેવી રીતે દુર્ગમ સ્થાન અર્થાત્ ઊંચાં સ્થળો પર વર્ષેલું જળ પર્વતના નીચાણવાળા પ્રદેશોમાં ફેલાઈને નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે ધર્મો અર્થાત્ આત્માઓને પ્રત્યેક શરીરમાં પૃથક્–ભિન્ન ભિન્ન જોનારો મનુષ્ય તે જ ભિન્ન શરીરનું અનુસરણ કરનારાઓ પ્રત્યે જ જાય છે, અર્થાત્ વારંવાર ભિન્ન શરીરભેદને જ પ્રાપ્ત થાય છે. ૧૪

જે જ્ઞાની છે, જેની ઉપાધિકૃત ભેદદૃષ્ટિ નષ્ટ થઈ ગઈ છે ને જે એક માત્ર વિશુદ્ધવિજ્ઞાનઘન એકરસ અદ્વિતીય આત્માને જ જોનારો છે, તે વિજ્ઞાની મુનિ–મનનશીલનો આત્મા કેવો હોય છે, તે કહે છે:

## અભેદદર્શનની કર્તવ્યતા

**यथोदकं शुद्धे शुद्धमासिक्तं तादृगेव भवति ।**
**एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ॥ १५ ॥**

यथा=(પરંતુ) જેવી રીતે, शुद्धे (उदके)=નિર્મળ જળમાં, आसिक्तम्=(મેઘો વડે) સર્વ બાજુથી વરસાવવામાં આવેલું, शुद्धम्=નિર્મળ, उदकम्=જળ, तादृक् एव=તેવું જ, भवति=થઈ જાય છે; एवम्=તેવી રીતે, गौतम=હે ગૌતમ વંશમાં ઉત્પન્ન થયેલા નચિકેતા ! विजानतः=(કેવલ પરબ્રહ્મ પુરુષોત્તમ જ સર્વ કાંઈ છે, આ પ્રમાણે) જાણનારા, मुनेः=મુનિનો (અર્થાત્ સંસારથી ઉપરત થયેલા મહાપુરુષનો), आत्मा=આત્મા, भवति=(બ્રહ્મને પ્રાપ્ત) થઈ જાય છે. ૧૫

**જેવી રીતે નિર્મળ જળમાં (મેઘો વડે) બધી બાજુએથી વરસાવવામાં આવેલું નિર્મળ જળ તેવું જ થઈ જાય છે, તેવી જ રીતે ગૌતમ વંશમાં ઉત્પન્ન થયેલા હે નચિકેતા ! કેવળ પરબ્રહ્મ પુરુષોત્તમ જ સર્વ કાંઈ છે, આ પ્રમાણે જાણનારા મુનિનો અર્થાત્ સંસારથી વિરક્ત થયેલા મહાપુરુષોનો આત્મા બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે. ૧૫**

**ભાષ્ય :** જેવી રીતે શુદ્ધ સ્વચ્છ જળમાં આસિક્ત–પ્રક્ષિપ્ત (નાખેલું) શુદ્ધ સ્વચ્છ જળ તેની સાથે મળીને એકરસ થઈ જાય છે, તેનાથી વિપરીત અવસ્થામાં રહેતું નથી તેવી જ રીતે હે ગૌતમ ! એકત્વને જાણનારા મુનિ–મનનશીલ પુરુષનો આત્મા પણ તેવો જ થઈ જાય છે. આથી તાત્પર્ય એ છે કે બધાએ કુતાર્કિકની ભેદદૃષ્ટિ અને નાસ્તિકની કુદૃષ્ટિનો પરિત્યાગ કરીને હજારો માતાપિતાઓ કરતાં પણ વધુ હિત ચાહનારા વેદે ઉપદેશેલા આત્મૈકત્વદર્શનનો જ અભિમાનરહિત થઈને આદર કરવો જોઈએ. ૧૫

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલા
કઠોપનિષદના દ્વિતીય અધ્યાયમાં પ્રથમ વલ્લીભાષ્ય સમાપ્ત

# બીજો અધ્યાય

## પહેલી વલ્લી

### આત્મદર્શનનું વિઘ્ન—ઇંદ્રિયોની બહિર્મુખતા

**ભાષ્ય :** 'સર્વ ભૂતોમાં છુપાયેલો તે આત્મા પ્રકાશિત થતો નથી; તે તો એકાગ્ર બુદ્ધિથી જ જોવામાં આવે છે' એમ પાછલા અધ્યાયમાં (૧. ૩ ૧૨) કહ્યું હતું. હવે પ્રશ્ન એ થાય છે કે, એકાગ્ર બુદ્ધિનો એવો કયો પ્રતિબંધ છે કે, જેથી તે (એકાગ્ર બુદ્ધિ)નો અભાવ થતાં આત્મા દેખાતો નથી? એથી આત્મદર્શનના પ્રતિબંધનું કારણ દેખાડવા માટે આ વલ્લીનો આરંભ કરાય છે; કારણ શ્રેયના પ્રતિબંધનું કારણ જાણ્યા પછી જ તેની નિવૃત્તિના યત્નનો આરંભ કરી શકાય છે, તે સિવાય નહીં.

**पराञ्चि खानि व्यतृणत्स्वयंभूस्तस्मात्पराङ्पश्यति नान्तरात्मन् ।**
**कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥१॥**

स्वयंभूः=સ્વયં પ્રકટ થનારા પરમેશ્વરે, खानि=સર્વ ઇંદ્રિયોને, पराञ्चि=બહારની જ બાજુ જનારી બનાવીને, व्यतृणत्=હણી નાખી છે; तस्मात्=તેથી (માણસ ઇંદ્રિયો વડે ઘણું ભાગે), पराङ्=બહારની વસ્તુઓને જ, पश्यति=જુએ છે; अन्तरात्मन्=અંતર આત્માને, न=નહીં; कश्चित् धीरः=કોઈ (ભાગ્યશાળી) બુદ્ધિમાન માણસે જ, अमृतत्वम्=અમર પદને, इच्छन्=પામવાની ઇચ્છા કરીને, आवृत्तचक्षुः=ચક્ષુ વગેરે ઇંદ્રિયોને બાહ્ય વિષયો તરફથી પાછી ફેરવીને, प्रत्यगात्मानम्=અંતર-આત્માને, ऐक्षत्=જોયો છે. ૧

**સ્વયંભૂ (પરમાત્મા)એ ઇંદ્રિયોને બહિર્મુખ કરીને હણી નાખી છે, આથી જ જીવ બાહ્ય વિષયોને જુએ છે,**

શરીર પણ પોતાથી પૃથક્ રાજાના સ્થાનની સાથે સંબંધ ધરાવતું પોતાના સ્વામી(આત્મા)ને માટે હોવું જોઈએ.

આ શરીર નામનું પુર (નગર) અગિયાર દરવાજાવાળું છે. (બે આંખો, બે કાન, બે નસકોરાં ને એક મુખ આ પ્રમાણે) સાત માથામાં; નાભિ સાથે (શિશ્ન અને ગુદા મળી) ત્રણ શરીરના નીચલા ભાગમાં ને (બ્રહ્મરંધ્રરૂપ) એક શિરમાં રહેલો—આ પ્રમાણે આ બધા દરવાજાઓથી (યુક્ત હોવાને લીધે) આ પુર અગિયાર દરવાજાવાળું છે. તે પુર કોનું છે? (એ વિષે કહે છે:) અજનું અર્થાત્ પુરના ધર્મોથી ભિન્ન જન્મ વગેરે વિકારથી રહિત રાજાના સ્થાનને યોગ્ય આત્માનું. વળી આ ઉપરાંત જે અવક્રચિત્ત છે—જેનું ચિત્ત—વિજ્ઞાન અવક્ર—અકુટિલ અર્થાત્ સૂર્ય સમાન નિત્યસ્થિત ને એકરૂપ છે તે અવક્રચેતા રાજાના સ્થાનમાં રહેલા બ્રહ્મનું (આ પુર છે).

જેનું આ પુર છે તે પુરના સ્વામી પરમેશ્વરનું અનુષ્ઠાન—ધ્યાન કરીને, કારણ કે સમ્યક્ વિજ્ઞાનપૂર્વક ધ્યાન જ તેનું અનુષ્ઠાન છે; તેથી સર્વ એષણાઓથી મુક્ત થઈને તે સમ—સર્વ ભૂતોમાં સ્થિત બ્રહ્મનું ધ્યાન કરીને પુરુષ શોક કરતો નથી. બ્રહ્મના વિજ્ઞાનથી—વિશુદ્ધ જ્ઞાન થવાથી અભયની પ્રાપ્તિ થાય છે; આથી શોકનો અવસર ન રહેવાને લીધે ભયનું દર્શન પણ ક્યાંથી થઈ શકે? એટલા માટે તે આ લોકમાં જ અવિદ્યાએ કરેલાં કામ અને કર્મનાં બંધનોથી મુક્ત થઈ જાય છે. આ પ્રમાણે તે મુક્ત (જીવન્મુક્ત) થયેલો જ મુક્ત (વિદેહમુક્ત) થાય છે; અર્થાત્ ફરીથી શરીરને ગ્રહણ કરતો નથી. ૧

પરંતુ તે આત્મા તો કેવળ એક જ શરીરરૂપ પુરમાં રહેનારો નથી; પણ સર્વ પુરોમાં રહે છે. કેવી રીતે રહે છે તે કહે છે:

**हंसः शुचिषद्वसुरन्तरिक्षसद्धोता वेदिषदतिथिर्दुरोणसत् ।**
**नृषद्वरसदृतसद्व्योमसदब्जा गोजा ऋतजा अद्रिजा ऋतं बृहत् ॥**

शुचिषत्=વિશુદ્ધ પરમ ધામમાં રહેનારો, हंसः=સ્વયંપ્રકાશ (પુરુષોત્તમ) છે (તે જ), अन्तरिक्षसत्=અંતરિક્ષમાં નિવાસ કરનારો, वसुः=વસુ છે; दुरोणसत्=ઘરોમાં હાજર થનારો, अतिथिः=અતિથિ છે (અને), वेदिषत् होता=યજ્ઞની વેદી પર સ્થાપિત અગ્નિસ્વરૂપ તેમ જ તેમાં આહુતિ નાખનારો 'હોતા' છે (અને), नृषत्=સર્વ મનુષ્યોમાં રહેનારો, वरसत्=મનુષ્યો કરતાં શ્રેષ્ઠ એવા દેવતાઓમાં રહેનારો, ऋतसत्=સત્યમાં રહેનારો (અને), व्योमसत्=આકાશમાં રહેનારો (છે તથા) अब्जाः=જળમાં નાના રૂપોથી પ્રકટ થનારો, गोजाः=પૃથ્વીમાં નાના રૂપોથી પ્રકટ થનારો, ऋतजाः=સત્કર્મોમાં પ્રકટ થનારો (અને), अद्रिजाः=પર્વતોમાં અનેક રૂપે પ્રકટ થનારો (છે); बृहत् ऋतम्=(તે જ) સર્વથી મોટું પરમ સત્ય છે. ૨

**તે ગમન કરનારો છે, આકાશમાં ચાલનારો સૂર્ય છે. વસુ છે, અંતરિક્ષમાં વિચરનારો સર્વવ્યાપક વાયુ છે, વેદી(પૃથ્વી)માં રહેલો 'હોતા' છે, કળશમાં રહેલો સોમ છે. આ પ્રમાણે તે માણસોમાં ગમન કરનારો, આકાશમાં જનારો; જલ, પૃથ્વી, યજ્ઞ અને પર્વતોમાં ઉત્પન્ન થનારો તેમ જ સત્યસ્વરૂપ અને મહાન છે. ૨**

**भाष्य :** તે ગમન કરે છે તેથી 'હંસ' છે. શુચિ–આકાશમાં સૂર્યરૂપે ચાલે છે તેથી 'શુચિષત્' છે, સર્વને વ્યાપ્ત કરે છે. તેથી 'વસુ' છે, વાયુરૂપથી આકાશમાં ચાલે છે તેથી 'અંતરિક્ષસત્' છે; 'અગ્નિ જ હોતા છે' આ શ્રુતિવચન અનુસાર 'હોતા' અગ્નિને કહેવામાં આવે છે, વેદી–પૃથ્વીમાં ગમન કરે છે તેથી 'વેદિષદ્' છે; જેમ તે 'આ વેદી પૃથ્વી(યજ્ઞભૂમિ)નો ઉત્કૃષ્ટ મધ્યભાગ છે' વગેરે મંત્રવર્ણથી પ્રમાણિત થાય છે. આ અતિથિ–સોમ થઈને દુરોણ–કલશમાં સ્થિત થાય છે તેથી દુરોણસત્ છે, અથવા બ્રાહ્મણ અતિથિ રૂપથી દુરોણ–ઘરમાં રહે છે, તેથી તે જ 'અતિથિ દુરોણસત્' છે,

તે મનુષ્યોમાં જાય છે તેથી 'નૃષત્' છે, વર-દેવતાઓમાં જાય છે તેથી 'વરસત્' છે; ઋત એટલે સત્ય અથવા યજ્ઞ, તેમાં ગમન કરે છે તેથી 'ઋતસત્' છે. વ્યોમ એટલે આકાશમાં ચાલે છે તેથી 'વ્યોમસત્' છે. અપ-જળમાં શંખ, છીપ ને મગર વગેરે રૂપથી ઉત્પન્ન થાય છે, માટે 'અબ્જા' છે. ગો અર્થાત્ પૃથ્વીમાં વ્રીહિ યવાદિરૂપથી ઉત્પન્ન થાય છે તેથી 'ગોજા' છે, ઋત-યજ્ઞાંગરૂપથી ઉત્પન્ન થાય છે તેથી 'ઋતજા' છે. નદી વગેરે રૂપથી અદ્રિ અર્થાત્ પર્વતોમાંથી ઉત્પન્ન થાય છે તેથી 'અદ્રિજા' છે.

આ પ્રમાણે સર્વાત્મા હોઈને પણ તે ઋત અવિતથ અર્થાત્ સત્યસ્વભાવ જ છે તેમ જ સર્વનું કારણ હોવાથી બૃહત્-મહાન છે. (असौ वा आदित्यो हंसः...વગેરે બ્રાહ્મણમંત્ર અનુસાર) જો આ મંત્રથી આદિત્યનું જ વર્ણન કરવામાં આવ્યું હોય તોપણ આદિત્ય (આ ચરાચરનું) આત્મસ્વરૂપ છે. આમ સ્વીકારવામાં આવેલ હોવાથી આનો તે બ્રાહ્મણગ્રંથની વ્યાખ્યા સાથે પણ અવિરોધ જ છે. આથી આ મંત્રનું તાત્પર્ય આ જ છે કે, જગતનો એક જ સર્વવ્યાપક આત્મા છે, આત્માઓમાં ભેદ નથી. ૨

હવે આત્માનું સ્વરૂપજ્ઞાન કરાવવા માટે તેનું લિંગ કહે છે:

**ऊर्ध्वं प्राणमुन्नयत्यपानं प्रत्यगस्यति ।**
**मध्ये वामनमासीनं विश्वे देवा उपासते ॥ ३ ॥**

प्राणम्=(જે) પ્રાણને, ऊर्ध्वम्=ઉપરની બાજુ, उन्नयति=ઉઠાવે છે (તે), अपानम्=અપાનને, प्रत्यक् अस्यति=નીચે ધકેલે છે, मध्ये=શરીરના મધ્ય (હૃદય)માં, आसीनम्=બેઠેલા (તે), वामनम्=સર્વશ્રેષ્ઠ ભજવાયોગ્ય પરમાત્માની, विश्वेदेवाः=સર્વ દેવતાઓ, उपासते=ઉપાસના કરે છે. ૩

**જે પ્રાણને ઉપર લઈ જાય છે ને અપાનને નીચે લાવે છે, તે શરીરના મધ્ય(હૃદય)માં બેઠેલા સર્વશ્રેષ્ઠ ભજવાયોગ્ય પરમાત્માની સર્વ દેવતાઓ ઉપાસના કરે છે. ૩**

**ભાષ્ય :** જે હૃદયપ્રદેશથી પ્રાણ—પ્રાણવૃત્તિરૂપ વાયુને ઉપરની બાજુએ લઈ જાય છે ને અપાનને પ્રત્યગ્—નીચલી બાજુએ ધકેલે છે. આ વાક્યમાં 'यः (જે)' આ પદ શેષ રહેલું છે, તે વાક્યમાં ઉમેરી લેવાનું છે. હૃદયકમળરૂપી આકાશમાં રહેનારા તે વામન અર્થાત્ ભજનીયની, કે જેનો વિજ્ઞાનરૂપ પ્રકાશ બુદ્ધિમાં અભિવ્યક્ત થાય છે, ચક્ષુ વગેરે બધા જ દેવો ઇંદ્રિયો અને પ્રાણરૂપ રસ વગેરે વિજ્ઞાનરૂપ 'કર' (ટેક્સ) આપતા રહીને વેપારી વાણિયાઓ જેવી રીતે રાજાની ઉપાસના સેવા કરે છે, તેવી જ રીતે ચક્ષુ વગેરે તેની ઉપાસના કરતા રહીને પોતાનો વ્યાપાર ચલાવ્યા કરે છે; અર્થાત્ પોતાના વ્યાપારને બંધ કરતા નથી. આથી જેને માટે ને જેની પ્રેરણાથી પ્રાણ અને ઇન્દ્રિયોના સર્વ વ્યાપાર થતા હોય છે તે તેમનાથી અન્ય છે-કોઈ બીજો જ છે એમ સિદ્ધ થયું. આ જ આ વાક્યનો અર્થ છે. ૩

## દેહસ્થ આત્મા જ જીવન છે

વળી—

**अस्य विस्रंसमानस्य शरीरस्थस्य देहिनः ।**
**देहाद्विमुच्यमानस्य किमत्र परिशिष्यते । एतद्वै तत् ॥४**

अस्य=આ, शरीरस्थस्य શરીરમાં રહેલા, विस्रंसमानस्य=એકશરીરમાંથી બીજા શરીરમાં જનારા, देहिनः=જીવાત્માના, देहात् શરીરમાંથી, विमुच्यमानस्य=નીકળી ગયા પછી, अत्र=અહીં (આ શરીરમાં) किम् परिशिष्यते=શું શેષ રહે છે; एतत् वै=આ જ છે, तत्= તે (પરમાત્મા જેના વિષે તમે પૂછ્યું હતું). ૪

એક શરીરમાંથી બીજા શરીરમાં ગમન કરવાના સ્વભાવવાળો આ દેહી (જીવાત્મા) જ્યારે આ વર્તમાન શરીરમાંથી નીકળીને ચાલ્યો જાય છે અને તેની સાથે જ્યારે ઇંદ્રિય, પ્રાણ વગેરે પણ જતાં રહે છે ત્યારે આ મૃત

**શરીરમાં બાકી શું રહે છે? કંઈ પણ રહેતું નથી; પરંતુ તે પરબ્રહ્મ જે હમેશાં સમાન ભાવથી સર્વત્ર પરિપૂર્ણ છે, જે ચેતન જીવ તથા જડપ્રકૃતિ–બધાંમાં સદા વ્યાપીને રહેલ છે તે શેષ રહે છે. આ જ તે બ્રહ્મ છે જેના વિષે તમે પૂછ્યું હતું.**

**ભાષ્ય :** આ શરીરમાં રહેલા દેહી–દેહવાન આત્માના વિસ્રંસમાન અર્થાત્ સરી ગયા પછી આ પ્રાણાદિ સમુદાયમાંનું ભલા શું અવશિષ્ટ રહે છે? અર્થાત્ કંઈ જ બાકી રહેતું નથી. 'देहाद्विमुच्यमानस्य' આમ કહીને વિસ્રંસન શબ્દનો અર્થ (સરી જવું–નીકળી જવું) બતાવવામાં આવ્યો છે. નગરનો સ્વામી ચાલ્યા ગયા પછી નગરજનોની જેવી દુર્દશા થાય છે, તેવી જ રીતે આ શરીરમાંથી આત્માના ચાલ્યા ગયા પછી, એક ક્ષણમાં જ આ ભૂત અને ઇંદ્રિયોનો સમુદાયરૂપ સર્વ સમૂહ બળહીન અર્થાત્ નષ્ટ થઈ જાય છે. તે આનાથી ભિન્ન જ હોવાનું સિદ્ધ થાય છે. ૪

જો કોઈ એમ માને કે આ શરીર પ્રાણ અને અપાન વગેરેના ચાલ્યા જવાથી જ નાશ પામે છે; પણ તેમનાથી ભિન્ન એવા કોઈ આત્મારૂપી તત્ત્વના જતા રહેવાથી નાશ પામતું નથી, કેમ કે પ્રાણ વગેરેના રહેવાને લીધે જ મનુષ્ય જીવતો હોય છે–પણ વાત એમ નથી. (કારણ કે–)

**न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन ।**
**इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ ।। ५ ।।**

कश्चन=કોઈ પણ, मर्त्यः=મરણધર્મા પ્રાણી, न प्राणेन=નથી તો પ્રાણથી (જીવતો અને), न अपानेन=નથી અપાનથી (જ), जीवति=જીવે છે, तु=પણ, यस्मिन्=જેમાં, एतौ उपाश्रितौ=(પ્રાણ અને અપાન) આ બંને આશ્રય પામેલા છે, इतरेण (એવા કોઈ) બીજાથી જ, जीवन्ति=(બધા) જીવે છે. ૫

**કોઈ પણ મનુષ્યાદિ પ્રાણીઓ પ્રાણની શક્તિથી જીવતાં**

રહેતાં નથી કે અપાનની શક્તિથી જીવતાં રહેતાં નથી. એમને જીવિત રાખનારું તો કોઈ બીજું જ ચેતનતત્ત્વ છે; ને તે છે જીવાત્મા. આ પ્રાણ અને અપાન બંને તે જીવાત્માને જ આશ્રિત છે. તેના વિના એક ક્ષણ પણ આ રહી શકતા નથી. જીવાત્મા જ્યારે જતો રહે છે ત્યારે કેવળ આ પ્રાણાદિ જ નહિ બલકે એમની સાથે ઇંદ્રિયો વગેરે બધાં જ તત્ત્વો તેની પાછળ ચાલ્યાં જાય છે. ૫

ભાષ્ય : કોઈ પણ મર્ત્ય–મનુષ્ય અર્થાત્ દેહધારી ન તો પ્રાણથી જીવિત રહે છે, ન અપાન અથવા ચક્ષુ વગેરે ઇંદ્રિયોથી જ; કેમ કે પરસ્પર મળીને પ્રવૃત્ત થનારા તેમ જ કોઈ બીજાના શેષભૂત આ ઇંદ્રિય વગેરે જીવનનાં હેતુ હોઈ શકતાં નથી. વ્યવહારમાં પણ કોઈ સ્વતંત્ર ને એકત્ર ન મળેલા અન્ય(ચેતનપદાર્થ)ની પ્રેરણા વિના ઘર વગેરે એકત્ર પદાર્થોની સ્થિતિ જોવામાં આવતી નથી; તેવી જ રીતે સંઘાતરૂપ હોવાને લીધે પ્રાણાદિની સ્થિતિ પણ સ્વતંત્ર હોઈ શકતી નથી. આથી આ બધા પરસ્પર મળીને પ્રાણાદિ એકત્ર મળેલા પદાર્થોથી ભિન્ન કોઈ અન્ય તત્ત્વ દ્વારા જ જીવિત રહે છે–પ્રાણ ધારણ કરે છે. જે સંહત–એકત્ર પદાર્થથી ભિન્ન સતસ્વરૂપ પરમાત્મા હોય ત્યાં જ સુધી જ આ પ્રાણ–અપાન ચક્ષુ વગેરેથી એકત્ર થઈને આશ્રિત છે. અર્થાત જે અસંહત–એકત્ર ન મળેલા આત્માને માટે પ્રાણ, અપાન વગેરે એકત્ર મળી પોતાના વ્યાપારને કરતા રહીને આત્મવર્તન કરતા રહે છે તે આત્મા તેમનાથી ભિન્ન હોવાનું સિદ્ધ થાય છે. ૫

## મરણોત્તર કાળમાં જીવની ગતિ

हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् ।
यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥६॥

गौतम=હે ગૌતમવંશીય નચિકેતા ! गुह्यम् सनातनम्=(તે) રહસ્યમય સનાતન, ब्रह्म=બ્રહ્મ (બધું છે), च=અને, आत्मा=જીવાત્મા, मरणम् प्राप्य=મરણને પ્રાપ્ત કર્યા પછી, यथा=જેવી રીતે, भवति=રહે છે, इदम् ते=આ વાત તમને, हन्ति प्रवक्ष्यामि=હવે હું ફરીથી કહીશ. ૬

**યમરાજ કહે છે: હે નચિકેતા! મરણ પામ્યા પછી મનુષ્યના જીવાત્માનું શું થાય છે તે હવે હું તમને કહીશ. તેની સાથે જ જીવાત્મા ક્યાં જાય છે, કેવી રીતે રહે છે ને તે પરમ રહસ્યમય સનાતન એવા પરબ્રહ્મનું સ્વરૂપ કેવું છે તે પણ કહી બતાવીશ ૬**

**ભાષ્ય :** અહા ! હવે હું તમને ફરીથી પણ આ ગુહ્ય–ગોપનીય સનાતન–ચિરંતન બ્રહ્મના વિષયમાં કહીશ કે જેના જ્ઞાનથી સકળ સંસારની નિવૃત્તિ થઈ જાય છે, તેમ જ જેનું જ્ઞાન ન હોવાથી મરણને પ્રાપ્ત થયા પછી આત્મા જેવો થઈ જાય છે, અર્થાત્ જેવી રીતે (જન્મ-મરણરૂપ) સંસારને પ્રાપ્ત થાય છે. હે ગૌતમ ! તે સાંભળો.

**योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः ।**
**स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम् ॥७॥**

यथाकर्म=જેનું જેવું કર્મ હોય છે, यथाश्रुतम्=અને શાસ્ત્ર વગેરે-શ્રવણથી જેને જેવો ભાવ પ્રાપ્ત થયો હોય છે (તે જ પ્રમાણે), शरीरत्वा=શરીર ધારણ કરવાને માટે, अन्ये=કેટલાય, देहिनः=જીવાત્મા-ઓ તો, योनिम्=(નાના પ્રકારની જંગમ) યોનિઓને, प्रपद्यन्ते=પ્રાપ્ત થઈ જાય છે અને, अन्ये=બીજા (કેટલાય) स्थाणुम्=સ્થાણુ (સ્થાવર) ભાવને, अनुसंयन्ति=અનુસરે છે. ૭

**યમરાજ કહે છે કે, પોતપોતાનાં શુભ અને અશુભ કર્મો પ્રમાણે અને શાસ્ત્ર, ગુરુ, સંગ, શિક્ષા, વ્યવસાય વગેરેથી જોવામાં અને સાંભળવામાં આવેલા ભાવોથી તૈયાર**

થયેલ અંતસમયની વાસના પ્રમાણે મરણ પામ્યા પછી કેટલાય જીવાત્માઓ બીજું શરીર ધારણ કરવા માટે વીર્યની સાથે જ માતાની યોનિમાં પ્રવેશ કરી જાય છે. એમાંના જેમનાં પુણ્ય અને પાપ સમાન હોય છે તેઓ મનુષ્યનું અને જેમનાં પુણ્ય ઓછાં ને પાપ વધારે હોય છે તેઓ પશુ-પક્ષીનું શરીર ધારણ કરીને ઉત્પન્ન થાય છે; ને બીજા કેટલાય જેમનાં પાપ અતિ અધિક હોય છે તેઓ સ્થાવરભાવને પ્રાપ્ત થાય છે, અર્થાત્ વૃક્ષ, લતા, તૃણ. પર્વત વગેરે જડ શરીરોમાં ઉત્પન્ન થાય છે. ૭

**ભાષ્ય:** અન્ય કેટલાક અવિદ્યાવાન મૂઢ દેહધારીઓ શરીર ધારણ કરવા માટે વીર્યરૂપ બીજથી યુક્ત થઈને યોનિદ્વારને પ્રાપ્ત થાય છે; અર્થાત્ અમુક કોઈ યોનિમાં પ્રવિષ્ટ થઈ જાય છે. બીજા કેટલાક અત્યંત અધમ પુરુષો મરણ પામ્યા પછી પોતાનાં કર્મ અને શાસ્ત્રશ્રવણથી ઉત્પન્ન થયેલા ભાવ પ્રમાણે સ્થાણુ એટલે કે વૃક્ષાદિ સ્થાવર-ભાવને પામે છે અર્થાત્ વૃક્ષ, લતા, પહાડ વગેરેનાં શરીર ધારણ કરે છે. તાત્પર્ય એ છે કે, યથાકર્મ એટલે જેનું જે કર્મ છે અથવા તો આ જન્મમાં જેણે જેવું કર્મ કર્યું હોય છે તેને અધીન થઈને તેમ જ યથાશ્રુત અર્થાત્ જેણે જેવું વિજ્ઞાન મેળવ્યું હોય છે, તે પ્રમાણે શરીરને પ્રાપ્ત થઈ જાય છે. 'જન્મ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે થયા કરે છે' આવી એક શ્રુતિથી પણ આ જ પ્રમાણિત થાય છે. ૭

પહેલાં જે એવી પ્રતિજ્ઞા કરી હતી કે, 'હું તને ગુહ્ય બ્રહ્મ બતાવીશ' તેના જ વિષે હવે કહે છે:

## ગુહ્ય બ્રહ્મનો ઉપદેશ

**य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषो निर्मिमाणः ।**

**तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।**
**तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥**

यः एषः=જે આ, कामम् कामम्=(જીવોનાં કર્મ પ્રમાણે) નાના પ્રકારના ભોગોનો નિર્માણ કરનારો, पुरुषः=પરમ પુરુષ પરમેશ્વર, सुप्तेषु=(પ્રલયકાળમાં સર્વના) સૂઈ ગયા છતાંય, जागर्ति=જાગતો રહે છે, तत् एव=તે જ, शुक्रम्=શુદ્ધ છે, तद् ब्रह्म=તે જ પરબ્રહ્મ છે, अमृतम्=અમૃત, उच्यते=કહેવાય છે, (તેમ જ) तस्मिन्=તેનામાં જ, सर्वे=બધા, लोकाः श्रिताः=લોકો આશ્રય પામેલા છે, तत् कश्चन उ=તેને કોઈ પણ, न अत्येति=અતિક્રમણ કરી શકતું નથી. एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા, જેના વિષે તમે પૂછ્યું હતું). ૮

જીવાત્માઓનાં કર્મ પ્રમાણે તેમના માટે અનેક પ્રકારના ભોગોને નિર્માણ કરનારો પરમપુરુષ પરમેશ્વર પ્રલયકાળમાં પ્રાણાદિ સર્વના સૂઈ ગયા હોવા છતાં અર્થાત્ સમસ્ત જીવોનું જ્ઞાન લુપ્ત થઈ જવા છતાં જે પોતાના ઇચ્છિત પદાર્થોની રચના કરતો રહીને જાગતો રહે છે, તે જ શુક્ર છે-વિશુદ્ધ દિવ્યતત્ત્વ છે, તે જ પરબ્રહ્મ છે, તેને જ અમૃત કહેવામાં આવે છે. આ સર્વ લોકો તેને જ આશ્રિત છે, તેને કોઈ ઓળંગી શકતું નથી; અર્થાત્ કોઈ પણ તેના નિયમોનું અતિક્રમણ કરી શકતું નથી. આ જ છે તે બ્રહ્મતત્ત્વ, જેના વિષયમાં તમે પૂછ્યું હતું. ૮

**ભાષ્ય :** જે આ પ્રાણાદિના સૂઈ ગયા પછી જાગતો રહે છે-(તેમની સાથે) સૂઈ જતો નથી. કેવી રીતે જાગતો રહે છે? (તે વિષે કહે છે) અવિદ્યાના યોગથી સ્ત્રી વગેરે પોતપોતાના ઇચ્છિત-અભીષ્ટ પદાર્થોની રચના કરતો રહી અર્થાત્ તેમને નિપજાવતો રહી જાગતો રહે છે તે જ શુક્ર-શુભ્ર એટલે શુદ્ધ છે, તે બ્રહ્મ છે.

તેનાથી ભિન્ન કોઈ ગુહ્ય બ્રહ્મ નથી, તે જ સર્વ શાસ્ત્રોમાં અમૃત-અવિનાશી કહેવાયો છે; એટલું જ નહીં પણ તે જ બ્રહ્મમાં પૃથ્વી વગેરે સર્વ લોકો આશ્રિત છે; કેમ કે તે સર્વ લોકોનું કારણ છે. તેનું કોઈપણ અતિક્રમણ કરી શકતું નથી (નિશ્ચય આ જ તે બ્રહ્મ છે) વગેરે (આગળની વ્યાખ્યા) પાછળ કહેવાઈ ગઈ છે તે જ પ્રમાણે સમજવી જોઈએ. ૮

અનેક તાર્કિકોની કુબુદ્ધિથી જેમનું ચિત્ત ચંચળ કરી નાખવામાં આવ્યું છે, આથી જેમની બુદ્ધિ સરળ નથી તે બ્રાહ્મણોના—બ્રહ્મને જાણનારાઓના ચિત્તમાં પ્રમાણુથી યુક્ત સિદ્ધ થવા છતાં, આત્માને એકત્વનું વિજ્ઞાન વારંવાર કહેવામાં આવ્યા છતાં સ્થિર થતું નથી; એટલા માટે તેના પ્રતિપાદનમાં આદર ધરાવનારી શ્રુતિ વારંવાર કહે છે:

## આત્માનું ઉપાધિ પ્રતિરૂપત્વ

**अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव।**
**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥९॥**

यथा=જેવી રીતે, भुवनम्=સમસ્ત બ્રહ્માંડમાં, प्रविष्टः=પ્રવિષ્ટ, एकः अग्निः=એક જ અગ્નિ, रूपम् रूपम्=અનેક રૂપોમાં, प्रतिरूपः=તેમના જેવા જ રૂપવાળો, बभूव=થઈ રહ્યો છે, तथा=તેવી જ રીતે, सर्वभूतान्तरात्मा=સઘળાં પ્રાણીઓનો અંતર આત્મા પરબ્રહ્મ, एकः (सन् अपि)=એક હોવા છતાંય; रूपम् रूपम्=નાના રૂપોમાં, प्रतिरूपः=તેમના જેવો જ રૂપ-વાળો (થઈ રહ્યો છે), च बहिः=ને તેમની બહાર પણ છે. ૯

જેવી રીતે સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત એક જ અગ્નિ નાના રૂપોમાં તેમના જેવા જ રૂપવાળો થઈ ને રહેલો છે, તેવી જ રીતે સઘળાં પ્રાણીઓનો અંતરાત્મા પરબ્રહ્મ એક જ હોવા છતાં અનેક રૂપોમાં તેમના જેવા જ રૂપવાળો થઈને રહેલો છે ને તેમની બહાર પણ ભિન્ન ભિન્ન રૂપોમાં રહેલો છે. ૯

**ભાષ્ય :** જેવી રીતે એક જ અગ્નિ પ્રકાશસ્વરૂપ હોઈને ત્રણ ભુવનમાં—એમાં બધા જીવો થાય છે, તેથી જ આ લોકને ભુવન કહેવામાં આવે છે. તે જ આ લોકમાં વ્યાપ્ત થયેલો દરેક રૂપને અર્થાત્ કાષ્ઠ વગેરે ભિન્ન ભિન્ન પ્રત્યેક તે તે પદાર્થને અનુરૂપ થયેલો છે, દાહ્ય ભેદથી અનેક પ્રકારનો થઈ ગયેલો છે; તેવી જ રીતે સર્વ ભૂતોનો એક જ અંતરાત્મા આંતરિક આત્મા અત્યંત સૂક્ષ્મ હોવાને લીધે કાષ્ઠાદિમાં પ્રવિષ્ટ થયેલા અગ્નિની પેઠે સઘળાં શરીરોમાં પ્રવિષ્ટ રહેવાને લીધે તેમને અનુરૂપ થઈ ગયો છે તેમ જ આકાશની સમાન પોતાના અવિકારી રૂપથી તેમની બહાર પણ છે. ૯

## આવું જ એક બીજું દૃષ્ટાંત છે

**वायुर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।**
**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥१०॥**

यथा=જેવી રીતે, भुवनम्=સમસ્ત બ્રહ્માંડમાં, प्रविष्टः=પ્રવિષ્ટ, एकः वायुः=એક ( જ ) વાયુ, रूपम् रूपम्=નાના રૂપોમાં, प्रतिरूपः=તેમના જેવા જ રૂપવાળો, बभूव=થઈ રહ્યો છે, तथा=તેવી જ રીતે, सर्वभूतान्तरात्मा=સર્વ પ્રાણીઓનો અંતરાત્મા પરબ્રહ્મ, एकः ( सन् अपि )=એક હોવા છતાં, रूपम् रूपम्=નાના રૂપોમાં, प्रतिरूपः=તેમના જેવા જ રૂપવાળો ( થઈ રહ્યો છે, ) च बहिः=ને તેમની બહાર પણ છે. ૧૦

એક જ વાયુ અવ્યક્ત રૂપથી સકળ બ્રહ્માંડમાં વ્યાપ્ત છે, તોપણ વ્યક્તમાં ભિન્ન ભિન્ન વસ્તુઓના સંયોગથી તે તે વસ્તુઓને અનુરૂપ ગતિ અને શક્તિવાળો દેખાય છે. તે જ પ્રમાણે સમસ્ત પ્રાણીઓના સંબંધને લીધે જુદી જુદી શક્તિ અને ગતિવાળો દેખાય છે. પણ તે તેટલો જ નથી, તે સર્વની બહાર પણ અનંત–અસીમ તેમ જ

ભિન્ન રૂપથી રહેલો છે. ૧૦

**ભાષ્ય :** જેવી રીતે એક જ વાયુ પ્રાણરૂપથી દેહમાં પ્રવેશીને પ્રત્યેક રૂપથી અનુરૂપ થઈ રહ્યો છે ( તે જ પ્રમાણે સકળ ભૂતોને એક જ અંતરાત્મા પ્રત્યેક રૂપને અનુરૂપ થઈ રહ્યો છે ) વગેરે અગાઉ કહેવાઈ ગયું છે તે પ્રમાણે જ સમજવું જોઈએ. ૧૦

આ પ્રમાણે એકનું જ સર્વાત્મકપણું હોવાથી સંસારના દુઃખથી યુક્ત હોવું પણ પરમાત્માનું જ સિદ્ધ થાય છે; આથી આમ કહેવાય છે :

## આત્માની અસંગતા

**सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।**
**एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ॥११**

यथा=જેવી રીતે, सर्वलोकस्य=સમસ્ત બ્રહ્માંડનો, चक्षुः सूर्यः=પ્રકાશક સૂર્ય, चाक्षुषैः=લોકોની આંખોથી થનારા, बाह्यदोषैः=બહારના દોષોથી, न लिप्यते=લેપાતો નથી, तथा=તેવી જ રીતે, सर्वभूतान्तरात्मा=સર્વ પ્રાણીઓનો અંતરાત્મા, एकः=એક પરબ્રહ્મ પરમાત્મા, लोकदुःखेन=લોકોના દુઃખથી, न लिप्यते=લેપાતો નથી (यतः=કારણ કે ) बाह्यः=સર્વમાં રહેલો હોવા છતાં ય સર્વથી ભિન્ન છે. ૧૧

જેવી રીતે સકળ લોકોનું નેત્ર હોઈને પણ સૂર્ય નેત્રસંબંધી બાહ્ય દોષોથી લેપાતો નથી, તેવી જ રીતે સર્વ ભૂતોનો એક જ અંતરાત્મા સંસારનાં દુઃખથી લેપાતો નથી, બલકે તેમનાથી બહાર રહે છે. ૧૧

**ભાષ્ય :** જેવી રીતે સૂર્ય પોતાના પ્રકાશથી લોકોનો ઉપકાર કરતો રહી અર્થાત્ મળમૂત્ર વગેરે અપવિત્ર વસ્તુઓને પ્રકાશિત કરવાને લીધે એટલે કે તેમને દેખાડતો હોવાથી તેમને જોનારા સમસ્ત લોકોનું નેત્રરૂપ હોઈને પણ અપવિત્ર પદાર્થને જોવાથી આમ થયેલા આધ્યા-

ત્મિક પાપદોષ તથા અપવિત્ર પદાર્થોના સંસર્ગથી થનાર બાહ્ય દોષોથી લેપાતો નથી, તેવી જ રીતે સર્વ ભૂતોના એક જ અંતરાત્મા પણ લોકોનાં દુઃખથી લેપાતો નથી, પણ તેનાથી બહાર રહે છે.

લોકો પોતાના આત્મામાં આરોપિત અવિદ્યાને લીધે જ કામના અને કર્મજનિત દુઃખનો અનુભવ કરે છે; પરંતુ તે ( અવિદ્યા ) ખરી રીતે સ્વાત્મામાં નથી, જેવી રીતે રજ્જુ ( દોરડી ) શુક્તિ ( છીપ ), મરુસ્થળ અને આકાશમાં ( ભાસનારા ) સર્પ, રજત ( ચાંદી ), જળ અને મલિનતા–આ તે રજ્જુ વગેરેમાં સ્વાભાવિક દોષરૂપ નથી બલ્કે તેમના સંસર્ગમાં આવેલા પુરુષમાં વિપરીત બુદ્ધિનો અધ્યાસ થવાથી જ તેઓ તે તે દોષથી યુક્ત ભાસે છે; પરંતુ તે દોષોથી તે લેપાતા નથી; કારણ કે તેઓ તો તે વિપરીત બુદ્ધિજનિત અધ્યાસથી–ભ્રમથી બહાર જ છે.

તેવી જ રીતે સર્વ લોકો પણ ( રજ્જુ વગેરેમાં થયેલ મિથ્યા જ્ઞાન ) સર્પાદિની પેઠે પોતાના આત્મામાં ક્રિયા, કારક અને ફળરૂપ વિપરીત જ્ઞાનનો આરોપ કરીને તેના નિમિત્તથી થનારા જન્મમરણ વગેરે દુઃખનો અનુભવ કરે છે. આત્મા તો સર્વ લોકનો અંતરાત્મા હોઈને પણ વિપરીત અધ્યારોપથી થનારા લૌકિક દુઃખથી લેપાતો નથી. શાથી નથી લેપાતો ? કારણ કે તે તેનાથી બહાર છે, અર્થાત્ રજ્જુ વગેરેની પેઠે તે વિપરીત બુદ્ધિજનિત મિથ્યા જ્ઞાનથી બહાર જ છે. ૧૧

વળી—

## આત્મદર્શી જ નિત્યસુખી છે

**एको वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति ।**
**तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥**

यः=જે, सर्वभूतान्तरात्मा=સર્વ પ્રાણીઓના અંતર્યામી, एकः वशी=અદ્વિતીય તેમ જ સર્વને વશમાં રાખનારા( પરમાત્મા )ને, અને यः=જે, एकम् रूपम्=એક જ રૂપને, बहुधा=અનેક પ્રકારનું બનાવી લે છે

તે પરમાત્માને, ये धीराः=જે જ્ઞાની પુરુષો, अनुपश्यन्ति=નિરંતર જોતા રહે છે, तेषाम्=તેમને જ, शाश्वतम् सुखम्=સદા અટલ રહેનારું પરમાનંદસ્વરૂપ વાસ્તવિક સુખ (મળે છે); इतरेषाम् न=બીજાઓને (મળતું) નથી. ૧૨

**જે પરમાત્મા હમેશાં સર્વના અંતરાત્મારૂપથી સ્થિત છે. જે અદ્વિતીય છે ને સર્વ જગતમાં દેવ, મનુષ્ય વગેરે બધાને હમેશાં પોતાના વશમાં રાખે છે, તે જ સર્વશક્તિમાન પરમેશ્વર પોતાના એક જ રૂપને પોતાની લીલાથી અનેક પ્રકારનું બનાવી લે છે. તે પરમાત્માને જે જ્ઞાની મહાપુરુષ નિરંતર પોતાની અંદર રહેલો જુએ છે તેમને જ સદા સ્થિર રહેનારો આનંદ મળે છે, બીજાઓને તેવો આનંદ મળતો નથી. ૧૨**

**भाष्य :** તે સ્વતંત્ર અને સર્વગત પરમેશ્વર એક છે. તેના જેવો અથવા તેનાથી વધે તેવું મહાન બીજું કોઈ નથી. તે વશી છે, કારણ કે સર્વ જગત તેને અધીન છે. શાથી તેને અધીન છે? (એ વિષે કહે છે) કારણ કે તે સર્વ ભૂતોનો અંતરાત્મા છે; આ પ્રમાણે જે અચિંત્ય-શક્તિસંપન્ન હોવાને લીધે પોતાના એક-નિત્ય એકરસ વિશુદ્ધ વિજ્ઞાનસ્વરૂપ આત્માને નામરૂપ આદિ અશુદ્ધ ઉપાધિભેદને પોતાની સત્તામાત્રથી અનેક પ્રકારનો કરી લે છે, તે આત્મસ્થ અર્થાત્ પોતાના શરીરમાં રહેલા હૃદયાકાશમાં એટલે કે બુદ્ધિમાં ચૈતન્યસ્વરૂપથી અભિવ્યક્ત થયેલા આત્માને જે લોકો જુએ છે તેમને જ નિત્ય સુખ પ્રાપ્ત થાય છે.

આકાશની પેઠે અમૂર્તિમાન હોવાથી આત્માનો આધાર શરીર નથી (અર્થાત્ આત્મા નિરાધાર છે.) જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબિત એટલે કે દેખાતા મુખનો આધાર દર્પણ નથી તેમ જેમની બાહ્ય વૃત્તિઓ નિવૃત્ત થઈ ગઈ છે એવા જે ધીર-વિવેકી પુરુષો તે ઈશ્વરને-

આત્માને જુએ છે—આચાર્ય અને શાસ્ત્રનો ઉપદેશ પામ્યા પછી તેમનો સાક્ષાત્ અનુભવ કરે છે, તે પરમાત્મસ્વરૂપપણાને પ્રાપ્ત થયેલા પુરુષોને જ આત્માનંદરૂપ શાશ્વત—નિત્યસુખ પ્રાપ્ત થાય છે. પરંતુ બીજાઓ જેઓ બાહ્ય પદાર્થોમાં આસક્તચિત્ત—અવિવેકી પુરુષો છે તેમને આ સુખ સ્વાત્મભૂત—પોતાનામાંથી ઉત્પન્ન થયેલ હોવા છતાંય અવિદ્યારૂપ વ્યવધાનને લીધે—આડને લીધે પ્રાપ્ત થઈ શકતું નથી. ૧૨

તદુપરાંત—

**नित्योऽनित्यानां चेतनश्चेतनानामेको बहुनां यो विदधाति कामान्।**
**तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्॥**

यः=જે, नित्यानाम्=નિત્યોનો (પણ) नित्यः=નિત્ય (છે), चेतनानाम्=ચેતનોનું (પણ), चेतनः=ચેતન છે (અને), एकः बहुनाम्=એકલો જ આ અનેક (જીવો)ની, कामान्=કામનાઓનું, विदधाति=વિધાન કરે છે, तम् आत्मस्थम्=તે પોતાની અંદર રહેનારા (પુરુષોત્તમને), ये धीराः=જે જ્ઞાનીઓ, अनुपश्यन्ति=નિરંતર જોતા રહે છે, तेषाम्=તેમને જ, शाश्वती शान्तिः=સદા અટલ રહેનારી શાંતિ (પ્રાપ્ત થાય છે), इतरेषाम् न=બીજાઓને નહીં. ૧૩

**જે સર્વ નિત્ય ચેતન આત્માઓનો પણ નિત્ય ચેતન આત્મા છે ને જે પોતે એકલો જ અનંત જીવોના ભોગોનું તેમનાં પોતાનાં કર્મ પ્રમાણે વિધાન કરે છે, તે સર્વશક્તિમાન પરમેશ્વર—પરબ્રહ્મ પુરુષોત્તમને જે જ્ઞાની મહાપુરુષો પોતાની અંદર નિરંતર રહેલો જુએ છે, તેમને જ સદા સ્થિર રહેનારી—અટલ શાંતિ મળે છે, બીજાઓને તેવી શાંતિ મળતી નથી. ૧૩**

**ભાષ્ય :** જે અનિત્યોમાં—નાશવંતોમાં નિત્ય અર્થાત્ અવિનાશી છે, ચેતન એટલે કે બ્રહ્મા આદિ અન્ય ચેતવનાર પ્રાણીઓનું પણ ચેતન છે. જેવી રીતે જળ વગેરે દાહકશક્તિથી રહિત પદાર્થોનું દાહકત્વ

અગ્નિના નિમિત્તથી થાય છે, તેવી જ રીતે અન્ય પ્રાણીઓનું ચેતનત્વ આત્મચૈતન્યના નિમિત્તથી જ છે. તદુપરાંત તે સર્વજ્ઞ તથા સર્વેશ્વર પણ છે; કારણ કે તે એકલો જ કંઈ પણ પ્રયાસ વિના અનેક સકામ અને સંસારી પુરુષોનાં કર્માનુરૂપ ભોગ અર્થાત્ કર્મફળ તેમ જ પોતાના અનુગ્રહરૂપ નિમિત્તથી થયેલા ભોગ આપે છે. જે ધીર (બુદ્ધિમાન) પુરુષ પોતાના આત્મામાં સ્થિત તે પરમાત્માને જુએ છે, તેમને જ શાશ્વતી–નિત્ય સ્વાત્મભૂતા–પોતાના આત્મામાંથી જ ઉત્પન્ન થયેલી ઉપરતિ–શાંતિ પ્રાપ્ત થાય છે–બીજાઓ જે આવા નથી તેમને પ્રાપ્ત થતી નથી. ૧૩

જિજ્ઞાસુ નચિકેતા આ પ્રમાણે તે બ્રહ્મપ્રાપ્તિનો આનંદ અને શાંતિનો મહિમા સાંભળીને મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો :

**तदेतदिति मन्यन्तेऽनिर्देश्यं परमं सुखम् ।**
**कथं नु तद्विजानीयां किमु भाति विभाति वा ॥१४॥**

तत्=તે, अनिर्देश्यम्=અનિર્વચનીય, परमम्=પરમ, सुखम्=સુખ, एतत्=આ (પરમાત્મા જ છે), इति-આમ, मन्यन्ते=(જ્ઞાનીજન) માને છે; तत्=તેને, कथम् नु=કઈ રીતે, विजानीयाम्=હું સારી પેઠે જાણું–સમજું, किमु=કે તે, भाति=પ્રકાશિત થાય છે, वा=કે, विभाति= અનુભવમાં આવે છે. ૧૪

તે સનાતન પરમ આનંદ અને પરમ શાંતિને પ્રાપ્ત થયેલા જ્ઞાની મહાત્મા જન એવું માને છે કે, પરબ્રહ્મ પુરુષોત્તમ જ તે અલૌકિક શ્રેષ્ઠ આનંદ છે, જેનું વર્ણન મન–વાણીથી કરી શકાતું નથી. તે પરમાનંદસ્વરૂપ પરમેશ્વરને હું અપરોક્ષ રૂપથી કઈ રીતે જાણું કે તે પ્રત્યક્ષ પ્રકટ થાય છે કે અનુભવમાં આવે છે! તેનું જ્ઞાન કઈ રીતે થાય છે? ૧૪

**ભાષ્ય :** આ જે આત્મવિજ્ઞાનરૂપ સુખ છે તે અનિર્દેશ્ય–કથન

કરવાને અયોગ્ય, પરમ અર્થાત્ પ્રકૃષ્ટ અને સાધારણ પુરુષોના વાણી અને મનનો અવિષય પણ છે; અર્થાત્ તેમનાથી ગોચર નથી તોપણ જે સર્વ પ્રકારની એષણાઓથી રહિત બ્રહ્મવિદો છે તેઓ તેને પ્રત્યક્ષ જ માને છે, તે આત્મસુખને હું કઈ રીતે જાણી શકું ? અર્થાત્ નિષ્કામ યતિઓની પેઠે 'તે આ જ છે,' આ પ્રમાણે તેને હું પોતાની બુદ્ધિનો વિષય કઈ રીતે બનાવું ? તે પ્રકાશસ્વરૂપ છે તો પછી શું તે દીપ્તિમાન થાય છે–અમારી બુદ્ધિનો વિષય બનીને તે દેખાય છે કે નહીં ?

આનો ઉત્તર એ જ છે કે, તે ભાસે છે–પ્રકાશિત થાય છે-તે વિશેષરૂપથી પ્રકાશે છે. કઈ રીતે ? (તે કહે છે:)

નચિકેતાના આંતરિક ભાવને સમજીને યમરાજે કહ્યું :

## સર્વ પ્રકાશકનું અપ્રકાશ્યત્વ

**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः।**
**तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ १५॥**

तत्र=ત્યાં, न सूर्यः भाति=ન (તો) સૂર્ય પ્રકાશિત થાય છે, न चन्द्रतारकम्=ન ચંદ્રમા અને તારાઓનો સમુદાય (પ્રકાશિત થાય છે), न इमाः विद्युतः भान्ति=(તેમ જ) આ વીજળીઓ પણ પ્રકાશિત થતી નથી. अयम् अग्निः कुतः=તો પછી આ (લૌકિક) અગ્નિ કઈ રીતે (પ્રકાશિત થઈ શકે છે ! કેમ કે) तम्=તેના, भान्तम् एव=પ્રકાશિત થવાથી જ (તેના જ પ્રકાશથી), सर्वम्=ઉપર કહેલા સૂર્ય વગેરે બધા, अनुभाति=પ્રકાશિત થાય છે, तस्य भासा=તેના જ પ્રકાશથી, इदम् सर्वम्=આ સકળ જગત, विभाति=પ્રકાશિત થાય છે. ૧૫

**ત્યાં (તે આત્મલોકમાં) સૂર્ય પ્રકાશિત થતો નથી; ચંદ્રમા ને તારાઓ પણ ચમકતા નથી તેમ જ આ વીજળી પણ ચમકારા મારતી નથી; તો પછી આ લૌકિક અગ્નિની**

**તો વાત જ ક્યાં રહી ! તે પ્રકાશમાન થતાં જ સર્વ કાંઈ પ્રકાશિત થાય છે ને તેના પ્રકાશથી જ આ સર્વ કાંઈ ભાસે છે !**

**ભાષ્ય :** ત્યાં પોતાના તે આત્મસ્વરૂપ બ્રહ્મમાં સર્વને પ્રકાશિત કરનારો હોઈને પણ સૂર્ય પ્રકાશિત થતો નથી; અર્થાત્ તે પણ તે બ્રહ્મને પ્રકાશિત કરતો નથી, તેવી જ રીતે આ ચંદ્રમા, તારાઓ અને વિદ્યુત પણ પ્રકાશિત થતાં નથી; તો પછી અમારી દૃષ્ટિના વિષયભૂત આ અગ્નિ વિષે તો કહેવાનું જ શું ! વધુ શું કહેવું ! આ સૂર્ય વગેરે જે કંઈ પ્રકાશિત થઈ રહ્યાં છે તે બધાં તે પરમાત્માના પ્રકાશવાથી જ અનુભાસિત—પ્રકાશિત થઈ રહ્યાં છે. જેવી રીતે જળ અને ઉલ્મુક (બળતાં લાકડાં) વગેરે અગ્નિના સંયોગથી અગ્નિ પ્રજ્વલિત હોય ત્યાં સુધી જ દઝાડે છે, તેવી જ રીતે તેના પ્રકાશથી જ આ સૂર્ય વગેરે સર્વ પ્રકાશિત થઈ રહ્યાં છે.

આમ છે તેથી તે જ બ્રહ્મ પ્રકાશિત થાય છે ને વિશેષરૂપથી પ્રકાશિત થાય છે. કાર્યગત નાના પ્રકારના પ્રકાશથી તે બ્રહ્મની પ્રકાશ-સ્વરૂપતા સ્વતઃસિદ્ધ છે; કારણ કે જેનામાં પોતાનો પ્રકાશ નથી તે બીજાને પ્રકાશિત કરી શકતો નથી; કેમ કે ઘટ વગેરે પદાર્થો બીજા પદાર્થોને પ્રકાશિત કરતા હોવાનું ક્યારેક જોવામાં આવ્યું નથી; જ્યારે આદિત્ય વગેરે, અન્ય પદાર્થોને પ્રકાશિત કરતા હોય છે એવું જોવામાં આવે છે. ૧૫

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલા
કઠોપનિષદના બીજા અધ્યાયમાં દ્વિતીય વલ્લીભાષ્ય સમાપ્ત

# ત્રીજી વલ્લી

## સંસારરૂપ અશ્વત્થવૃક્ષ

**ભાષ્ય :** વ્યવહારમાં જેવી રીતે તૂલ×(કાર્ય)નો નિશ્ચય કરવામાં આવે છે, તેવી જ રીતે સંસારકાર્યરૂપ વૃક્ષના નિશ્ચયથી તેના મૂળ બ્રહ્મનું સ્વરૂપ નક્કી કરવાની ઇચ્છાથી આ છઠ્ઠી (બીજા અધ્યાયની ત્રીજી અથવા છઠ્ઠી) વલ્લીનો આરંભ કરાય છે :

**ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः ।**
**तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।**
**तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥**

ऊर्ध्वमूलः=ઉપરની બાજુ મૂળવાળો, अवाक्शाखः=નીચેની બાજુ શાખાવાળો, एषः=આ (પ્રત્યક્ષ જગત), सनातनः अश्वत्थः=સનાતન પીપળાનું વૃક્ષ છે, (तन्मूलम्)=એનું મૂળભૂત, तत् एव शुक्रम्=તે (પરમેશ્વર) જ વિશુદ્ધ તત્ત્વ છે, तत् ब्रह्म=તે જ બ્રહ્મ છે (અને), तत् एव=તે જ, अमृतम् उच्यते=અમૃત કહેવાય છે, सर्वे लोकाः=બધા લોક, तस्मिन्=તેના જ, श्रिताः=આશ્રિત છે, कश्चन उ=કોઈ પણ, तत्=તેને, न अत्येति=ઓળંગી શકતું નથી. एतत् वै=આ જ છે, तत्=તે (પરમાત્મા જેના વિષે તમે પૂછ્યું હતું). ૧

જેનું મૂળ ઉપરની બાજુ તથા શાખાઓ નીચેની બાજુએ છે એવું આ અશ્વત્થ વૃક્ષ સનાતન (અનાદિ કાળથી) છે; તે જ વિશુદ્ધ જ્યોતિઃસ્વરૂપ છે, તે જ બ્રહ્મ છે ને તે જ અમૃત કહેવાય છે. સર્વ લોકો તેનામાં જ

---

× કપાસને 'તૂલ' કહેવામાં આવે છે. કપાસના છોડનું તે કાર્ય છે. આથી અહીં 'તૂલ' શબ્દથી સંપૂર્ણ કાર્યવર્ગ ઉપલક્ષિત થાય છે.

આશ્રિત છે; કોઈ પણ તેનું અતિક્રમણ કરી શકતું નથી. નિશ્ચયપૂર્વક આ જ તે (બ્રહ્મ) છે. ૧

**ભાષ્ય :** ઊર્ધ્વ (ઉપરની બાજુ) અર્થાત્ ભગવાન વિષ્ણુનું જે પરમ પદ છે તે જ જેનું મૂળ છે એવું આ અવ્યક્તથી સ્થાવર પર્યંત સંસારવૃક્ષ 'ઊર્ધ્વમૂલ' છે. એનું 'વ્રશ્ચન' અર્થાત છેદન થતું હોવાથી એ વૃક્ષ કહેવાય છે. જન્મ, જરા, મરણ અને શોક વગેરે અનેક અનર્થોથી જે ભરેલું છે, દરેક પળે અન્યથાભાવને પ્રાપ્ત થનારું; માયા, મૃગજળ અને ગંધર્વ નગરાદિની જેમ જોવાયેલું નષ્ટસ્વરૂપ હોવાથી અંતે વૃક્ષની સમાન અભાવરૂપ થઈ જનારું; કેવળ થાંભલાની પેઠે સારરહિત તેમ જ સેંકડો પાખંડીઓની બુદ્ધિના વિકલ્પોનો આશ્રય છે, તત્ત્વજિજ્ઞાસુઓ વડે જેનું તત્ત્વ 'इदम्' રૂપથી નિશ્ચિત કરવામાં આવ્યું નથી; વેદાંતનિર્ણીત પરબ્રહ્મ જ જેનું મૂળ અને સાર છે; જે અવિદ્યા, કામ, કર્મ અને અવ્યક્તરૂપ બીજથી ઉત્પન્ન થનારું છે; જ્ઞાન અને ક્રિયા–આ બંને શક્તિઓ જેની સ્વરૂપભૂત છે; અપર બ્રહ્મરૂપ તે હિરણ્યગર્ભ જ જેનો અંકુર છે; સકળ પ્રાણીઓનાં લિંગશરીર જ જેના સ્કંધ છે; જે તૃષ્ણારૂપ, જળના સિંચનથી વધેલા તેજવાળું; બુદ્ધિ, ઇંદ્રિય અને વિષયરૂપ નૂતન પલ્લવોના અંકુરવાળું; શ્રુતિ, સ્મૃતિ, ન્યાય અને જ્ઞાનના ઉપદેશરૂપ પાંદડાંઓવાળું; યજ્ઞ, દાન, તપ વગેરે અનેક ક્રિયાઓના સમૂહરૂપ સુંદર ફૂલોવાળું; સુખ, દુઃખ અને વેદનારૂપ અનેક પ્રકારના રસોથી યુક્ત; પ્રાણીઓની આજીવિકારૂપ અનંત ફળોવાળું; તેમ જ ફળોની તૃષ્ણારૂપ, જળના સિંચનથી વધેલું અને (સાત્ત્વિકાદિ ભાવોથી) મિશ્રિત ને દૃઢતાપૂર્વક સ્થિર થયેલાં (કર્મ–વાસનાદિરૂપ ગૌણ) મૂળવાળું છે; બ્રહ્મા વગેરે પક્ષીઓએ જેના પર સત્ય વગેરે નામોવાળા સાત લોકરૂપ માળાઓ બનાવી રાખેલા છે; પ્રાણીઓનાં સુખ–દુઃખજનિત હર્ષશોકથી ઉત્પન્ન થયેલા નૃત્ય, ગાન, વાદ્ય, ક્રીડા, આસ્ફોટન (તાલ ઠોકવા), હાસ્ય,

વિલાપ, રુદન તેમ જ હાય–હાય ! છોડ–છોડ ! વગેરે અનેક પ્રકારના શબ્દોના તુમુલ ધ્વનિથી ધૂંધવાઈ રહેલું છે; તેમ જ વેદાંતવિહિત, બ્રહ્મૈક્યદર્શનરૂપ અસંગશસ્ત્રથી જેનો ઉચ્છેદ થાય છે એવું આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષ છે; અર્થાત્ અશ્વત્થ વૃક્ષની પેઠે કામના અને કર્મરૂપ વાયુથી પ્રેરિત થયેલું નિત્ય ચંચળ સ્વભાવવાળું છે. સ્વર્ગ, નરક, તિર્યક્ પ્રેતાદિ શાખાઓને લીધે આ નીચેની બાજુ ફેલાયેલી શાખાઓવાળું છે, તેમ જ સનાતન અર્થાત્ અનાદિ હોવાને લીધે ચિરકાળથી ચાલ્યું આવે છે

આ સંસારનું જે મૂળ છે તે જ શુક્ર, શુભ્ર, શુદ્ધ, જ્યોતિર્મય અર્થાત્ ચૈતન્યાત્મજ્યોતિઃસ્વરૂપ છે, તેમ જ સર્વથી મહાન હોવાને લીધે બ્રહ્મ છે. તે જ સત્યસ્વરૂપ હોવાથી અમૃત અર્થાત્ અવિનાશી સ્વભાવવાળું કહેવાય છે. વાણીનો વિષય જે કાર્ય તે તો નામમાત્ર છે તેથી તે બ્રહ્મથી અન્ય સર્વ મિથ્યા અને નાશવંત છે તે પરમાર્થ-સત્ય બ્રહ્મમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય સમયે સઘળા લોકો, ગંધર્વ-નગર, મૃગજળ અને માયાની જેમ આશ્રિત આ સર્વ કાંઈ પરમાર્થ-દર્શન થઈ ગયા પછી સમાઈ જનારા છે, જેવી રીતે ઘટ વગેરે કોઈ પણ કાર્ય મૃત્તિકા વગેરેનું અતિક્રમણ કરી શકતું નથી, તેવી રીતે કોઈ પણ વિકાર તે બ્રહ્મનું અતિક્રમણ કરી શકતો નથી. નિશ્ચય આ જ તે ( બ્રહ્મ ) છે.

‘ જેનું જ્ઞાન થવાથી અમર થઈ જાય છે ’ એવું જેના વિષે કહેવામાં આવે છે, તે જગતનું મૂળભૂત બ્રહ્મ તો વસ્તુતઃ છે જ નહિ. આ સર્વ તો અસત્‌થી જ પ્રાદુર્ભૂત થયેલું છે એવી શંકા થતાં કહે છે કે વાત એમ નથી ( કારણ કે )—

## ઈશ્વરના જ્ઞાનથી અમરત્વની પ્રાપ્તિ

**यदिदं किञ्च जगत्सर्वं प्राण एजति निःसृतम् ।**
**महद्भयं वज्रमुद्यतं य एतद्विदुरमृतास्ते भवन्ति ॥२॥**

निःसृतम्=(પરબ્રહ્મ પરમેશ્વરથી) નીકળેલું, इदम् यत् किंच–આ જે કાંઈ પણ, सर्वम् जगत्=સંપૂર્ણ જગત છે, प्राणे एजति=તે પ્રાણસ્વરૂપ પરમેશ્વરમાં જ ચેષ્ટા કરે છે; एतत्=આ, उद्यतम् वज्रम्=ઉગામેલા વજ્રની પેઠે, महत् भयम्=મહાન ભયસ્વરૂપ (સર્વશક્તિમાન) પરમેશ્વરને, ये विदुः=જેઓ જાણે છે, ते=તેઓ, अमृताः भवन्ति=અમર થઈ જાય છે, અર્થાત્ જન્મ-મરણથી છૂટી જાય છે.

આ જે કાંઈ પણ સંપૂર્ણ ચરાચર જગત છે તે પોતાના પરમ કારણરૂપ જે પરબ્રહ્મ પુરુષોત્તમથી પ્રકટ થયેલું છે, તે જ પરમેશ્વરમાં ચેષ્ટા કરે છે, અર્થાત્ એની ચેષ્ટાઓનો આધાર ને નિયામક પણ તે પરમેશ્વર જ છે. તે પરમેશ્વર પરમદયાળુ હોવા છતાં મહાન ભયસ્વરૂપ છે તેમ જ તે ઉગામેલા વજ્ર જેવા છે, જેથી સર્વ દેવતાઓ હમેશાં નિયમાનુસાર આ પરમેશ્વરની આજ્ઞા પાળવામાં તત્પર રહે છે. એવા સર્વશક્તિમાન પરબ્રહ્મ પરમેશ્વરને જેઓ જાણે છે, તે તત્ત્વજ્ઞ પુરુષો અમર થઈ જાય છે, અર્થાત્ જન્મ-મરણથી છૂટી જાય છે. ૨

भाष्य : આ જે કાંઈ છે અર્થાત્ આ જે કાંઈ જગત છે તે સર્વ પ્રાણ અર્થાત્ પરબ્રહ્મ હોવાથી જ પ્રાદુર્ભૂત થઈને એજન–કંપન–ગમન કરે છે અર્થાત્ નિયમથી ચેષ્ટા કરે છે. આ પ્રમાણે જે બ્રહ્મ જગતની ઉત્પત્તિ વગેરેનું કારણ છે તેથી તે મહાન ભયરૂપ છે. અર્થાત્ એનાથી બધા ભય પામે છે તેથી તે 'મહદ્ભય' છે. વળી તે ઉગામેલા વજ્ર જેવું છે. કહેવાનો આશય એ છે કે, જેવી રીતે પોતાની આગળ સ્વામીને હાથમાં વજ્ર ઉગામેલું જોઈને સેવકો નિયમ પ્રમાણે તેની આજ્ઞાને વશ વર્તીને પોતાના કાર્યમાં પ્રવૃત્ત થતા રહે છે, તેવી જ રીતે ચંદ્રમા, સૂર્ય, ગ્રહો, નક્ષત્રો અને તારાઓ વગેરેના રૂપવાળું આ સર્વ જગત પોતાના અધ્યક્ષો સહિત એક ક્ષણ માટે પણ વિશ્રાંતિ

ન લેતાં નિયમાનુસાર તેની આજ્ઞા પ્રમાણે વર્તતું રહે છે, પોતાના અંતઃકરણની પ્રવૃત્તિના સાક્ષીરૂપ આ એક બ્રહ્મને જેઓ જાણે છે, તેઓ અમરણધર્મા—અમર—મરણધર્મથી રહિત થાય છે. ૨

તેના ભયથી જગત કઈ રીતે વર્તતું રહે છે, તે વિષે કહે છે:

## સર્વશાસક પ્રભુ

**भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।**
**भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥३॥**

अस्य भयात्=એના જ ભયથી, अग्निः तपति=અગ્નિ તપે છે. भयात=(એના જ) ભયથી, सूर्यः तपति=સૂર્ય તપે છે, च=અને (अस्य)भयात्=એના જ ભયથી, इन्द्रः वायुः=ઇંદ્ર, વાયુ, च=તેમ જ, पञ्चमः मृत्युः=પાંચમું મૃત્યુ, धावति=(પોતપોતાના કાર્યમાં) પ્રવૃત્ત થઈ રહે છે.

**આ પરમેશ્વરના ભયથી અગ્નિ તપે છે, એના જ ભયથી સૂર્ય તપે છે ને એના જ ભયથી ઇંદ્ર, વાયુ અને પાંચમું મૃત્યુ પોતપોતાના કામમાં પ્રવૃત્ત થઈ રહે છે. ૩**

**भाष्य :** આ પરમેશ્વરના ભયથી અગ્નિ તપે છે, એના જ ભયથી સૂર્ય તપી રહ્યો છે ને એના જ ભયથી ઇન્દ્ર, વાયુ અને પાંચમું મૃત્યુ દોડતું રહે છે સામર્થ્યવાન અને શાસનશીલ લોકપાલોનો, હાથમાં વજ્ર ઉગામી રાખનારા (ઇન્દ્ર) જેવો કોઈ નિયંતા ન હોત તો સ્વામીના ભયથી પ્રવૃત્ત થનારા સેવકોની પેઠે તેમની નિયમિત પ્રવૃત્તિ થઈ શકતી ન હોત. ૩

તે ભયના કારણસ્વરૂપ તે (ब्रह्म) ને—

## ઈશ્વરના જ્ઞાન વિના પુનર્જન્મપ્રાપ્તિ

**इह चेदशकद्बोद्धुं प्राक्शरीरस्य विस्रसः ।**
**ततः सर्गेषु लोकेषु शरीरत्वाय कल्पते ॥४॥**

चेत्=જો, शरीरस्य=શરીરનું, विस्रसः—પતન થવાથી, प्राक्=પહેલાં इह=આ મનુષ્યશરીરમાં જ (સાધક), बोद्धुम्=પરમાત્માને સાક્ષાત્, अशकत्=કરી શકયો (તો તો ઠીક છે), ततः=નહીં તો પછી, सर्गेषु= અનેક કલ્પો સુધી, लोकेषु=વિવિધ લોક અને યોનિઓમાં, शरीरत्वाय कल्पते=શરીર ધારણ કરવા માટે ફરજ પડે છે. ૪

**જો કોઈ સાધક આ મનુષ્યશરીરનો નાશ થતાં પહેલાં જ પરમેશ્વરને જાણી લે છે, તો તો તેનું જીવન સફળ થઈ જાય છે; અનાદિ કાલથી જન્મમૃત્યુના પ્રવાહમાં પડેલો તે જીવ તેમનાથી છુટકારો પામી જાય છે; નહિ તો પછી તેને અનેક કલ્પો સુધી વિભિન્ન લોક અને યોનિઓમાં શરીર ધારણ કરવા માટે ફરજ પડે છે. આથી માણસે મરણ આવતા પહેલાં જ પરમાત્માને જાણી લેવો જોઈએ. ૪**

**भाष्य :** જો આ દેહની હયાતીમાં અર્થાત્ જીવિતાવસ્થામાં જ શરીર પડતાં પહેલાં સાધક પુરુષે આ સૂર્ય વગેરેના ભયના હેતુભૂત બ્રહ્મને જાણી લીધું હોય તો તે સંસારબંધનથી મુક્ત થઈ જાય છે, ને જો તેને ન જાણી શકયો, તો તેનું જ્ઞાન ન થવાથી તે સર્ગોમાં કે જેમાં સર્જવા યોગ્ય પ્રાણીઓની રચના કરવામાં આવે છે તે પૃથ્વી વગેરે લોકોમાં શરીરત્વ—શરીરભાવને પ્રાપ્ત થવામાં સમર્થ થાય છે; અર્થાત્ શરીર ગ્રહણ કરી લે છે એટલા માટે શરીર પડતાં પહેલાં જ આત્મજ્ઞાન પ્રાપ્ત થવા માટે યત્ન કરવો જોઈએ. ૪

કારણ કે જેવી રીતે દર્પણમાં મુખનું પ્રતિબિંબ સ્પષ્ટ પડે છે, તેવી જ રીતે આ( મનુષ્યદેહ )માં જ આત્માનું સ્પષ્ટ દર્શન થઈ શકે છે. એમાં જેટલી સ્પષ્ટતાથી તે અનુભવાય છે, તેવો બ્રહ્મલોક સિવાય બીજા કોઈ લોકમાં તેનો અનુભવ થતો નથી. વળી તે પ્રાપ્ત થવો અત્યંત કઠણ છે; કઈ રીતે, તે વિષે કહે છે:

## સ્થાનભેદથી ભગવદ્દર્શનમાં તારતમ્ય

**यथाऽऽदर्शे तथाऽऽत्मनि यथा स्वप्ने तथा पितृलोके ।
यथाप्सु परीव दद्दशे तथा गन्धर्वलोके
छायाऽऽतपयोरिव ब्रह्मलोके ॥५॥**

यथा आदर्शे=જેવી રીતે દર્પણમાં ( સામે આવેલ ) વસ્તુ દેખાય છે, तथा आत्मनि=તેવી જ રીતે શુદ્ધ અંતઃકરણમાં ( બ્રહ્મનાં દર્શન થાય છે ), यथा स्वप्ने=જેવી રીતે સ્વપ્નમાં ( વસ્તુ અસ્પષ્ટ દેખાય છે ), तथा पितृलोके=તેવી જ રીતે પિતૃલોકમાં ( પરમેશ્વર દેખાય છે ), यथा अप्सु= જેવી રીતે જળમાં ( વસ્તુના રૂપનું પ્રતિબિંબ પડે છે ), तथा गन्धर्व-लोके=તેવી જ રીતે ગંધર્વલોકમાં, परिददृशे इव=પરમાત્માની આભા જેવું દેખાય છે ( અને ), ब्रह्मलोके=બ્રહ્મલોકમાં ( તો ), छायाऽऽतपयोः इव= છાયા અને આતપ તડકાની પેઠે ( આત્મા અને પરમાત્મા બંનેનું સ્વરૂપ પૃથક્ પૃથક્ સ્પષ્ટ દેખાય છે ). ૫

જેવી રીતે દર્પણમાં ( સામે આવેલી ) વસ્તુ દેખાય છે, તેવી જ રીતે શુદ્ધ અંતઃકરણમાં બ્રહ્મનાં સ્પષ્ટ દર્શન થાય છે; જેવી રીતે સ્વપ્નમાં વસ્તુ અસ્પષ્ટ દેખાય છે, તેવી જ રીતે પિતૃલોકમાં પરમેશ્વર દેખાય છે; જેવી રીતે જળમાં વસ્તુના રૂપનું પ્રતિબિંબ પડે છે, તેવી જ રીતે ગંધર્વ-લોકમાં પરમાત્માની આભા જેવું દેખાય છે અને બ્રહ્મ-લોકમાં તો છાયા ને આતપ-તડકાની પેઠે આત્મા અને પરમ-આત્મા બન્નેનું સ્વરૂપ પૃથક્ પૃથક્ સ્પષ્ટ દેખાય છે. ૫

**ભાષ્ય :** દર્પણમાં પ્રતિબિંબિત થયેલા પોતાના આકારને જેવી રીતે લોકો અત્યંત સ્પષ્ટપણે જુએ છે, તેવી જ રીતે દર્પણની જેમ નિર્મળ થયેલી પોતાની બુદ્ધિમાં આત્માનું સ્પષ્ટ દર્શન થાય છે આવો આનો અભિપ્રાય છે. જેવી રીતે જાગ્રત વાસનાઓથી પ્રકટ થયેલું

દર્શન અસ્પષ્ટ હોય છે, તેવી જ રીતે પિતૃલોકમાં પણ અસ્પષ્ટ આત્મ-દર્શન થાય છે; કારણ કે ત્યાં જીવ કર્મફળના ભોગમાં આસક્ત રહે છે. વળી જેવી રીતે જળમાં પોતાનું સ્વરૂપ કંઈક એવું દેખાય છે જાણે કે તેના અવયવો વિભક્ત ન હોય; તેવી જ રીતે ગંધર્વલોકમાં પણ અસ્પષ્ટ રૂપથી જ આત્માનું દર્શન થાય છે. બીજા લોકોમાં પણ શાસ્ત્રપ્રમાણથી એવું જ ( અર્થાત્ અસ્પષ્ટ આત્મદર્શન જ ) માનવામાં આવે છે. કેવળ બ્રહ્મલોકમાં જ છાયા અને પ્રકાશની જેમ તે આત્મ-દર્શન અત્યંત સ્પષ્ટ રીતે થાય છે; પરંતુ અત્યંત વિશિષ્ટ કર્મ અને જ્ઞાનથી સાધ્ય હોવાને લીધે તે બ્રહ્મલોક અતીવ દુષ્પ્રાપ્ય છે. એટલા માટે કહેવાનો આશય એ છે કે, આ મનુષ્યલોકમાં જ આત્મદર્શનને માટે પ્રયત્ન કરવો જોઈએ. ૫

તે આત્માને કઈ રીતે જાણવો જોઈએ અને તેને જાણવાનું પ્રયોજન શું છે, એ વિષે કહે છે:

## આત્મજ્ઞાનનો પ્રકાર અને પ્રયોજન

**इन्द्रियाणां पृथग्भावमुदयास्तमयौ च यत् ।**
**पृथगुत्पद्यमानानां मत्वा धीरो न शोचति ॥ ६ ॥**

पृथक्=( પોતપોતાના કારણથી ) ભિન્ન-ભિન્ન રૂપોમાં, उत्पद्यमानानाम्=ઉત્પન્ન થયેલી, इन्द्रियाणाम्=ઇંદ્રિયોની, यत्=જે, पृथक् भावम्=પૃથક્ પૃથક્ સત્તા છે, च=અને, (यत्= ) જે તેમનો, उदयास्तमयौ=ઉદય અને લય થઈ જવારૂપ સ્વભાવ છે; (तत=તેને ), मत्वा=જાણીને, धीरः=( આત્માનું સ્વરૂપ તેનાથી ભિન્ન સમજનારો ) ધીર પુરુષ, न शोचति=શોક કરતો નથી. ૬

**શબ્દ-સ્પર્શ વગેરે વિષયોના અનુભવરૂપ પૃથક્ પૃથક્ કાર્ય કરવાને માટે ભિન્ન ભિન્ન રૂપમાં ઉત્પન્ન થયેલી ઇંદ્રિયો-ના જે પૃથક્ પૃથક્ ભાવ છે તેમ જ જાગ્રત અવસ્થામાં**

કાર્યશીલ થઈ જવું ને સુષુપ્તિકાળમાં લય થઈ જવારૂપ જે તેમની પરિવર્તનશીલતા છે, એમના પર વિચાર કરીને જ્યારે બુદ્ધિમાન મનુષ્ય આ રહસ્યને સમજી લે છે કે, 'આ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ વગેરે અથવા એમનું સંઘાતરૂપ આ શરીર હું નથી, હું એમનાથી સર્વથા ભિન્ન નિત્ય ચેતન છું, સર્વથા વિશુદ્ધ અને સદા એકરસ છું,' ત્યારે તે કોઈ પણ પ્રકારનો શોક કરતો નથી, હમેશને માટે દુઃખ અને શોકથી રહિત થઈ જાય છે. ૬

**ભાષ્ય :** પોતપોતાના વિષયને ગ્રહણ કરવારૂપ પ્રયોજનને લીધે પોતાના કારણરૂપ આકાશાદિ ભૂતોથી પૃથક્ પૃથક્ ઉત્પન્ન થનારી શ્રોત્રાદિ ઇંદ્રિયોનું જે અત્યંત વિશુદ્ધસ્વરૂપ કેવળ ચિન્માત્ર આત્મસ્વરૂપથી પૃથક્ત્વ અર્થાત્ સ્વાભાવિક ભિન્નતા છે તેને તેમ જ જાગ્રત અને સ્વપ્નની અપેક્ષાએ તે ઇંદ્રિયોના ઉદયાસ્તમય-ઉત્પત્તિ અને પ્રલયને જાણીને એટલે કે વિવેકપૂર્વક એમ સમજીને કે આ ઇંદ્રિયોની જ અવસ્થાઓ છે, આત્માની નથી; આમ જાણ્યા પછી ધીર અર્થાત્ જ્ઞાની પુરુષ શોક કરતો નથી; કારણ કે હમેશાં એક સ્વભાવમાં રહેનારા આત્માનો ક્યારેય વ્યભિચાર ન થવાને લીધે શોકનું કાંઈ જ કારણ રહેતું નથી; જેમ કે 'આત્મજ્ઞાની શોકને તરી જાય છે' એવી એક શ્રુતિ પણ છે. ૬

જે આત્માથી ઇંદ્રિયોનું પૃથક્ત્વ દેખાડવામાં આવ્યું છે, તે આત્મા ક્યાંય બહાર છે એમ સમજવું ન જોઈએ, કારણ કે તે સર્વનો અંતરાત્મા છે. તે કઈ રીતે છે, તે વિષે કહે છે :

**इन्द्रियेभ्यः परं मनो मनसः सत्त्वमुत्तमम् ।**
**सत्त्वादधि महानात्मा महतोऽव्यक्तमुत्तमम् ॥७॥**

इन्द्रियेभ्यः=ઇંદ્રિયો કરતાં (તો), मनः=મન, परम्=શ્રેષ્ઠ છે, मनसः=

મનથી, सत्त्वम्=બુદ્ધિ, उत्तमम्=ઉત્તમ છે, सत्त्वात्=બુદ્ધિથી, महान् आत्मा=તેનો સ્વામી જીવાત્મા, अधि=ઊંચો છે (અને), महतः=જીવાત્માથી, अव्यक्तम्=અવ્યક્તશક્તિ, उत्तमम्=ઉત્તમ છે. ૭

ઇંદ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ ઉત્તમ છે, બુદ્ધિથી તેનો સ્વામી જીવાત્મા ઊંચો છે; કારણ કે તે બધાં પર તેનો અધિકાર છે આથી તેમનાથી તે સર્વથા ભિન્ન છે. આ જીવાત્મા કરતાં એનું અવ્યક્ત શરીર પ્રબળ છે અર્થાત્ મહત્તત્ત્વ એવા જીવાત્મા કરતાં અવ્યક્ત શક્તિ ઉત્તમ છે. ૭

**ભાષ્ય :** ઇંદ્રિયો કરતાં મન પર છે (ને મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે) વગેરે. ઇંદ્રિયો સજાતીય હોવાથી ઇંદ્રિયોના ગ્રહણથી જ વિષયોનું પણ ગ્રહણ થઈ જાય છે. બીજું બધું (કઠ. ૧. ૩. ૧૦ ની પેઠે) અગાઉ કહેવાઈ ગયા પ્રમાણે સમજવું. 'સત્ત્વ' શબ્દથી અહીં બુદ્ધિનો નિર્દેશ કરાયો છે. ૭

**अव्यक्तात्तु परः पुरुषो व्यापकोऽलिङ्ग एव च।**
**यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ॥८॥**

तु=પરંતુ, अव्यक्तात्=અવ્યક્તથી (પણ તે) व्यापकः=વ્યાપક, च=અને, अलिङ्गः एव=સર્વથા આકારરહિત, पुरुषः=પરમપુરુષ, परः=શ્રેષ્ઠ છે, यम्=જેને, ज्ञात्वा=જાણીને, जन्तुः=જીવાત્મા, मुच्यते=મુક્ત થઈ જાય છે, च=અને, अमृतत्वम्=અમૃતસ્વરૂપ આનંદમય બ્રહ્મને, गच्छति=પામે છે.

પરંતુ એ અવ્યક્ત શક્તિ કરતાંય એનો સ્વામી પરમપુરુષ પરમાત્મા શ્રેષ્ઠ છે, જે નિરાકાર રૂપથી સર્વત્ર વ્યાપક છે. જેને જાણ્યા પછી મનુષ્ય મુક્ત થઈ જાય છે ને અમૃતસ્વરૂપ આનંદમય બ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૮

**ભાષ્ય :** અવ્યક્તથી પણ પુરુષ શ્રેષ્ઠ છે. તે આકાશાદિ સંપૂર્ણ

વ્યાપક પદાર્થોનું પણ કારણ હોવાને લીધે વ્યાપક છે ને અલિંગ છે—જેનાથી કોઈ વસ્તુનું જ્ઞાન થાય છે તે બુદ્ધિ વગેરે લિંગ કહેવાય છે. પરંતુ પુરુષમાં જીવાત્મામાં એમનો અભાવ છે તેથી આ અલિંગ અર્થાત્ સર્વ સંસારધર્મોથી રહિત જ છે. જેને આચાર્ય અને શાસ્ત્ર દ્વારા જાણીને પુરુષ જીવિત અવસ્થામાં જ અવિદ્યા વગેરે હૃદય ગ્રંથિઓથી મુક્ત થઈ જાય છે, તેમ જ શરીરનું પતન થતાં પણ અમરત્વને પ્રાપ્ત થાય છે. પુરુષ અલિંગ છે ને અવ્યક્તથી પણ પર છે—આ પ્રમાણે એનો પૂર્વવાક્ય સાથે સંબંધ છે ૮

તો પછી જેનું કોઈ લિંગ ( જ્ઞાપક ચિહ્ન ) નથી તે( આત્મા )નું દર્શન થવાનું કઈ રીતે સંભવિત છે, એ વિષે કહે છે :

**न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।**
**हृदा मनीषा मनसाभिक्लृप्तो य एतद्विदुरमृतास्ते भवन्ति ॥**

अस्य=આ પરમેશ્વરનું, रूपम्=વાસ્તવિક સ્વરૂપ, संदृशे=પોતાની આગળ પ્રત્યક્ષ વિષયના રૂપમાં, न तिष्ठति=ટકતું નથી. एनम्=એને, कश्चन=કોઈ પણ, चक्षुषा=ચર્મચક્ષુઓ વડે, न पश्यति=જોવા પામતું નથી,मनसा=મનથી, अभिक्लृप्तः=વારંવાર ચિંતન કરીને ધ્યાનમાં આણેલો ( તે પરમાત્મા ) हृदा=નિર્મળ અને નિશ્ચલ હૃદયથી, मनीषा=( અને ) વિશુદ્ધ બુદ્ધિ વડે, ( दृश्यते )=જોવામાં આવે છે, ये एतत् विदुः=જેઓ એને જાણે છે, ते अमृताः भवन्ति=તેઓ અમૃત( આનંદસ્વરૂપ ) થઈ જાય છે. ૯

**આ આત્માનું રૂપ દૃષ્ટિમાં ટકતું નથી; આંખોથી કોઈ પણ એને જોઈ શકતું નથી. આ આત્મા તો મનનું નિયમન કરનારી હૃદયમાં રહેલી બુદ્ધિ વડે મનનરૂપ સમ્યગ્દર્શનથી પ્રકાશિત ( થયેલો જ જાણી શકાય ) છે. જેઓ એને ( બ્રહ્મરૂપે ) જાણે છે તેઓ અમર થઈ જાય છે. ૯**

**ભાષ્ય** : આ પ્રત્યગાત્માનું રૂપ દૃષ્ટિના વિષયમાં સ્થિર થતું નથી,

તેથી કોઈ પણ પુરુષ આ પ્રકૃત આત્માને ચક્ષુથી–સર્વ ઇંદ્રિયોમાંની કોઈ પણ ઇંદ્રિયથી–જોઈ શકતો નથી અર્થાત્ મેળવી શકતો નથી. અહીં ચક્ષુના ગ્રહણથી સર્વ ઇન્દ્રિયો ગ્રહણ કરવામાં આવી છે અર્થાત્ ચક્ષુનું ગ્રહણ સર્વ ઇન્દ્રિયના ઉપલક્ષણ માટે છે.

હકીકત આમ છે તો પછી તે આત્માને કઈ રીતે જોઈ શકાય? આવી શંકા થતાં કહે છે કે, હૃદયમાં રહેલી બુદ્ધિથી કે જે સંકલ્પાદિ રૂપ મનની નિયન્ત્રી થઈને તેમ જ ઈશન કરવાને લીધે અર્થાત્ મનનું શાસન કરતી હોવાથી 'મનીટ્' છે. તે વિકલ્પશૂન્યા બુદ્ધિથી મન વડે એટલે કે મનરૂપ યથાર્થ દર્શન દ્વારા સર્વ રીતે સમર્થિત થયેલો અર્થાત્ પ્રકાશિત થયેલો તે આત્માને જાણી શકાય છે. અહીં 'આત્માને જાણી શકાય છે' આ વાક્ય શેષ છે. તે આત્માને જે માણસો 'આ બ્રહ્મ છે' આમ જાણે છે તેઓ અમર થઈ જાય છે. ૯

તે હૃદયસ્થિત અર્થાત્ હૃદયમાં રહેલી બુદ્ધિ (સંકલ્પશૂન્ય બુદ્ધિ) કઈ રીતે પ્રાપ્ત થાય છે, તે બતાવવા માટે યોગસાધનનો ઉપદેશ કરવામાં આવે છે:

## પરમ પદની પ્રાપ્તિ

**यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।**
**बुद्धिश्च न विचेष्टति तामाहुः परमां गतिम् ॥१०॥**

यदा=જ્યારે, मनसा सह=મનની સાથે, पञ्च ज्ञानानि=પાંચ જ્ઞાનેંદ્રિયો, अवतिष्ठन्ते=સારી રીતે સ્થિર થઈ જાય છે, बुद्धिः च=તે બુદ્ધિ પણ, न विचेष्टति=કોઈ પ્રકારની ચેષ્ટા કરતી નથી, ताम्–તે સ્થિતિને, परमाम् गतिम् आहुः=(યોગીઓ) પરમ ગતિ કહે છે. ૧૦

**યોગાભ્યાસ કરતાં કરતાં મન સહિત પાંચે જ્ઞાનેંદ્રિયો સારી પેઠે સ્થિર થઈ જાય છે ને બુદ્ધિ પણ પરમાત્મજ્ઞાન થવાથી તેનાથી અન્ય કોઈ પણ ચેષ્ટા થતી**

નથી; એવી તે સ્થિતિને યોગીઓ પરમગતિ–યોગની સર્વોત્તમ સ્થિતિ હોવાનું કહે છે. ૧૦

**ભાષ્ય :** જે સમયે પોતપોતાના વિષયોથી નિવૃત્ત થયેલી પાંચ જ્ઞાનેંદ્રિયો જ્ઞાનાર્થક હોવાને લીધે શ્રોત્રાદિ ઇન્દ્રિયોને 'જ્ઞાન' કહેવામાં આવે છે. મન સહિત તેઓ (ઇન્દ્રિયો) જેનું અનુવર્તન કરતી હોય છે, તે સંકલ્પાદિ વ્યાપારથી નિવૃત્ત થયેલા અંતઃકરણ સહિત (આત્મામાં) સ્થિર થઈ જાય છે અને નિશ્ચયાત્મિકા બુદ્ધિ પણ પોતાના વ્યાપારોમાં ચેષ્ટાશીલ થતી નથી–ચેષ્ટા કરતી નથી–વ્યાપાર કરતી નથી તે અવસ્થાને જ પરમગતિ કહે છે. ૧૦

**तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ।**
**अप्रमत्तस्तदा भवति योगो हि प्रभवाप्ययौ ॥ ११ ॥**

ताम्=તે, स्थिराम् इन्द्रियधारणाम्=ઇન્દ્રિયોની સ્થિર ધારણાને જ योगम् इति=યોગ, मन्यन्ते–માને છે, हि=કારણ કે, तदा=તે સમયે, अप्रमत्तः=(સાધક) પ્રમાદરહિત, भवति=થઈ જાય છે; योगः–યોગ, प्रभवाप्ययौ=ઉદય અને અસ્ત થનારો છે. ૧૧

ઇંદ્રિય, મન અને બુદ્ધિની સ્થિર ધારણાનું નામ યોગ છે–એમ અનુભવી યોગીઓ માને છે; કારણ કે તે સમયે સાધક વિષયદર્શનરૂપ સર્વ પ્રકારના પ્રમાદથી સર્વથા રહિત થઈ જાય છે; પરંતુ આ યોગ ઉદય ને અસ્ત પામનારો છે; એટલા માટે પરમાત્માને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા સાધકે નિરંતર યોગયુક્ત રહેવાનો દૃઢ અભ્યાસ કરવો જોઈએ.

**ભાષ્ય :** તે એવી અવસ્થાને જ–જે વાસ્તવમાં વિયોગ જ છે–યોગ માનવામાં આવે છે; કારણ કે યોગીની આ અવસ્થા સર્વ પ્રકારના અનર્થોના સંયોગનો વિયોગ કરનારી છે; અર્થાત્ સઘળા અનર્થોને મટાડનારી છે. આ અવસ્થામાં જ આત્મા પોતાના અવિદ્યાદિ આરોપથી રહિત સ્વરૂપમાં સ્થિર રહે છે. તે અવસ્થાને જ સ્થિર ઇન્દ્રિયધારણા

કહેવામાં આવે છે. સ્થિર એટલે અચલ ઇન્દ્રિયધારણ અર્થાત બાહ્ય અને આંતરિક કારણોને ધારણ કરવું તે ઇન્દ્રિયધારણા કહેવાય છે.

ત્યારે તે સમયે સાધક પુરુષ અપ્રમત્ત–પ્રમાદરહિત થઈ જાય છે. અર્થાત્ ચિત્તનું સમાધાન થવા પ્રત્યે સર્વદા યત્નશીલ રહે છે; અર્થાત જે સમયે તે યોગમાં પ્રવૃત્ત થાય છે (તે સમયે એવી સ્થિતિ થાય છે) એમ આ વાક્યના સામર્થ્યથી જાણવામાં આવે છે; કારણકે બુદ્ધિ વગેરેની ચેષ્ટાનો અભાવ થઈ જતાં પ્રમાદ થવાનું સંભવતું નથી. તેથી બુદ્ધિ વગેરેની ચેષ્ટાનો અભાવ થતાં પહેલાં જ અપ્રમાદનું વિધાન કરવામાં આવે છે અથવા જ્યારે પણ ઇન્દ્રિયોની ધારણા સ્થિર થાય છે તે જ સમયે નિરકુંશ અપ્રમત્તપણું થાય છે. આથી જ તે સમયે અપ્રમત્ત થઈ જાય છે એમ કહ્યું છે. આમ શાથી થાય છે? એનું કારણ એ જ છે કે, યોગ જ પ્રભવ અને અપ્યય અર્થાત ઉત્પત્તિ અને લય ધર્મવાળો છે. માટે તાત્પર્ય એ છે કે, અપાય(લય)ની નિવૃત્તિને માટે પ્રમાદનો અભાવ કરવો જોઈએ. ૧૧

જો બ્રહ્મ બુદ્ધિ વગેરેની ચેષ્ટાનો વિષય હોત તો 'આ તે (બ્રહ્મ) છે' આ પ્રમાણે વિશેષરૂપથી ગ્રહણ કરી શકાત; પરંતુ બુદ્ધિ વગેરે નિવૃત્ત થઈ જતાં તો તેને ગ્રહણ કરવાના કારણનો અભાવ થઈ જવાથી ઉપલબ્ધ ન થનારું બ્રહ્મ વસ્તુતઃ છે જ નહીં. લોકમાં જે વસ્તુ ઇન્દ્રિયગોચર થાય છે તે જ 'છે' આ પ્રમાણે પ્રસિદ્ધ થાય છે ને આથી વિપરીત (ઇન્દ્રિગોચર ન થનારી) વસ્તુ 'અસત' કહેવાય છે. આથી યોગ નિરર્થક છે–વ્યર્થ છે. અથવા ઉપલબ્ધ થનારું ન હોવાથી બ્રહ્મ 'નથી' એમ જાણવું જોઈએ–આમ પ્રાપ્ત થતાં એવું કહેવાય છે–ઠીક છે. ૧૧

## આત્માની ઉપલબ્ધિનું સાધન સદ્‌બુદ્ધિ જ છે

नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा
अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ॥ १२ ॥

न वाचा=(તે પરબ્રહ્મ પરમેશ્વર) ન તો વાણીથી, न मनसा= ન મનથી (તેમ જ), न चक्षुषा एव=ન નેત્રોથી જ, प्राप्तुम् शक्यः= પ્રાપ્ત કરી શકાય છે (તો પછી) 'तत् अस्ति=તે છે અવશ્ય,' इति ब्रुवतः अन्यत्र=આ પ્રમાણે કહેનારાથી અતિરિક્ત બીજાને, कथम् उपलभ्यते=કઈ રીતે મળી શકે છે. ૧૨

**તે આત્મા (પરમેશ્વર–પરબ્રહ્મ) વાણીથી, મનથી તેમ જ નેત્રથી પ્રાપ્ત કરી શકાતા નથી. તે 'છે' એમ કહેનારાઓ સિવાયના (ભિન્નપુરુષો)ને કઈ રીતે તે ઉપલબ્ધ થઈ શકે!**

**ભાષ્ય :** તાત્પર્ય એ છે કે, તે બ્રહ્મ વાણીથી, મનથી, નેત્રથી કે બીજી કોઈ ઇંદ્રિયોથી પણ પ્રાપ્ત કરી શકાતું નથી; તોપણ સર્વ પ્રકારની વિશિષ્ટતાથી રહિત હોવા છતાંય 'તે જગતનું મૂળ છે' આ પ્રમાણે જાણીતું હોવાથી તે છે જ; કારણ કે કાર્યનો વિલય કોઈ અસ્તિત્વના આશ્રયથી જ થઈ શકે છે. આવી જ રીતે સૂક્ષ્મતાની તારતમ્ય પરંપરાથી અનુગત થનારો–જણાતો આ સંપૂર્ણ કાર્યવર્ગ પણ સદ્બુદ્ધિનિષ્ઠાને જ સૂચિત કરે છે. જે સમયે વિષયનો વિલય કરવામાં આવતાં બુદ્ધિનો વિલય કરવામાં આવે છે, તે સમયે પણ તે સદ્વૃત્તિ ધરાવનારાં થઈને જ લીન થાય છે. વળી સત્ અને અસત્‌નું યથાર્થ સ્વરૂપ જાણવામાં તો અમારે માટે બુદ્ધિ જ પ્રમાણ છે. જગતનું જો કોઈ મૂળ ન હોત તો આ સંપૂર્ણ કાર્યવર્ગ અસત્‌મય જ હોવાને લીધે 'અસત્ છે' આ પ્રમાણે ગ્રહણ કરવામાં આવત. પરંતુ વાત એમ નથી; આ જગત તો 'છે–છે' પ્રમાણે જ ગ્રહણ કરાય છે. જેમકે મૃત્તિકા વગેરેનાં કાર્ય ઘટ વગેરે (પોતાનાં કારણ) મૃત્તિકા વગેરેની સાથે જ ગ્રહણ કરી શકાય છે. એટલા માટે જગતનું મૂળ આત્મા 'છે' આ પ્રમાણે જ ઉપલબ્ધ કરાવો જોઈએ. શાથી? કારણ કે આત્મા 'છે' આ પ્રમાણે કહેનારા શાસ્ત્રના અર્થને અનુસરનારા શ્રદ્ધાળુ આસ્તિક પુરુષોથી ભિન્ન નાસ્તિકવાદીઓને, જેઓ એમ માને છે કે, 'જગતનું' મૂળ

આત્મા નથી, જેનો અભાવ જ અંતિમ પરિણામ છે એવો આ કાર્યવર્ગ કારણથી અનન્વિત અર્થાત્ સંબંધમાં આવ્યા વિના જ લીન થઈ જાય છે–એવા તે વિપરીત દૃષ્ટિ ધરાવનારાઓને તે બ્રહ્મ તત્ત્વતઃ–ખરી રીતે ઉપલબ્ધ કઈ રીતે થઈ શકે! અર્થાત્ તેવા નાસ્તિકોને બ્રહ્મ કોઈ પણ રીતે ઉપલબ્ધ થઈ શકતું નથી. ૧૨

એટલા માટે 'બ્રહ્મ નથી' એવા અસદ્વાદીઓના આસુરી પક્ષનું નિરાકરણ કરીને–

**अस्तीत्येवोपलब्धव्यस्तत्त्वभावेन चोभयोः ।**
**अस्तीत्येवोपलब्धस्य तत्त्वभावः प्रसीदति ॥१३॥**

अस्ति=( આથી તે પરમાત્માને પહેલાં તો ) 'તે અવશ્ય છે' इति इव=આ પ્રમાણે નિશ્ચયપૂર્વક, उपलब्धव्यः=ગ્રહણ કરવો જોઈએ અર્થાત્ પહેલાં તેના અસ્તિત્વનો દૃઢ નિશ્ચય કરવો જોઈએ, ( तदनु )= ત્યાર પછી, तत्त्वभावेन=તત્ત્વભાવથી પણ, ( उपलब्धव्यः=તેને પ્રાપ્ત કરવો જોઈએ, ) उभयोः=આ બંને પ્રકારોમાંથી, अस्ति इति एव=' તે અવશ્ય છે' આ રીતે નિશ્ચયપૂર્વક उपलब्धस्य=પરમાત્માની સત્તાનો સ્વીકાર કરનારા સાધકને માટે, तत्त्वभावः=પરમાત્માનું તાત્ત્વિક સ્વરૂપ ( આપ, મેળે જ ), प्रसीदति=શુદ્ધ હૃદયમાં પ્રત્યક્ષ થઈ જાય છે. ૧૩

**તે આત્મા 'છે' આ પ્રમાણે જ પ્રથમ તો તેને ગ્રહણ કરવો જોઈએ. તેમ જ તેને તત્ત્વભાવથી પણ જાણવો જોઈએ. આ બંને પ્રકારની ઉપલબ્ધિઓમાંથી જેને 'છે' આ પ્રકારની ઉપલબ્ધિ થઈ ગઈ છે, તેને પરમાત્માનું તાત્ત્વિક સ્વરૂપ પ્રત્યક્ષ થઈ જાય છે. ૧૩**

**भाष्य :** બુદ્ધિ વગેરે જેની ઉપાધિ છે તથા જેનું સત્ત્વ તેના કાર્યવર્ગમાં અનુગત છે તે આત્માને 'છે' આ પ્રકારે જ ઉપલબ્ધ કરવો જોઈએ. જ્યારે આત્મા તે બુદ્ધિ વગેરે ઉપાધિથી રહિત અને નિર્વિકાર હોવાનું જાણવામાં આવે છે તેમ જ કાર્યવર્ગ 'વિકાર' એ

વાણીનો વિલાસ અને નામમાત્ર છે, કેવલ મૃત્તિકા જ સત્ય છે' આ શ્રુતિ પ્રમાણે પોતાના કારણથી ભિન્ન નથી એમ નિશ્ચિત થાય છે ત્યારે જે નિરુપાધિક અલિંગ અને સત્–અસત્ વગેરે પ્રતીતિના વિષયત્વથી રહિત આત્માનો તત્ત્વભાવ થાય છે, તે તત્ત્વસ્વરૂપથી જ આત્માને ઉપલબ્ધ કરવો જોઈએ–આ પ્રમાણે અહીં 'ઉપલબ્ધવ્ય' પદની અનુવૃત્તિ કરવામાં આવે છે.

સોપાધિક અસ્તિત્વ અને નિરુપાધિક તત્ત્વભાવ આ બંનેમાંથી અહીં 'उभयोः' આ પદમાં ષષ્ઠી વિભક્તિ નિર્ધારણ માટે છે–પહેલાં તો 'છે' આ પ્રમાણે ઉપલબ્ધ થયેલા આત્માનો અર્થાત્ સત્કાર્યરૂપ ઉપાધિએ કરેલ; અસ્તિત્વની પ્રતીતિથી ઉપલબ્ધ થયેલા આત્માનો તેમ જ જેની સંપૂર્ણ ઉપાધિ નિવૃત્ત થઈ ચૂકી છે ને જે જ્ઞાત તેમ જ અજ્ઞાતથી ભિન્ન અદ્વિતીય સ્વરૂપ છે, તે 'नेति–नेति'[1] 'अस्थूलमनण्वह्रस्वम्'[2] 'अदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयने'[3] વગેરે શ્રુતિઓથી નિર્દિષ્ટ આત્માનો તત્ત્વભાવ 'प्रसीदति'–અભિમુખ થાય છે–પ્રત્યક્ષ થાય છે અર્થાત્ જેને પહેલાં 'છે' આ પ્રમાણે આત્માની ઉપલબ્ધિ થઈ ગઈ છે તેને પોતાનું સ્વરૂપ પ્રકટ કરવાને માટે (તે તત્ત્વભાવ અભિમુખ થાય છે–પ્રકાશિત થાય છે). ૧૩

## અમર ક્યારે થાય છે?

આ પ્રમાણે પરમાર્થદર્શન કરનારની–

**यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः।**
**अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते॥१४॥**

---

૧ 'આ સ્થૂલ નથી, આ (સૂક્ષ્મ) નથી.'

૨ 'અસ્થૂલ, અસૂક્ષ્મ, અહ્રસ્વ.'

૩ અદૃશ્ય(ઇંદ્રિયોના અવિષય)માં, અનાત્મ્ય (અહંતા–મમતા-હીન)માં, અનિર્વચનીયમાં, અનિલયન(આધાર–રહિત)માં.'

अस्य=આ(સાધકના), हृदि श्रिताः=હૃદયમાં રહેલી, ये कामाः=જે કામનાઓ ( છે ), सर्वे यदा=( તે ) બધી જ જ્યારે, प्रमुच्यन्ते=સમૂલ નષ્ટ થઈ જાય છે, अथ=ત્યારે, मर्त्यः=મરણધર્મા મનુષ્ય, अमृतः=અમર, भवति=થઈ જાય છે ( અને ), अत्र=( તે ) અહીં જ ब्रह्म समश्नुते=બ્રહ્મનો સારી પેઠે અનુભવ કરી લે છે. ૧૪

**આ સાધકના હૃદયમાં આશ્રય કરીને રહેલી સર્વ કામનાઓ જ્યારે સમૂળગી છૂટી જાય છે ત્યારે તે મર્ત્ય અર્થાત્ મરણધર્મા મનુષ્ય અમર થઈ જાય છે અને આ શરીરથી જ બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ જાય છે. ૧૪**

**ભાષ્ય :** જ્યારે સર્વ કામનાઓ કામનાયોગ્ય અન્ય પદાર્થના અભાવ થવાથી છૂટી જાય છે—છિન્નભિન્ન થઈ જાય છે કે, જે બોધ થવા પૂર્વે આ વિદ્વાનનાં હૃદય—બુદ્ધિમાં આશ્રિત થઈને રહે છે—કારણ કે બુદ્ધિ જ કામનાઓનો આશ્રય છે, આત્મા કામનાઓનો આશ્રય નથી; જેમ કે 'કામના, સંકલ્પ (અને સંશય—આ સર્વ મન જ છે), વગેરે એક બીજી શ્રુતિથી પણ સિદ્ધ થાય છે.

હવે આત્મસાક્ષાત્કાર થતાં પહેલાંનો મરણધર્મા હતો તે જીવ આત્મજ્ઞાન થયા પછી અવિદ્યા, કામના અને કર્મરૂપ મૃત્યુનો નાશ થઈ જવાથી અમર થઈ જાય છે. પરલોકમાં ગમન કરનારા મૃત્યુનો વિનાશ થઈ જવાથી ત્યાં જવાનો સંભવ ન હોવાને લીધે તે આ લોકમાં જ દીવો ઓલવાઈ ગયાની પેઠે સર્વ બંધનો નષ્ટ થઈ જવાથી બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ બ્રહ્મ જ થઈ જાય છે. ૧૪

પરંતુ કામનાઓનો સમૂળ નાશ ક્યારે થાય છે, તે વિષે કહે છે :

**यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रन्थयः ।**
**अथ मर्त्योऽमृतो भवत्येतावद्ध्यनुशासनम् ॥ १५ ॥**

यदा=જ્યારે ( એના ), हृदयस्य=હૃદયની, सर्वे=બધી, ग्रन्थयः=ગાંઠો,

प्रभिद्यन्ते=સારી પેઠે ખુલી જાય છે, अथ=ત્યારે, मर्त्यः=મરણધર્મા મનુષ્ય, इह=આ જ શરીરમાં, अमृतः=અમર, भवति=થઈ જાય છે. हि एतावत्=બસ, આટલો જ, अनुशासनम्=સનાતન ઉપદેશ છે. ૧૫

જ્યારે સાધકના હૃદયની અહંતા-મમતારૂપ સમસ્ત અજ્ઞાન ગ્રંથિઓ સારી પેઠે કપાઈ જાય છે, તેના સર્વ પ્રકારના સંશયો સર્વથા નષ્ટ થઈ જાય છે ને ઉપર કહેલા ઉપદેશ પ્રમાણે તેને એવો દૃઢ નિશ્ચય થઈ જાય છે કે, 'પરબ્રહ્મ પરમેશ્વર અવશ્ય છે ને તેની પ્રાપ્તિ જરૂર થાય છે જ' ત્યારે તે આ શરીરમાં રહે છે તેવામાં જ અર્થાત્ આ જીવનમાં જ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને અમર થઈ જાય છે. બસ આટલો જ વેદાંતનો સનાતન ઉપદેશ છે. ૧૫

भाष्य : જ્યારે અહીંયાં જીવિત હોય તેવામાં જ એના હૃદયની-બુદ્ધિની સંપૂર્ણ ગ્રંથિઓ અર્થાત્ દૃઢ બંધનરૂપ અવિદ્યાજનિત પ્રતીતિઓ છિન્નભિન્ન થાય છે-ભેદને પ્રાપ્ત થાય છે અર્થાત્ નષ્ટ થઈ જાય છે. 'હું આ શરીર છું, આ મારું ધન છે, હું સુખી છું, હું દુઃખી છું' વગેરે પ્રકારના અનુભવો અવિદ્યાપ્રત્યય છે અર્થાત્ અવિદ્યાના પ્રતીતિકર છે; તેથી વિપરીત બ્રહ્માત્મભાવના અનુભવની ઉત્પત્તિ 'હું અસંસારી બ્રહ્મ જ છું' એવા બોધ દ્વારા અવિદ્યારૂપ ગ્રંથિઓ નષ્ટ થઈ જતાં તેના નિમિત્તથી થયેલી કામનાઓ સમૂળી નષ્ટ થઈ જાય છે ત્યારે તે મર્ત્ય (મરણધર્મા જીવ) અમર થઈ જાય છે. બસ, આટલું સર્વ વેદાંતોનું અનુશાસન-આદેશ છે, આથી વિશેષ બીજું પણ કાંઈ છે એવી આશંકા કરવી જોઈએ નહીં. અહીં 'सर्ववेदान्तानाम्' આ વાક્યશેષ છે. ૧૫

જેનામાં સર્વ વિશેષણોનો અભાવ છે, તે સર્વવ્યાપક બ્રહ્મને જ પોતાના આત્મસ્વરૂપથી જાણી લેવાથી જેની અવિદ્યા વગેરે સર્વ

ગ્રંથિઓ તૂટી ગઈ છે ને જે જીવિતાવસ્થામાં જ બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ ગયો છે તે વિદ્વાનનું ક્યાંય ગમન થતું નથી—આમ અગાઉ કહેવાઈ ગયું છે; કારણ કે (ચૌદમા મંત્રમાં) 'આ શરીરમાં જ બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ જાય છે'—એમ કહ્યું છે. 'તેના પ્રાણ ઉત્ક્રમણ કરતા નથી, તે બ્રહ્મરૂપ થયેલો જ બ્રહ્મમાં લીન થઈ જાય છે.' આ એક બીજી શ્રુતિથી પણ આ જ નિશ્ચય થાય છે.

પરંતુ જે મંદ બ્રહ્મજ્ઞાની અને અન્ય વિદ્યા(ઉપાસના)નું પરિશીલન કરનારા બ્રહ્મલોકની પ્રાપ્તિના અધિકારી છે અથવા જેઓ તેનાથી વિપરીત (જન્મ—મરણરૂપ) સંસારને જ પ્રાપ્ત થનારા છે તેમની જ કોઈ વિશેષ ગતિનું વર્ણન અહીં પ્રકરણપ્રાપ્ત બ્રહ્મવિદ્યાના ઉત્કૃષ્ટ ફલની સ્તુતિને માટે કરવામાં આવે છે.

વળી આ સિવાય નચિકેતાએ પૂછવાથી યમરાજે પહેલાં અગ્નિવિદ્યાનું પણ વર્ણન કર્યું હતું, તે અગ્નિવિદ્યાના ફળની પ્રાપ્તિનો પ્રકાર પણ બતાવવાનો છે. આ જ અભિપ્રાયથી આ મંત્રનો પ્રારંભ કરવામાં આવે છે. ત્યાં (કહેવાનું એ છે કે—)

**शतं चैका च हृदयस्य नाड्यस्तासां मूर्धानमभिनिःसृतैका ।**
**तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वङ्ङन्या उत्क्रमणे भवन्ति ॥ १६**

हृदयस्य=હૃદયની, शतम् च एका च=(બધી મળીને) એકસો ને એક, नाड्यः=નાડીઓ છે, तासां=તેમનામાંની, एका=એક, मूर्धानम्=મૂર્ધા (કપાલ) ભણી, अभिनिःसृता=નીકળેલી છે (એને જ સુષુમ્ણા કહે છે), तया=તેનાથી, ऊर्ध्वम्=ઉપરના લોકમાં, आयन्=જઈને (માણસ), अमृतत्वम्=અમૃતભાવને, एति=પ્રાપ્ત થઈ જાય છે, अन्याः=(બાકીની) બીજી એકસો નાડીઓ, उत्क्रमणे=મરણકાળમાં (જીવને), विष्वङ्=નાના પ્રકારની યોનિઓમાં લઈ જવાના હેતુરૂપ, भवन्ति=હોય છે. ૧૬

**આ હૃદયની બધી મળીને એકસો ને એક નાડીઓ**

**છે. તેમનામાંની એક કપાલ ભણી નીકળેલી છે (એને જ સુષુમ્ણા કહે છે). તેના વડે ઊર્ધ્વ–ઉપરના લોકમાં ગમન કરનારો પુરુષ અમરત્વને પ્રાપ્ત થાય છે. બાકીની બીજી એકસો નાડીઓ મરણકાળમાં જીવને નાના પ્રકારની યોનિ-ઓમાં લઈ જવાના હેતુરૂપ હોય છે. ૧૬**

**ભાષ્ય :** પુરુષના હૃદયમાંથી સો બીજી નાડીઓ ને એક સુષુમ્ણા નામની નાડી મળીને–આ પ્રમાણે (એકસો ને એક) નાડીઓ–શિરાઓ નીકળી છે. તેમાંની સુષુમ્ણા નામક નાડી પોતાના હૃદયપ્રદેશમાં વશમાં કરીને જોડવી.

તે નાડી વડે ઊર્ધ્વ–ઉપરની બાજુએ જનારો જીવ સૂર્યમાર્ગથી અમૃતત્વ–આપેક્ષિક અમરણધર્મત્વને પ્રાપ્ત થઈ જાય છે; કેમ કે 'સર્વ ભૂતોને ક્ષય પર્યંત રહેવાનું સ્થાન અમૃતત્વ કહેવાય છે,' આ સ્મૃતિ-વચનથી પ્રમાણિત થાય છે. અથવા (આવું પણ તાત્પર્ય હોઈ શકે છે કે) કાલાંતરમાં બ્રહ્માની સાથે બ્રહ્મલોકના અનુપમ ભોગો ભોગવીને મુખ્ય ભોગ એવા અમૃતત્વને પ્રાપ્ત કરે છે. તદુપરાંત જેની ગતિ વિવિધ પ્રકારની છે એવી બીજી બધી નાડીઓ પ્રાણપ્રયાણના હેતુ-રૂપ હોય છે, અર્થાત્ તે સંસારપ્રાપ્તિને માટે જ હોય છે. ૧૬

હવે સર્વ વલ્લીઓના અર્થનો ઉપસંહાર કરવા માટે કહે છે:

## ઉપસંહાર

**अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये सन्निविष्टः ।**
**तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषीकां धैर्येण ।**
**तं विद्याच्छुक्रममृतं तं विद्याच्छुक्रममृतमिति ।। १७ ।।**

अन्तरात्मा=સર્વનો અંતર્યામી, अङ्गुष्ठमात्रः=અંગુષ્ઠમાત્ર પરિમાણ-

વાળો, पुरुषः=પરમપુરુષ, सदा=હમેશાં, जनानाम्=મનુષ્યોના, हृदये=હૃદયમાં, सन्निविष्टः=સારી પેઠે પ્રવિષ્ટ છે, तम्=તેને, मुञ्जात्=મુંજથી, इषीकाम् इव=શલાકા( સળી )ની પેઠે, स्वात् शरीरात्=પોતાના શરીરથી, धैर्येण=ધીરતાપૂર્વક, प्रवृहेत्=જુદો કરીને જોવો, तम्=તેને જ, शुक्रम् अमृतम् विद्यात्=વિશુદ્ધ અમૃતસ્વરૂપ જાણવો, तम् शुक्रम् अमृतम् विद्यात्=તેને જ વિશુદ્ધ અમૃતસ્વરૂપ જાણવો. ૧૭

**સર્વનો અંતર્યામી પરમપુરુષ પરમેશ્વર હૃદયને અનુરૂપ અંગૂઠા જેવડા રૂપવાળો થઈને હમેશાં બધાં માણસોની અંદર નિવાસ કરે છે, તેને આ શરીરથી ને પોતાની જાતથી પણ, જેવી રીતે મુંજમાં રહેલી સળી—શલાકા મુંજથી ભિન્ન અર્થાત્ પૃથક્ છે તેમ, તેને પણ ભિન્ન અને પૃથક્ સમજવો. મુંજમાંથી જેવી રીતે સળી બહાર કાઢી લેવામાં આવે છે તેમ તેને ધૈર્યપૂર્વક પોતાના શરીરથી બહાર કાઢીને—જુદો કરીને જોવો, અર્થાત્ શરીરથી પૃથક્ કરીને તેનો અનુભવ કરવો. તેને શુક્ર ( શુદ્ધ )ને અમૃતરૂપ જાણવો, તેને શુક્ર અને અમૃતરૂપ જાણવો. ૧૭**

**भाष्य :** અંગુષ્ઠમાત્ર પુરુષ જેની વ્યાખ્યા અગાઉ ( ક. ઉ. ૨–૧–૧૨, ૧૩ માં ) કરવામાં આવી છે ને જે જીવોના હૃદયમાં રહેલા તેમનો અંતરાત્મા છે તેને પોતાના શરીરથી પૃથક્ કરવો. કઈ રીતે પૃથક્ કરવો—બહાર કાઢવો ? એ વિષે કહે છે કે ધૈર્ય અર્થાત્ અપ્રમાદપૂર્વક એવી રીતે અલગ કરવો જેવી રીતે મુંજથી તેની અંદર રહેલી સળીને અલગ કરવામાં આવે છે. શરીરથી પૃથક્ કરાયેલા તે( અંગુષ્ઠમાત્ર પુરુષ )ને જ પૂર્વોક્ત ચિન્માત્ર વિશુદ્ધ ને અમૃતમય બ્રહ્મ જાણવો. અહીં ' तं विद्याच्छुक्रममृतम् ' આ પરની દ્વિરુક્તિને ' ઇતિ ' શબ્દ ઉપનિષદની સમાપ્તિ માટે છે. ૧૭

હવે વિદ્યાની સ્તુતિ માટે આ આખ્યાયિકાના અર્થનો ઉપસંહાર કરવામાં આવે છે:

**मृत्युप्रोक्तां नाचिकेतोऽथ लब्ध्वा विद्यामेतां योगविधिं च कृत्स्नम्।**
**ब्रह्मप्राप्तो विरजोऽभूद्विमृत्युरन्योऽप्येवं यो विदध्यात्ममेव ॥१८॥**

अथ આ પ્રમાણે ઉપદેશ સાંભળ્યા પછી, नचिकेतः=નચિકેતા, मृत्युप्रोक्ताम्=યમરાજ વડે બતાવવામાં આવેલી, एताम्=આ, विद्याम्=વિદ્યાને, च=અને, कृत्स्नम्=સંપૂર્ણ, योगविधिम्=યોગની વિધિને, लब्ध्वा=પ્રાપ્ત કરીને, विमृत्युः=મૃત્યુથી રહિત (અને), विरजः (सन्)=વિશુદ્ધ–સર્વ પ્રકારના વિકારોથી શૂન્ય થઈને, ब्रह्मप्राप्तः अभूत्=બ્રહ્મને પ્રાપ્ત થઈ ગયો, अन्यः अपि यः=બીજું પણ જે કોઈ (इदम्) अध्यात्मम् एवं वित्=આ અધ્યાત્મવિદ્યાને આ જ પ્રમાણે જાણનારો હોય છે, (सः अपि एव) एवम् (भवति)=તે પણ તેવો જ થઈ જાય છે. અર્થાત્ મૃત્યુ અને વિકારોથી રહિત થઈને બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે. ૧૮

**મૃત્યુએ કહેલી આ વિદ્યા અને સંપૂર્ણ યોગવિધિને પામીને નચિકેતા બ્રહ્મભાવને પ્રાપ્ત થઈને, સર્વ વિકારો અર્થાત્ ધર્માધર્મથી શૂન્ય થઈને મૃત્યુરહિત થઈ ગયો. બીજું પણ જે કોઈ અધ્યાત્મતત્ત્વને આ પ્રમાણે જાણશે તે પણ તેવો જ થઈ જશે. ૧૮**

**ભાષ્ય :** મૃત્યુએ કહેલી આ પૂર્વોક્ત બ્રહ્મવિદ્યા અને કૃત્સ્ન–સંપૂર્ણ યોગવિદ્યાને તેનાં સાધન અને ફળ સહિત વરપ્રદાનને લીધે મૃત્યુ પાસેથી પ્રાપ્ત કરીને નચિકેતા, શું થઈ ગયો? (એ પર કહે છે) બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ ગયોઃ અર્થાત્ મુક્ત થઈ ગયો. કઈ રીતે? (તે વિષે કહે છે:) વિદ્યાની પ્રાપ્તિથી પ્રથમ વિરજ–ધર્માધર્મથી રહિત અને વિમૃત્યુ–કાળ અને અવિદ્યાથી રહિત થઈને (મુક્ત થઈ ગયો) એમ કહેવાનું તાત્પર્ય છે.

કેવળ નચિકેતા જ નહીં, બલ્કે નચિકેતાની જેમ બીજું જે કોઈ પણ આત્મજ્ઞાની હોય અર્થાત્ જે પોતાના દેહાદિના અધિષ્ઠાતા ઉપચારશૂન્ય પ્રત્યક્ સ્વરૂપને–આ જ તત્ત્વ છે, બીજું અપ્રત્યક્રૂપ નથી–એમ જાણતો હોય, જે ઉક્ત પ્રકારથી પોતાના તે જ અધ્યાત્મરૂપને જાણે છે અર્થાત્ જે તે જ પ્રમાણે જાણનારો હોય છે તે પણ વિરજ (ધર્માધર્મથી રહિત) થઈને બ્રહ્મપ્રાપ્તિ વડે મૃત્યુથી રહિત થઈ જાય છે–આ વાક્ય શેષ છે. ૧૮

હવે શિષ્ય અને આચાર્યના પ્રમાદકૃત અન્યાયથી વિદ્યાનું ગ્રહણ અને પ્રતિપાદનમાં થનારા દોષોની નિવૃત્તિને માટે આ શાંતિપાઠ કહેવામાં આવે છે:

## શાંતિપાઠ

**ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥ १९ ॥**

ॐ शान्तिः ! शान्तिः ! ! शान्तिः ! ! !

**પરમાત્મા અમારી (આચાર્ય અને શિષ્ય) બન્નેની સાથે સાથે રક્ષા કરે. અમારું સાથે સાથે પાલન કરે. અમે સાથે સાથે વિદ્યા સંબંધી સામર્થ્ય પ્રાપ્ત કરીએ. અમે કરેલું અધ્યયન તેજસ્વી થાઓ, અમે દ્વેષ ન કરીએ. ૧૯**

ત્રિવિધ તાપની શાંતિ થાઓ !

**ભાષ્ય :** વિદ્યાના સ્વરૂપનું પ્રકાશન કરીને અમો બંનેની સાથે સાથે રક્ષા કરે. (કોણ રક્ષા કરે? એ વિષે કહે છે)–તે ઉપનિષદ્ પ્રકાશિત કરેલો પરમેશ્વર જ (અમારી રક્ષા કરે) તેમ જ તેના ફળને પ્રકાશિત કરીને તે અમો બંનેનું સાથે સાથે જ પાલન કરે. અમે

અમારા વિદ્યાકૃત વીર્ય–સામર્થ્યને સાથે સાથે જ પ્રાપ્ત કરીએ અને અમે તેજસ્વીઓએ કરેલું અધ્યયન સુઅધીત–સારી પેઠે પઠિત થાઓ અથવા તેજસ્વી થાઓ. એટલે કે અમે જે અધ્યયન કરેલું છે તે અત્યંત તેજસ્વી અર્થાત્ વીર્યવાન થાઓ. અમે શિષ્ય ને આચાર્ય પરસ્પર દ્વેષ ન કરીએ, અર્થાત પ્રમાદકૃત અન્યાયથી અધ્યયન અને અધ્યાપનમાં થયેલા દોષોને લીધે અમે પરસ્પર એકબીજા સાથે દ્વેષ ન કરીએ. 'શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ' આ પ્રમાણે 'શાન્તિઃ' શબ્દનું ત્રણ વાર ઉચ્ચારણ (આધ્યાત્મિક વગેરે) સર્વ દોષોની શાન્તિને માટે કરવામાં આવ્યું છે. ઇતિ ॐ ૧૯

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલા
કઠોપનિષદના દ્વિતીય અધ્યાયમાં તૃતીય વલ્લીભાષ્ય સમાપ્ત
કઠોપનિષદનો બીજો અધ્યાય સમાપ્ત

★